

ચબરાક ચેકુસ

ફોટો · રતિ ડી. પિરિટ

કુમાર

વર્ષ તેર અંક સાત · અષાડ ઓગણીસ સો બાણુ **અંક ૧૫૧** તંત્રી · રવિશંકર રાવળ · સંપાદક · બચુભાઇ રાવત

કુમાર
અષાડ ૧૯૯૨
અંક ૧૫૧

ઝાલર

¶ સંસ્કૃત દુનિયાની હૂંફ છોડી એકના એક આદર્શ પાછળ બરફના વેરાનમાં વીસવીસ વરસની અતૂટ સાધના કરનાર માણસની મહત્ત્વાકાંક્ષાને કયા નામે સંબોધવી ? કોઇ-પણ રાષ્ટ્ર પોતાના વતનીની એવી ઝિંદાદિલી પર મગરૂર થઇ શકે. બાયર્ડથી વીસ વરસ પહેલાં રૉબર્ટ પીઅરીએ ઉત્તરધ્રુવ સૌ પહેલો સર કરી અમેરિકાને એ મગરૂરી અપાવી છે. ઉત્તરાવર્તના એ વિજયયાત્રીની કથા પ્રેરક છે. ¶ મોતના મોંમાં જઇને બચી પાછા આવેલા માનવીઓની બે વાર્તાઓ આ અંકમાં છે; પણ એ બેમાં કેટલો ફેર ? ¶ કોઇએ એને 'સાગરનાં આંસુ' કહ્યાં. તમે જો મોતી જોયું હોય તો એ મનોરમ કલ્પના સર્વથા ઉચિત છે એમ તમે જરૂર કહો. જોયું હોય કે ન જોયું હોય, જગતની એ મહામૂલી ચીજ વિષેની તલસ્પર્શી સંચિત માહિતી એ વિષેની તમારી ખાતરી કરાવશે; અને નહિ જાણેલું ઘણું કહેશે ... આજે તો એની ખેતી થઈ શકે છે, ખેતી. ¶ આપણા કાવ્યસાહિત્યમાં સફળ પ્રતિકાવ્યો બહુ જ ઓછાં લખાયાં છે, અને આ અંકમાંનું એક, એવો દાવો સબળપણે કરી શકે એવું છે. નર્મ અને મર્મ બંને એમાં છે. ¶ એ તે એક સુંદર પક્ષીનું વર્ણન છે કે ગુજરાતીઓની સૌંદર્યવૃત્તિને અર્ધ્ય છે? બંને. અને આપણા તળ ગુજરાતી એ પક્ષી તરફની ઉપેક્ષા માટે થોડો ઠપકો પણ છે. 'કુંજ'ને કેટલા થોડા આજ પિછાનતા ને પરમાણતા હશે ? 'વનેચર' એની ઓળખાણ કરાવે છે. ¶ આદર્શ શરીર એટલે શું? માનવદેહની સપ્રમાણ સુંદર પ્રતિમા આપણા પ્રાચીન સાહિત્ય, કલા કે સ્થાપત્યમાં ક્યાં યે મળતી નથી એમ કહીને શ્રી હરિનારાયણ આચાર્ય આ અંકના 'અખાડા' વિભાગમાં એના પ્રતીક બતાવે છે. અને હજી તો વિશેષ કહેવાના છે. ¶ 'કુમાર'ના જૂના દોસ્ત તરીકે ધનગોપાલ મુકરજીને ઓળખનારાઓ એમના આ અંકની માધુકરીમાંની અવસાન નોંધ વાંચી ખેદ પામશે, અને મામૂલી માનવીમાંથી પ્રતિભાનો ચિરાગ બનનાર એ જૂના મિત્રના ટૂંક જીવનની પ્રેરણા સંઘરશે. ¶ એ જ વિભાગમાં જાપાનની જુવાનીના ઘડતર અને કચ્છના અબાડી વર્ગ વિષેની માહિતીઓ ઉપયોગી છે.

ચિત્રો	ચણરાક ચેકુસ (ફોટો)	શ્રી રતિ ડી. પિટિટ	પૂઠું
	સંધ્યાના સૂર (ત્રિરંગી)	કુ. વસુમતી ચીનુભાઇ	મુખચિત્ર
	મોળાકત	કનુ દેસાઇ	૩૫૨ સામે
	ગાંધીજી (ફોટો)		૩૫૩ ,,
	ફોટોગ્રાફી હરીફાઇનાં બે ચિત્રો		મુખચિત્રની પાછળ
કાવ્યો	નવકાલસર્જના	તનસુખ ભટ્ટ	૩૩૭
	રામબાણ	ધનો ભગત	૩૪૮
	બેકારી બાણ	રામપ્રસાદ શુકલ	૩૪૯
ચરિત્ર	ઉત્તરાવર્તનો વિજયયાત્રી	અશોક હર્ષ	૩૪૨
વાર્તા	મોતના મોંમાં	કિસનસિંહ ચાવડા	૩૪૬
	અલીબાબાની ગુફા	અશોક હર્ષ	૩૫૮
લેખો	મોતી	રામસિંહ કા. રાઠોડ	૩૫૨
	કુંજ (વનવગડાનાં વાસી)	'વનેચર'	૩૬૧
	અખાડો	હરિનારાયણ આચાર્ય	૩૬૫
	ગુજરાતી લઘુલિપિ	હરિકૃષ્ણ વ્યાસ	૩૬૭
	એ દિવ્ય તપ (જીવનનું પરોઢ)	પ્રભુદાસ છ. ગાંધી	૩૭૭
વિભાગો	મારી નજરે	ર. મ. રા.	૩૩૮
	ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ	બલવન્ત ભટ્ટ	૩૬૦
	શંકરનો કસબ (બાળવિભાગ વાર્તા)		૩૭૩
	હું મુસાફર (,, કાવ્ય)	પ્રીતમલાલ મજમુદાર	,,
	શોષણક્રિયાની થોડીક સમજણ		૩૭૬
	માધુકરી		૩૭૭
	છેલ્લું પાનું		૩૯૨

મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; ૭ માસિક લવાજમ રૂા. ૩; છુટક નકલના ૧૦ આના; મુંબઇના એજન્ટો · આર.આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ; જાહેર ખબરના સોલ એજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ.



'પાનખરનું આગમન' આર.આર.લાલન (મુંબાઇ) પહેલું ઈનામ



'સૌરભનો શોખીન' દેવેન્દ્ર દેસાઈ (ભાવનગર) બીજું ઈનામ



સંધ્યાના સૂર
ચિત્રલેખા : કુ. વસુમતી ચીનુભાઈ



નવકાલસર્જના

· વંશસ્થ ·

ધરા તણાં નીર, નવાણ ને ઝરા
વરાળની ઝાળ રચી જલાવતો,
અખંડતપ્તા બળતી વસુંધરા-
સૌભાગ્યના સ્વાંગ પુરા પ્રજાળતો,
માર્તણ્ડ ચણ્ડો નભમણ્ડલાણ્ડમાં
દહી રહ્યો દારુણ દુ:ખિની ધરા;
પૂષા જળીને નભ–ચૈત્ર મધ્યમાં
સ્વનામને બે ઘડી વિસ્મર્યો હવા.

આષાઢની પ્રાવૃષની ઝડી પડી,
ખીલી તડિત્-વલ્લરીને વસંતશ્રી;
વર્ષા તણાં નીર, સમીર-તાંડવો
સંગે કડેડ્યો ઘન-બાર માંડવો.
મેઘો રૂઠ્યા મૂશળધાર વર્ષતા
આદિત્ય-ભઠ્ઠા પૂર માંહી કર્ષતા;
ગાજે દશોદિશ બુલંદ ગર્જના:
ઉત્પાટજો હો! નવ-કાલ-સર્જના.

તનસુખ ભટ્ટ

પહેલી ચારે લીટી માર્તણ્ડના વિશેષણ તરીકે છે. 'દારુણ' ક્રિયાવિશેષણ તરીકે વાપર્યું છે; જોકે વિશેષણ પણ લેવાય. પૂષા એટલે સૂર્ય (પુષ્=પોષવું); કર્ષતા એટલે ખેંચતા (કૃષ્). નીર, નવાણો, ઝરા વગેરેને વરાળરૂપે બાળતો, તથા બારે માસ કોઇ ને કોઇ કટિબંધમાં બળતી પૃથ્વીના બધા રસ–કસ-સૌભાગ્યવેશ-ને શેકતો માર્તણ્ડ વિસ્તરેલ અવકાશમાં ફરતી પૃથ્વીને ચંડ રૂપે દહી રહ્યો હતો. ચૈત્રાકાશમાં તપતો જગતનો પોષણકર્તા સૂર્ય પોતાની કરડાકીમાં બે ઘડી પોતાનું નામ–ફરજ ભૂલી ગયો હતો.

પણ કુદરત એ જાલીમગીરી શાની સાંખે? વેલી પેઠે વળાંકા લઈ ઝબકતી (ખીલતી) સૌદામિનીને જાણે હવે જ વસંતઋતુ બેઠી! સમીરનાં તાંડવ શરૂ થયાં. વર્ષા બેઠી ને આષાઢની ઝડીઓ પડી. પછી તો પૃથ્વી ઉપર ઝૂકેલો બાર મેઘનો માંડવો પણ કડાકે તૂટ્યો ને રૂઠેલા મેઘ મૂશળધાર વર્ષ્યા તથા સૂરજના અગ્નિ-ભઠ્ઠાને પૂરમાં તાણી ગયા. દશે દિશામાં બુલંદ ગર્જના ગડેડી ઊઠી: 'ઉત્પાટજો હો! નવકાલસર્જના.' વર્ષા-વર્ણનના આ રૂપક પાછળ કવિ પોતે ક્રાન્તિને જે રીતે સમજે છે તેનું આલેખન કરે છે.



શાંગહાઈ તા. ૨૫–૫–૩૬

● આગલે દિવસે તો સાંજે થાકી ગયા હતા. બહાર નીકળી શકાયું નહોતું. પણ આજે નવ વાગતાં ભાઈશ્રી પારેખે અમને અહીં ત્રીસ વર્ષથી વસવાટ કરી રહેલા પારસી ગૃહસ્થ શેઠ નવરોજજી દૂધાને ત્યાં ફપાડયા. તેમને ઘેર પહોંચ્યા ત્યારે તેઓ પોતાની ગાડીમાં અમારી રાહ જ જોતા હતા. અમને સાથે લઈ તે અહીંની સેંટ જૉન કૉલેજમાં તેમના એક વસીલાદાર ચીની પ્રો. યુ સુ Ph. D. ને ત્યાં લાવ્યા. સેંટ જૉન કૉલેજ પહેલાં મિશનરીઓએ સ્થાપેલી, પણ હવે તે સંપૂર્ણ ચીનાઈ વહીવટ તળે છે. પ્રો. યુ સુ અમને મળ્યા અને વિવેકસર બધાની ઓળખાણ કરી. નાનાભાઇને અમે મોખરે રાખી વાર્તાલાપ ચલાવ્યો. મળવા જેવા વિદ્વાનો સમાન પુરુષો અને કલાધરોની વાત પૂછી. તેમણે તરત બેચાર ભલામણપત્રો લખી આપ્યાં. દરમિયાન મેં તેમનો સ્કેચ કર્યો, એટલે તો વળી તે ખીલ્યા અને પોતાની પાસેના સંગ્રહનાં ઉત્તમ મોટા કદનાં પ્રાચીન પૉર્ટ્રેટ બતાવ્યાં. આ પૉર્ટ્રેટ નાના કદનાં હોત તો મુગલ ચિતારાની તસ્વીરો જેવાં જ લાગત. પણ આ ચિત્રોને તેમણે આઠમાથી દસમા સૈકાનાં ગણાવ્યાં ત્યારે હું તેની કલમની સૂક્ષ્મતા અને ભાવભર્યું વ્યક્તિનિરૂપણ જોઈ દંગ થઈ ગયો. ત્યાંથી નીકળતી વખતે તેમના ઘરના પગથિયા પર અમારી મંડળીનો ફોટોગ્રૂપ પાડ્યો. મોડું થયું હતું એટલે અમે સૌને જવા દીધા અને હું તથા નાનાભાઇ દૂધા શેઠને ત્યાં જમવા ગયા. તેઓ એક વખત અહીંના પોસ્ટલ કમિશ્નર હતા. ત્રીસ વર્ષથી ચીનના જ રહીશ બન્યા છે અને આખા ચીનના વિસ્તારમાં ખૂબ ફર્યા છે. તેમણે ચીનની એક સન્નારી સાથે લગ્ન કર્યું છે અને બહુ સુંદર સંતતિના પિતા બન્યા છે. તેમનું ઘર સુસજ્જ, રૂચિપૂર્ણ અને ભરચક જણાયું. તેમના પુત્ર ધંધે લાગ્યા છે. તેમનાં પુત્રી કેળવણી માટે વિલાયત જઈ આવેલાં છે અને પરણાવેલાં છે. તેમને ઘેર પણ અમારા માટે ખાસ વાનીઓ તૈયાર કરવા તેમણે ટેલીફોન કરી દીધો હતો. ચીનાઇ રસોયા અને છોકરાઓ ઘરમાં તૈયાર કર્યા પછી બહુ સારૂં કામ કરી શકતા હશે એમ જણાયું. અમે તેમનાં પુત્રપુત્રીને ન મળી શક્યા, પણ સાથે જમવામાં તેમના એક નિષ્ણાત ચીની વૈદ્યરાજ અને નાનકીન લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીના મેમ્બર તેમના એક મિત્ર હતા, જે નૅશનલ ઇકૉનોમીના નિષ્ણાત થવા જર્મની જઇ આવ્યા હતા. અંગ્રેજી સારૂં જાણતા ન હતા, એટલે દૂધા શેઠ જ અરસપરસ સમજાવતા હતા. દૂધા શેઠની પરોણાગત, સરળતા અને હિંદ-પ્રેમનો વધુ પરિચય તો આગળ થવાનો છે. તેમના હાર્દિક ભાવની કીમત થાય જ નહિ.



શાંગહાઈની સેંટ જૉન કૉલેજના ચીની પ્રોફેસર યુ સુ

તા. ૨૬–૫–૩૬

● આગલી રાત્રે અહીંનું નામીચું સીનેમાગૃહ ગ્રાન્ડ થીએટર જોયું. વિશાળતાવાળું, ઘણો સમાસ કરી શકે એવું દુનિયાનું બીજા નંબરનું એ ગણાય છે. અમે પહોંચ્યા ત્યારે ફિલ્મ શરૂ થઈ ગઈ હતી, પણ પ્રવેશદ્વાર પાસેથી એક બૉય ટૉર્ચલાઇટ લઈ અમારી સાથે આવ્યો અને જગ્યા બતાવી. જાણે કોઇ માણસ જ ન હોય એવી શાંતિ હતી! એક પણ થાંભલો કે બારી થીએટરમાં દેખાતાં ન હતાં, અને સામેનું ચિત્ર એટલું સ્થિર અને સ્વચ્છ પ્રકાશમય હતું કે અમે ખૂબ દૂરથી પણ તે સ્પષ્ટ જોઇ શકતા હતા. વધુ ખૂબી તો એ લાગી કે તે પરથી આવતો અવાજ સીનેમાનો યાંત્રિક અવાજ નહિ પણ ખરા માણસનો જ અવાજ હોય એમ સંભળાતો હતો. સાથે મશીનનો કે બીજા કોઇપણ પ્રકારનો અવાજ નામ દેવાનો યે નહોતો સંભળાતો. આ થીએટરમાં લગભગ ૩૨૦૦ પ્રેક્ષકોનો સમાસ એકી સાથે થઇ શકે છે.

આજ સવારે અમે શ્રી નવરોજજી દૂધાની સાથે અહીંના નગરપર્યટનમાં નીકળ્યા. આ વખતે હું અને નાનાભાઈ બે જ હતા. મારા નવા દાંતના ચોકઠાથી અવાળુ ખોદાતું હતું તેની પીડા અસહ્ય બનતી જોઇને મને તેમના દાંતના ડૉકટર પાસે લઇ ગયા. આ ડૉ. લી અને તેમનાં પત્ની બેઉ સવારથી સાંજ દવાખાનામાં કામ કરે છે. સાંજે ઘેર જઇ ભોજન કરે છે. બપોરે હૉટેલમાંથી ટીફીન મંગાવી ચલાવી લે છે. છેલ્લી જાપાની ચડાઈ વખતે શાંગહાઇમાંનું તેમનું ઘર અને બધી ઘરવખરી તારાજ થઇ ગએલી અને બે જણાં માત્ર કપડાંભેર નાસી છૂટયાં હતાં. છતાં તેમનામાં સેવાપરાયણતા અને હસમુખાપણું જોઈ આશ્ચર્ય થયું. ઘણા યે ગરીબો પાસેથી તે મુદ્દલે પૈસા લેતાં નથી. મારી પીડા તેમણે ઘડીકમાં દૂર કરી આપી, પણ શ્રી

આગલી હાર (ડાબી બાજુથી) શ્રી પારેખ, શ્રી નાનાભાઈ, મો સુ સુ, શ્રી નાનજીભાઇ ડોસા; પાછલી હાર (જમણી બાજુથી): શ્રી નસરવાનજી દ્રુધા, શ્રી મહિપત વ્યાસ, શ્રી કેવળ-ચંદ શાહ, શ્રી ભગવાનજીભાઇ....



દ્રુધા શેઠના કાયમના સંબંધને અંગે ફી લેવા ના પાડી. મેં તેમનાં પત્નીનો સ્કેચ કર્યો એટલે બહુ જ ખુશ થયા. ત્યાર પછી અમે ધારેલા કાર્યક્રમમાં ફેર પડી ગયો એટલે એક બુદ્ધ મંદિર જોવા ગયા. અંદર જતાં જ મને આપણા મંદિરના ગાદીપતિએ ના ધામ જેવું લાગ્યું જૂની કારીગરી અને મૂર્તિકળા તો ખરેખર અદ્‌ભુત હતાં, પણ મંદિરના જીવનમાંથી કંઈ છાપ પડે એવું મળ્યું નહિ. આપણા દેશની જેમ જ એક બાજુ સાધુઓના પથારા અને કથામંડળ તેમજ રસોડું અને થાળો. શાંગહાઇના બદલાએલા નવા જીવનની સફાઇ, ચમકાર અને ચપળતા ત્યાં નહોતાં. છતાં મંદિરના વૃદ્ધ મહંતે અમને આવકાર બહુ સારો આપ્યો. દ્રુધા શેઠને તે ઓળખતા હતા એટલે લાગી જ પડચા કે અમારે મંદિરનો પ્રસાદ ખાતા જવું! નાનાભાઇને મંદિરનું જીવન નિરખવું હતું એટલે કબૂલ કર્યું. દ્રુધા શેઠની સૂચનાથી માત્ર શાકાહારની વાનીઓ જ તૈયાર કરવાનો હુકમ થયો. સ્વામીનારાયણના મંદિરમાં જેમ આગતાસ્વાગતા કરવામાં પ્રવીણ હોય તેવા બેચાર શિષ્યો આગળપાછળ રહ્યાં જ કરે છે તેમ અહીં પણ હતા. મહંતજી કંઈ વચનામૃત સંભળાવે એટલે હસીને ડોકાં હલાવે. વાતવાતમાં તેમણે કહ્યું, જે ધર્મને હિંદુસ્તાને હાંકી કાઢચો છે એ તેને પાછો અપનાવશે ત્યારે જ સ્વરાજ મળશે! વાતોમાં અમે કંઇ સમજીએ નહિ, પણ દ્રુધા શેઠ સમજાવતા જાય એટલે અમે આભારનાં વચનો કહીએ. મહંતની પદવીને ઘટે તેમ આપણે તેની પાસે બેસવા-ઊઠવાનું. તે કંઇ આપે તો નમન કરીને લેવાનું. એ બધા શિષ્ટાચાર પણ પૂરા હિંદને મળતા જ. જમવાની વાનીઓ એક ટેબલ પર જુદાજુદા ચીનાઈ કટોરામાં પીરસાઇ ત્યારે મેં જોયું કે શેવ, શાક અને કંઇક ખારા પાણીવાળા પદાર્થો હતા. આપણને તો એકદમ રૂચિ થાય નહિ. મેં માત્ર ચોખા મગાવી ખાધા. નાનાભાઇએ શેવને પણ ન્યાય આપ્યો. જમતી વખતે નાનાભાઇને મહંતે જમણી બાજુ બેસાડચા હતા. તેમાં પણ નાનામોટાની પદવીઓ વિચારવાની જ. જમ્યા એટલે ટેબલ પર ચહા હતી. રકાબીઓમાં વાટકીઓ મૂકી, તેમાં ચહાનાં પાન નાખી, ઉપર ગરમ પાણી રેડીને બીજી વાટકી ઢાંકી મૂકી હતી. રકાબી અને વાટકીઓ હાથમાં ઊંચકી, ઉપલી વાટકી જરા ઊંચી કરીને ચાનો ઘૂંટડો લેવાનો હતો. આ, ચા પીવાની અસલ ચીનાઇ રીત. ચા રંગ વગરની, પણ તેનાં પાન બધાં ઉઘડેલાં. સાકર દૂધ તો હિંદુસ્તાનની જ મિલાવટ; ચીનમાં એવું કશું નથી. અમે માત્ર વિવેક ખાતર જ એ ચહા ચાખી જોઇ. પ્રસાદ મળ્યો તે ખાતર અહોભાગ્ય માની છેવટ આભાર જણાવવા દૂધા શેઠને કહ્યું અને નમન કરતા બહાર નીકળ્યા. નીકળતી વખતે મહંતે અમને ધર્મના ઉપદેશામૃતોની ચીનાઇ ઢબે છાપેલી ચોપડીઓ ભેટ આપી.

આજે એક કામ સરસ થયું અહીં આવતા ગુજરાતી હિંદીઓને ઘણા દિવસ રોકાવાનું થાય છે, પણ હૉટેલ કે બીજે કયાં યે અંગ્રેજી કે દેશી રીતે ખાવાનું મળતું નથી તેથી શાંગહાઈ અકારૂં પણ લાગે છે. બજારમાં પણ ખાવા જેવો કોઇ પદાર્થ મળતો નથી. તે પરથી અહીં વસતા શ્રી પારેખ દ્રુધા શેઠ વગેરેએ સાથે મળી અને કેવળચંદભાઇએ તેની આગેવાની લઈ એક ફંડ શરૂ કર્યું છે. તેમાંથી એક રસોડું અને જમવાની ગોઠવણ થશે. કોઇપણ હિંદી ભાઇ અત્રે આવે તેને વગર ફીએ



શાંગહાઇના બૌદ્ધ મહંત છીંગ ચિંગ હએ


રીક્ષા પર ઘણાની રોજી છે

જમાડવા પછી જેમને ઠીક પડે તે એના ચાલુ ખર્ચમાં આપે આખો દિવસ પ્રવાસીભાઇઓને મળ્યા પછી રાત સુધીમાં ૨૮૦૦ ડૉલરનું પહેલા વર્ષનું ખર્ચ તો ભેગું થઇ ગયું છે.

સાંજ સુધી અમારાથી બહાર ન જવાયું. વચમાં એક બુકશૉપમાં જઇ આવ્યા. ત્યાં અંદર પણ રાઇફલવાળો ચીનો પોલીસ જોયો. પૂછતાં માલૂમ પડ્યું કે ઘણીવાર તોફાની ટોળાવાળા દુકાનોમાં પેસી લૂંટ ચલાવી નાસી જાય છે. ચીનમાં આ આફત સામે રોજ તૈયાર રહેવું પડતું લાગે છે. છતાં બજારની જાહોજલાલી મુંબાઇને વિસરાવે એવી છે. વખત બહુ થોડો હતો એટલે અમે બહુ ચોપડીઓ ફીંદી નહિ. ચીનના જીવનમાં કંઇક ડોકિયું કરાવે એવી એક બે ચોપડીઓ લઇ નીકળી આવ્યા. ચીનાઇ કળાની ચોપડીઓ પણ ઘણી મળે છે અને તેનો અભ્યાસ તથા પરિચય એક ગહન વિષય ગણાય છે. અહીં બજારમાં ફોટોગ્રાફી કામ પણ સસ્તામાં થતું દેખાય છે. મેં એક ફિલ્મ ધોવડાવી અને તેના પ્રિન્ટ કરાવ્યા તે બધાંનું બીલ અને માત્ર ૩૬ સેંટ એટલે લગભગ ચાર આના જ મળ્યું.

આ જ વખતે ચાઇના એડ્યુકેશન મિનિસ્ટરને મળવા અમે ગયા, પણ વખત બહુ થોડો હતો એટલે મુલાકાત લેવાઇ નહિ. વળતી વખતે તેની વગનો લાભ લઇ પેકીન અને નાનકીનની સંસ્થાઓ જોવાનું ઠરાવ્યું છે. કલા પ્રદર્શન જોવા જવાનો પણ વખત રહ્યો નહિ, એટલે સાંજે નાનકીન રોડ પરની દુકાનો અને રોશની જોઇ અહીંની પ્રખ્યાત પાર્ક હૉટેલનું પંદરમાળનું મકાન અને વૈભવી રચનાઓ જોવા ગયા. એક ડૉલરની ચા ફી તરીકે પીવી પડી. આ હોટલમાંથી નાનકીન-રોડની રોશનીની શોભા કંઇ ઓર જ દેખાય છે.

શાંગહાઇથી ઊપડયા તા. ૨૭-૫-૧૯૩૬

● અમારા મિત્રોએ આગલી સાંજે જાપાન જતી અમેરિકન સ્ટીમર 'પ્રેસિડેન્ટ જૅકસન'માં કૅબિનો પર સામાન ચડાવી દીધો હતો એટલે સવારમાં એશિયા હૉટેલમાંથી માત્ર ચા લઇ બંદર પર ગયા. ત્યાંથી સ્ટીમલૉંચમાં બેસી બે ત્રણ માઇલ દૂર યાંગ્ટ્સે-ક્યાંગ નદીમાં ઊભેલી સ્ટીમર પર ગયા. અહીંની કૅબિનો સગવડ અને સુખમાં ઇટાલિયન સ્ટીમરોને વિસરાવે છે. પણ બાંધણી જૂના વખતની હોવાથી ભભક અને ઠઠાર નથી. ખાવાપીવાની વાનીઓ ઘણી જાતની અને પેટભરી ખાઇએ એવી સ્વાદિષ્ટ મળે છે. હવે હવા એકદમ ઠંડી લાગે છે. ડેક ઉપર ફરવા જઇએ એવો વિચાર જ ઊઠતો નથી. કૅબિનમાં પણ ગરમી આપનાર હીટર ચાલુ રાખીએ છીએ. આજનો દિવસ તો બધા ઊંઘી જ ગયા. ચાનો વખત વીતી ગયો ત્યાં સુધી કોઇ ઊઠ્યું નહિ, એટલે કૅબિનમાં ચા મગાવવી પડી હતી. રાત્રે જમ્યા બાદ નાનાભાઇએ ચર્ચા ઉપાડી અને જુદી જુદી વાતો થઇ. એમ કરતાં બાર વાગ્યે સૂતા. રાત્રે જ સ્ટીમરમાં જમવાના ટેબલ પર નોટીસ હતી કે ઘડિયાળમાં કાંટાને એક કલાકનો ઠેકડો મરાવી દો; સૂર્યોદય એક કલાક વહેલો થશે! આમ રોજ રોજ ટાઇમ બદલતા આગળ વધીએ છીએ.


ચારે તરફ ધુમ્મસ હતું. સાગર એકસરખી સપાટીથી લહેરાતો હતો. રાત પડતાં દીવાની હારો ને સ્ટીમરોની આવજા દેખાવા માંડી ત્યારે લાગ્યું કે જાપાનના કિનારા દેખાયા. સ્ટીમરમાં ખાવાનું સરસ મળ્યું છે. ઇટાલિયનો કરતાં અમેરિકનોની વાનીઓમાં રૂચિ અને પોષણ મળે એવા પદાર્થો વધારે હતા તેમજ સ્વચ્છતા પણ વધુ દેખાઇ. કૅબિન અને ખાણાની તહેનાત માટે ચીના નોકરો હતા. તેઓ શાંત અને સભ્ય જણાયા. અહીં બધાની કૅબિનો દૂરદૂર હતી એટલે મળવા હળવાના જલસા ન જ થયા. કેટલાકે તો શાંગહાઇ રખડવામાં ભેગો કરેલો થાક ને ઊંઘ ઉતાર્યાં.

આજે સવારે જમવાનું મેનુ આવ્યું તેમાં સ્ટીમરના બધા પૅસેંજરોનું લીસ્ટ છાપેલું હતું. યાદગીરી અને સાથેસાથે સ્ટીમરની જાહેરખબર કરવાની નવતર સારી રીત હતી. રાત્રે સીનેમા બતાવવામાં આવ્યું હતું.

તા ૨૮-૫-૧૯૩૬

● સવારમાં જ બે બાજુ રળિયામણા નાના લીલાછમ પહાડો,

ગરીબ ચીના કુટુંબો હોડીમાં જ જીવન વિતાવે છે. હોડીમાં સ્ત્રી જ મોટે ભાગે હલેસાં દે છે, એ વેળા બાળકને પીઠ પર સાચવી રાખે છે.



બેટા અને વચમાં ઘુસતાં દરિયાના પાણીવાળા દેખાવો નજરે પડવા લાગ્યા. કોઇની પડોશમાં સવારના ધુમાડા ફૂંકતી નાની હૉડી કે સ્ટીમરો જાગૃતિનું વાતાવરણ રચતી હતી. ધીરેધીરે બેઉ બાજુ વસતીથી ભરચક કાંઠો અને પુષ્કળ સ્ટીમરોની આવજા ચાલુ થઇ ગઈ. જાણે કે સ્ટીમરોનું જ બજાર હોય તેમ કેટલીક સાવ નજીકથી ચાલી જતી. ભાગ્યે જ કોઇ પરદેશી નજરે પડતી. બધી પર જાપાની ભાષામાં મોટું નામ લખેલું હોય જ. કિનારાથી દૂર મુસાફરી કરનારી સ્ટીમરો ઉપર જ અંગ્રેજી અક્ષરો દેખાતા. જાપાનના કિનારા, બંદરો કે ડક્કાની છબી લેવાની સખત મનાઇ છે અને કોઇપણ તેનો ભંગ કરતું જણાય કે વગર વિલંબે તેને આઠ દિવસની કેદ અને બારીક તપાસની સજા થવાના દાખલા બન્યા છે. અમને મિત્રોએ ચેતવણી આપેલી કે કૅમેરા પાસે નથી જ એમ માની વર્તજો. પણ ધુમ્મસને લીધે કિનારો પૂરો દેખાતો નહોતો અને છબી યોગ્ય દૃશ્ય પણ નહોતું એટલે અમે તો કોબેના બારામાં સ્ટીમર પહોંચી ત્યાં લગી કૅબિનમાં જ રહ્યા. આગલે દિવસે સ્ટીમરમાં ખબર ફેલાયા હતા કે સાંજે ચાર વાગ્યે કોબે પહોંચીશું, પણ આજ સવારમાં જ ફરી ખબર મળ્યા કે સ્ટીમર અગિયાર કે બાર વાગ્યે કોબેના બારામાં નાંગરશે. અને તે જ ખરૂં પડ્યું. સવારમાંથી અમને કસ્ટમના તેમ જ પાસપોર્ટનાં ફાર્મ મળી ગયાં હતાં. તેમાં બહુ જ ઝીણી વિગતો માગવામાં આવી હતી. અમારી પાસેની ચોપડીઓ અને લેખકોનાં નામો પણ લખાવાયા હતાં, તેમ જ કૅમેરા અથવા ખાસ મહત્ત્વની ચીજો પણ લખવાની હતી.

સ્ટીમર બારામાં આવી કે તરત સૌની દાક્તરી તપાસ થઇ ગઇ અને ઉપર આવેલા પોલિસ ઑફિસરોએ દરેકના પાસપોર્ટ અને કસ્ટમનાં ફૉર્મ બારીકીથી તપાસીને રજાચિઠ્ઠી લખી આપી. આટલી તપાસ કોઇ બંદરે થઇ નહોતી. ત્યાર પછી જ સ્ટીમરને ડક્કાની નજીક લાવવામાં આવી. અમને લેવાને ઘણા મિત્રો આવ્યા હતા. ગિધુભાઇ કોટક તો તેમની ધોળી ખાદીટોપીથી જ ઓળખાયા. આવેલા બધા ભાઇઓનો પોષાક શિષ્ટ પ્રકારનો યૂરોપી ઢબનો હતો અને અહીંના વતનીઓમાં તેમની સભ્યતા અને પદવીની છાપ પાડવા એ જરૂરનું પણ લાગ્યું; કારણકે, વેપારી કે કેળવાએલો કોઇપણ જાપાની સારા સૂટ પહેર્યા વિનાનો નહોતો. દુલભજી ઍન્ડ કં. વાળા મણિભાઇ અને બીજા મિત્રોએ મહેમાનોને વહેંચી લીધા. અમારો બધો સામાન તો કસ્ટમમાં લઇ જવો પડ્યો અને ત્યાં બહુ જ બારીકીથી તપાસાયો. ઑફિસરો ચોપડીઓનાં નામ અને લેખકો વાંચી જોતા હતા. નાનાભાઇનું વાલ્મીકિ રામાયણ બહુ કુતૂહલથી તેઓએ જોયું! મારી સાથેનાં ચિત્રોની મને દહેશત હતી કે કસ્ટમ ચોંટશે, પણ એકએક ચિત્ર જોયા બાદ પસાર થવા દીધું.


ચાનાની અધીવચરી કાવડમાં

તરત ગિધુભાઇએ ટૅક્સી બોલાવી અને મને પોતાને ઘેર લઈ ગયા. શાંગહાઇથી અમારી મંડળીના ખબર ટેલીફોનથી આપતાં મારૂં નામ 'રાવળ'ને બદલે 'દાવર' સંભળાયું હતું તેથી તે બહુ વિમાસણમાં પડ્યા હતા, પણ બંદર ઉપર મને જોયા પછી જ બધો ખુલાસો થયો હતો. એ ઘડી પહેલાં એમને ખબર જ નહોતી પડી કે હુ જાપાન તરફ નીકળ્યો છું.

તેમનું ઘર એક સરસ લત્તામાં છે. તેની બાંધણી યૂરોપી ઢબની છે એટલે ઘરમાં તો મુંબાઇમાં હોઇએ એમ લાગે; પણ ઘરના જાપાની નોકર નોકરડીઓ જોઇને જાપાનમાં હોવાની વાત તાજી થાય. એમનાં ઘરનાં કુટુંબીઓ મને જોઇને અજાયબ થયાં. રાવળમાંથી દાવર અને દાવરમાંથી રાવળની હકીકતે સૌને ગમ્મત આપી

બહાર વાદળાં ને ઠંડી છે. દાર્જીલિંગ કે મસૂરીમાં જેવી સાંજ હોય એવી જ અહીં લાગે છે. ઘરમાં પણ હિલ સ્ટેશનોની જેમ બધાં બારીબારણાંને મોટા કાચ રાખેલા છે, જેથી હવા ઠંડી હોય તો યે અંદર શરદી કે ધુમ્મસ ન આવે હવે તો ખરેખર જાપાનની ભૂમિ પરથી જ લખું છું એવો ખ્યાલ આવે છે.

(ચાલુ)

—ર. મ. રા.

ચીનમાં કુટુંબ-જીવનની જહેમતમાં સ્ત્રીનો હિસ્સો પુરુષોની બરોબરીનો છે.



તાલબદ્ધ પગે હલેસાં દેતી ચીનની ખલાસણો



ધ્રુવનો તારો જ્યાં બરાબર માથે પ્રકાશે છે



રૉબર્ટ પીઅરી

ઉત્તરાવર્તનો

દખ્ખણધ્રુવના ખેડાણનો ખ્યાલ તો માણસને મોડો મોડો જન્મ્યો; પણ પૃથ્વીની હિમાળી ટોપી શો ઉત્તર ધ્રુવ તો ઇસુથી યે અગાઉના કાળથી તેની જિજ્ઞાસા ઉશ્કેરતો આવ્યો છે. સફેદ રીંછો ને વૉલરસોની એ ભૂમિમાં જ્યાં છ માસ અખંડ સૂર્ય તપે છે ને છ માસ સમૂળગો અદૃશ્ય રહે છે તેની પાછળ કોઇ એવી પુણ્યભોમ રહી હોવાની પ્રાચીનોની માન્યતા હતી, કે જ્યાં સૂર્ય કદી આથમતો જ નથી.

એવા એ પટનું રહસ્ય પામવાના પ્રયાસો ઇ પૂ. ૨૦૦માં ગ્રીક પીથિયાસના સમયથી થતા રહેલા; પરંતુ વ્યવસ્થિત રીતે એની ખંતીલી સાહસસફરો ખેડવાની શરૂઆત તો ફ્રેન્ચ રાજ્યક્રાન્તિ પછી થએલી ૧૮૧૫ની સંધિથી જ ગણી શકાય. ત્યારથી યુરોપનું એકે રાજ્ય એવું નથી રહ્યું કે જેનો દેશજન એ હિમાળા ને કારમા, છતાં આકર્ષક અને મર્દાનગીને પડકાર આપતા એના કરવટથી વંચિત રહ્યો હોય. હુડ્ટે ને કલેવરિંગનાં જીવ-સટોસટનાં સાહસો, જૅકસન ફ્રાન્કિલન ને માર્વિન ઉપરાંત જેનાં નામ પણ દુનિયાને મોઢે નથી એવા અસંખ્ય વીરોએ ત્યાં સાધેલી ચિરસમાધિ, અને પૅરી જેવા અનેકોની પીછેહઠ તથા ખેદાલીની કથાઓ આજ પણ સાંભળતાં રોમાંચ ઊભા કરાવે તેવી છે.

દખ્ખણ ખંડ (Antarctica)ના અમર વિજેતા સર જેમ્સ રૉસે પણ એ હિમાચ્છાદિત ઉત્તરાવર્તને સર કરવાની ઉમેદ ધરાવેલી, પણ એક વ્હેલરે તેને બચાવ્યો ત્યારે જ દુનિયા ફરી તેનું મોં જોઇ શકી. એવું જ રૉયલ જીઓગ્રાફિક સોસાએટીએ ૧૮૩૩માં શોધસફરે મોકલેલા જ્યૉર્જ બેકન વિષે બનેલું. ૧૮૫૬માં પછી ડૉ. જે. રે ઊપડ્યો. રૉસ, પૅરી વગેરેએ શોધેલી ધ્રુવની તૂટક રેખાની તેણે સળંગ શોધ કરી ને દુનિયાએ તેને વધાવી લીધો. ફ્રાન્કલીન વળી એથી યે વધુ મહત્ત્વાકાંક્ષાને વશ થઇ એ પથે ઊપડ્યો, પણ પિલ-સાઉન્ડની ખાડી પસાર કરી ધસ્યા આવતા બરફમાં તે ક્યાં ગુમ થયો તેની વર્ષો સુધી દુનિયાને જાણ જ ન થઇ. તેના ભવિષ્યના ચોક્કસ સમાચાર આપનારને લેડી ફ્રાન્કલિને ૧૦,૦૦૦ પૌંડ ઇનામ આપવાનું જાહેર કર્યું છતાં એનો પત્તો ન જ લાગ્યો ને વર્ષો બાદ જ્યારે લાગ્યો ત્યારે તો એ અને એના શાથીતોની લોથો જ બાકી રહી હતી. તે પછી એના અનુગામી ઍન્ડ્રીના ભવિષ્યની પણ, બાયર્ડે તેની લાશ શોધી જગતને જાહેર કર્યું ત્યારે જ ખબર પડી!

પણ જીવનનો જેમને સાચો થડકાટ અનુભવવો છે તેમનાં સાહસે થનગનતાં દિલોને માટે તો એ બલિદાનો, રૂકાવટ નહિ પણ રાહનૂમાની ગરજ સારે છે. એવી જ રીતે એ બધા યે શહીદો ભવિષ્યના સફરખેડુઓના માર્ગસ્થંભો બની રહ્યા. એમના અનુગામીઓમાં યંગ, લૉકવૂડ, પીઅરી, એરિકસન, રાસમુસેન, નાનસેન, આમુંડસેન, શૅકલટન, બાર્મો વગેરેની એક એવી જમાત મોખરે આવી કે જેમનાં નામો પણ પાનાં ભરે.

અને એ સૌ યે સાહસખેડુઓના દિલમાં એક જ આરઝૂ હતી: પૃથ્વીના એક નિગૂઢ કોયડા સમા ઉત્તર ધ્રુવ પર સર્વપ્રથમ પગલાં પાડી પોતાની માતૃ-

જગતની મર્દાનગીને આવાહન કરતું, ધીટતા અને ખડતલપણાના પ્રતીક સમું,

ને સૂર્ય ક્ષિતિજ પર ફર્યા કરે છે એ ઉત્તર ધ્રુવ ઉપર પહેલો પગ માંડનાર માનવીની કથા

ભૂમિનો ઝંડો તે પર ફરફરાવવાની. અનેક દેશોના દેશવાસીઓ તે માટે જાનફેસાની કરવા તૈયાર રહેલા, અનેક ધનિકો તે પાછળ પોતાનાં નાણાં હોમવા ઉદ્યુક્ત રહેલા ને અનેક યુવાન હૃદયો તેનું પહેલું માન ખાટવા જિંદગીથી ફારેગ બનવાથી યે બેપરવા રહેલા.

પણ જગત સમસ્તના એ માટેના તનતોડ પ્રયાસો વચ્ચેથી એક અમેરિકન એ માન જીતી ગયો. સંસ્કૃતિની ગંધ પણ જ્યાં નથી પહોંચતી એવા ગ્રીનલૅંડની યૉર્કની ભૂશિરના એક ઠંડા કરાડ પર આજ પણ એનું સ્મારક ઊભું છે. ધ્રુવવર્તુલની દસ ડિગ્રી અંદર અને ધ્રુવથી માત્ર ચૌદ જ ડિગ્રી દૂર અફાટ વિસ્તર્યા બરફ પર વિજયભરી નિગાહ નાખતું હિંમતના પ્રતીક શું એ સ્મારક તે અમેરિકાના રીઅર ઍડમિરલ રૉબર્ટ પીઅરીનું. એ સ્થાનેથી જ આપણને પરિચિત જગતનો અંત આવી ધ્રૌવ જગતની રહસ્યભૂમિ શરૂ થાય છે.


વિજયયાત્રી

ને ધ્રુવપ્રદેશના એ પહેલા વિજયયાત્રીના વખતમાં તો નહોતો રેડિયો કે જેથી ન્યૂ યૉર્ક સાથે તે સફર દરમિયાન વાતો કરી શકે, કે નહોતી મળી બાયર્ડ જેટલી તેને વૈજ્ઞાનિક સગવડો; છતાં તેણે જે સાહસ ખેડ્યું, ને ખેડીને સાંગોપાંગ પાર ઉતાર્યું એ કેટલી ઠંડી તાકાત સૂચવે છે? એ પ્રશસ્ય તાકાતથી જ ડેનિશ સરકારે પોતાના સત્તા-પ્રદેશમાં તેનું સ્મારક ઊભું કરવાની અનુમતિ આપી છે.

નાનસેન 'ફ્રામ'માં ઉત્તરખંડની રખડપાટ કરીને પાછો વળ્યો ત્યારથી જ એ અજાણ્યા ખંડનો દૃષ્ટિલાભ લેવાની પીઅરીને તમન્ના જાગી હતી. ને આખરે તે અબૂઝ બનતાં ૧૮૮૬માં તે ડિસ્કોના ઉપસાગર તરફ રવાના થઈ ગયો. ત્યાંના બર્ફસ્તાન વચ્ચે તેણે પોતાની ઝૂંપડી જમાવી ને દુનિયાના એ અગોચર ખૂણાના અભ્યાસ ને આરોહણની સરળના વિચારવા પાછળ તેણે વખત વીતાવવા માંડ્યો.

બરાબર બાર વર્ષની અખંડ તપશ્ચર્યા પછી ૧૮૯૮ની સાલમાં તે ઊપડ્યો. ટેવાએલા કૂતરાઓની ટોળી, આવશ્યક ભત્તું ને ચુનંદા માણસો તેની સાથે હતા; પણ અનંત વર્ષોથી માણસની બૂ સરખી પણ પોતામાંથી વહેવા ન દેનાર એ હિમાળો પ્રદેશ તેમની થોડી જ પરવા કરે તેમ હતો? હાડ સીઝાવી નાખતા તેના ઠંડા ફૂંફાડાની સામે તે છસો માઇલથી વધુ આગળ વધી જ ન શક્યો ને એટલી સફરમાં તો તેના જમણા પગનાં બંને હાડકાં ભાંગી ગયાં હતાં! વ્હેલબોટમાં બેસી બધાંને પાછાં વળવું પડ્યું. પણ છતાં પીઅરીની આંખો તો દૂરસુદૂરના અગમ પથોને ભેદતી દૃષ્ટિમર્યાદા લંબાવી રહી હતી. પહેલી જ મજલે એણે ચોક્કસ કર્યું ને દુનિયા જાણ પણ કરી કે ગ્રીનલૅંડ એ તો એક જબરો ટાપુ હતો—દ્વીપકલ્પ નહિ!

૧૯૦૬માં તેણે ફરી તૈયારીઓ કરી. ગ્રીનલૅંડનાં ઈશાન કોણથી તેણે નવી સફર આરંભી. પહેલા કરતાંયે આ વખતે સામગ્રીઓની વધુ સંપુર્ણના આણેલી. પણ આ બીજી વખત પણ તેને નવાં ઊભાં થએલાં ભીષણ તોફાનો પાસે નમવું પડ્યું. રાહદર્શક બધા થાંભલાઓનો



યૉર્કભૂશિર પર ઊભેલું પીઅરીનું સ્મારક→




ઉત્તરાવર્તનો વિજયયાત્રી પીઅરી · યુવાન વયે

તેણે ત્રીજી ને છેલ્લી સફર આરંભી. તેના નામે સ્થપાએલી પીઅરી ક્લબે પણ આ વખતે તેને ઠીક મદદ કરી. ત્રેપન વર્ષની એ વખતે તેની વય હતી. લાંબાં વીસ વર્ષોનો ગાળો તેને સંસ્કૃત દુનિયા વચ્ચે વસ્યે થઇ ગયો હતો. તેને એક પુત્રી પણ એસ્કિમો સાથેના આ સંહવાસ દરમિયાન જ જન્મેલી, જેનું નામ તેણે હિમબાળા (Snow baby) રાખેલું.

૧૯૦૮ના જુલાઇની ૧૭મીએ બાવીસ માણસો સાથે, પીઅરી ક્લબે તેને ભેટ આપેલું જહાજ 'રૂઝવેલ્ટ' ઊપડ્યું. અત્યાર સુધીમાં પીઅરીએ સંચિત કરેલું ધ્રુવપટોનું જ્ઞાન અગાધ હતું. પહેલી ઑગસ્ટે તેનું વહાણ ગ્રીનલૅંડની યૉર્ક ભૂશિરે પહોંચ્યું, જ્યાં તેના દોસ્ત એસ્કિમો તેને આવી મળ્યા. પોતાની હદમાં એસ્કિમો લોકો ખૂબ માયાળુ ને વફાદાર હોય છે. તેઓ કદી આપેલું વચન તોડતા નથી કે મેળવેલું વચન ભૂલતા નથી.

નાશ થઇ ગયો ને તેની ટોળી યે કિસ્મત સંજોગે જ નાશ પામતી બચી ગઇ. આમ મોતના મોંમાંથી બચવા છતાં પણ જીવન લંબાવવાની કિસ્મતની એ ઉદારતાનો લાભ લેવાનું તેને સ્વપ્ન સરખું ન આવ્યું. પરિણામોથી એ તદ્દન બેપરવા હતો--માત્ર તેણે હાથ લીધેલા ભીમકાર્યમાં સિદ્ધિ સાંપડે એ જ એક ઇચ્છાને તે વશ રહ્યો હતો. અને એટલે જ ગયા બંને વખત કરતાં વધુ સંપૂર્ણ પ્રયાસ કરવાનો ત્રીજી વખતનો પાકો નિશ્ચય બાંધી લીધો.

દસ જ મહિના બાદ



જ્યાં સર્વ રેખાંશ એક બિંદુમાં મળી જાય છે અને બધી દિશાઓ વિલય પામી માત્ર દક્ષિણ દિશા જ રહે છે એ ઉત્તર ધ્રુવ પર અમેરિકાના રીઅર ઍડમિરલ રૉબર્ટ પીઅરીએ પહેલી પગદંડી પાડી તે પહેલાં અને તે પછી એ પ્રદેશની સફર માટે મથનારાનાં સ્થાન દર્શાવતો નકશો

યૉર્કથી તેઓ ઇટા આવ્યા ને બરફ સામે લડતા જતા, કચડાઇ જવાના હરપળના ભયને વિસારે મેલતા તેઓ શેરિડનની ભૂશિર તરફ આગળ વધી રહ્યા. ત્યાં પહોંચતાં જ સફરનો પહેલો હફતો ખલાસ થયો.

બીજો હફતો શેરિડનથી ગ્રીનલૅંડના સૌથી ઉત્તરના છેડા સુધી કોલંબિયાની ભૂશિરે પહોંચવાનો હતો. ત્યાંથી જ ધ્રુવ પર ધસારો કરવાની મુરાદ પીઅરીની હતી. બરફના પડ–પાથર્યાં પાણી વચ્ચે તેમનું વહાણ માર્ગ કરી રહ્યું હતું. એ પાતળું પડ વટાવ્યા પછી તો કોઇ પણ પળે વહાણનો કચ્ચરઘાણ વાળી મૂકે એવા તરતા બરફોના ટેકરા તેમની સામે આવી રહ્યા. એવું થાય તો તરત જ સાધનસામગ્રીઓથી ભરેલી હોડીઓ નીચે ઉતારી શકાય એવી સગવડ પીઅરીએ કરેલી. તા.૩૦મી ઑગસ્ટે તો તેમનું કમનસીબ પરાકાષ્ટાએ પહોંચ્યું. બરફના એક ટેકરા સાથે અથડાઇ તેમનું વહાણ ફૂટ-બૉલ જેમ ઉછળી નીકળ્યું. તેમાંથી બચ્યા તો ખરા, પણ આગળ વધવાનો કોઇ ઉપાય ન રહ્યો. છેવટ ડાઇને-માઇટથી એને તોડવાનો અખતરો કર્યો ને તે સફળ થયો. વહાણને પણ બો તેટલું હલકું કર્યું ને ફરી આગળ વધ્યા.

કોલંબિયાના કિનારાથી દોઢસો વાર છેટા ઉપર જ વહાણ બરફમાં જામી ગયું ને ઉષ્ણતામાન તો ૬૦ ડિગ્રી નીચે રહ્યું હતું! ખાડીમાં બરફ નીચે ચડતી ભરતીના ભયંકર ઘોષો ઊઠી રહ્યા હતા ત્યારે પીઅરી અને તેની ટોળી બરફ પર કોલંબિયાને કિનારે પહોંચી, ને ત્યાં શિયાળુ મુકામ ઊભો કર્યો! ૭ માસ સુધી સૂર્ય વગરની એ ભૂમિનાં અંધારાંમાં તેઓ મારમાર કામ કરવા લાગ્યા. આ કપરા પંથના ખેડાણની અસરથી કોઇ મુક્ત રહ્યું ન હતું. ૨૪૫ માંથી ૧૬૦ જ કૂતરા એટલે પહોંચવા શક્તિમાન થએલા. પણ સૌથી વધુ ખાનાખરાબી તો પીઅરીની થએલી. હાથપગનાં મળીને દસ આંગળાં તેણે એ સફરના જ ખપ્પરમાં બલિ તરીકે દેવાં પડ્યાં. અને છતાં હજુ હોંશ, ખંત કે પૌરુષ હાર્યો ન હતો.

બરફમાં તેમણે ઇગ્લૂઓ ખોદી લીધાં ને શિયાળો ઊતરવાની રાહ જોવા લાગ્યા. અંતે ધ્રુવની ઉષા ઊગી ને ૧૯૦૯ના ફેબ્રુઆરીની ૧૫મીએ એ ઉત્તરાવર્તનો આખરી હલ્લો શરૂ થયો.

સાત સફરીઓ, સત્તર એસ્કિમો ને એકસો તેત્રીસ ચુનંદા કૂતરાંઓ સાથે ટોળી આગળ ઉપડી. આ છેલ્લા હલ્લાની રોમાંચકતા તો અનુભવે જ સમજાય. ઘણે ય ઠેકાણે બરફનું એવું તો પાતળું પડ આવતું કે છેડે પગ દેતાં જ આખું પડ નમી પડતું. બેત્રણ ફૂટ જાડાઇના તરતા ને ખસતા બરફ પર ચાલવાનું સાહસ મોતને ભેટવાની જે મર્દદિલી માગે છે તે સહેજે સાધ્ય નથી. એ પડો વચ્ચેથી જ એક સ્લેજ ને કેટલાક કૂતરાઓ નીચેના મહાસાગરનાં ઠંડાં પાણીમાં ગરક થઇ ગયાં.


આમ કૂતરાની સંખ્યા ટૂંકી બની પણ તે યે જાણે અધૂરૂં હોય તેમ એક પછી એક કૂતરા હવે મરવા માંડ્યા. પણ નમતું આપવાનું તો પીઅરી પહેલેથી જ નહોતો શીખ્યો. તેણે એક નુસખો અજમાવી જોયો. સીલને બદલે વૉલરસનું માંસ તેણે કૂતરાઓને આપવા માંડ્યું ને એ નુસખો અકસીર નીવડ્યો.

માર્ચની પાંચમીએ તેમને સૂર્યનાં પ્રથમ દર્શન થયાં. એ પ્રકાશનો આનંદ લૂટતા બધા આગળ વધતા હતા ત્યાં તો ઓચિંતી એક ચીસ પડી. પાછા ફરીને જોયું ત્યાં તો એ ગેબ થએલો! વર્ષોથી પીઅરીનો સાથ ન છોડનાર માર્વિનને ભાંગેલા બરફ નીચે પાણીમાં ઉતારી દઇ કિસ્મતે એ સાથ તોડાવી દીધો. ઠંડા વેરાનમાં એક ઊની હાય નાખતા બધા છેલ્લી પ્રાર્થના કરી આગળ વધ્યા.

ઉત્તર ધ્રુવ હવે ફક્ત ૧૪૦ માઇલના અંતર પર જ હતો. અત્યાર સુધી ટોળીની આગેકૂચ હૅન્સનના હાથમાં હતી, પણ હવે સુકાન પીઅરીએ પોતાના હાથમાં લીધું. ૮૯ ડિગ્રી ઉત્તરે તેમણે છેલ્લી છાવણી નાખી. જમીનનું તો ત્યાં નામનિશાન ન હતું. અને એ સફેદ બરફ પણ જલદી જલદી સરી શકાય એવો લીસો યે નહોતો. નીચે ઊંડા-ણેથી આવતો અવાજ એ બરફની જાડાઇ ૧૫૦૦ ફૂટની બતાવતો હતો.

ને હવે તો ધ્યેય હાથવેંતમાં જ હતું. ૧૯૦૯ના એપ્રિલની છઠ્ઠી તારીખ થઇ ત્યારે તો જગતની એ કલ્પનાની ભોમનું પીઅરીની ટોળીના સાતે સફરીઓની આંખો વાસ્તવદર્શન કરી રહી હતી. જ્યાંથી બધા રેખાંશો ફૂટે છે, જ્યાંથી દૃષ્ટિને માટે દક્ષિણ સિવાય બીજી કોઇ દિશા નથી, એવા એ હિમાળા વેરાનમાંની ઉત્તર ધ્રુવના ધ્યેયની પ્રાપ્તિએ એ ટોળીના મનમાં શા શા ઉત્પાતો જગાવ્યા હશે? પીઅરી, તેની સ્ત્રી, મૅથ્યુ હૅન્સન, અને ઇજિગ્વાહ, સીગ્લૂ, ઊટા ને ઊકિયાહ એ ચાર એસ્કિમોની

(અનુસંધાન આગળ પાન ૩૬૦મે)



ધીમેધીમે બિલાડીની જેમ આગળ વધ્યો અને પોતાના સ્નાયુ તથા પુઠ્ઠાને એકત્ર કરીને વજ્રની જેમ બેઠો. આ આસન ઘાતક હતું.

મોતના મોંમાં

(શિકારકથા)

ચિત્રકાર • રવિશંકર પંડિત

મારા શિકારી મિત્ર પંડિત લક્ષ્મીદત્ત ખૂબ ઝિન્દાદિલ આદમી છે. શિકારીમાં જે ગુણો જોઇએ તે સર્વ એમનામાં છે. સંકટ સમયે જ્યારે વાઘ આક્રમણ કરી બેસે ત્યારે સાહસિક બનીને પોતાના સાથીને સાથ દેવો, શિકાર સંબંધી વિષયોના મૂળતત્ત્વોને સમજીને કામ કરવું અને જંગલનાં અગમ્ય સ્થળોએ પીર, બબરચી, ભિસ્તી અને ખર બનવું એ સર્વ ગુણો લક્ષ્મીદત્તજીમાં છે!

એમનામાં ને મારામાં એક મોટો ભેદ છે. એમને શિકાર ખેલવાનો અને ખાવાનો બંનેનો શોખ છે; હું શિકારખેલનને કેવળ કલાની દૃષ્ટિએ જોઉં છું. કટ્ટર શાકાહારી હોવાને કારણે મારું શિકાર કરવું બેગુનાહ છે. અન્ય વ્યસનોની જેમ શિકાર પણ એક વ્યસન છે; પરંતુ આ વ્યસન બીજાં વ્યસનો કરતાં ઘણું સારું છે. મારી તો એવી ધારણા છે કે વિદ્યાર્થીઓને માટે અને ખાસ કરીને જેમની જીવનયાત્રાનો મધ્યાહ્ન હજી થયો નથી, જેમની નસોમાં ગરમ ખૂન વહે છે તેમને માટે શિકારખેલન એ સાહસ ખીલવવા માટે પરમ આવશ્યક છે. નવજુવાનોએ તો શસ્ત્ર અને શાસ્ત્ર બંનેમાં પારંગત થવું જોઇએ. 'ઉભયોરપિ સામર્થ્યં શાસ્ત્રાદપિ શરાદપિ' વાળી વાત હોવી જોઇએ.

વાઘનો સામનો થઇ ગયો તેને બીજે દિવસે લક્ષ્મીદત્તજી આવ્યા. મારું મોઢું અને એના પર રમતા ભાવોને બરાબર જોઇને એમણે નિશ્ચય કરી લીધો કે મને કંઇ બહુ વાગ્યું નથી. તરતજ એમણે બીજા વાઘની વાત છેડી.

મેં કહ્યું, 'હવે રહેવા દો ભાઇ. આપણે કંઇ ખુદાઇ ફોજદારો નથી કે ઇશ્વરની સૃષ્ટિમાં દરેક ઠેકાણે ખલેલ કર્યા કરીએ. કાલે તો એક વાઘ માર્યો છે. અને એમાં તો મારો યે શિકાર થઇ ગયો હોત. એવી લત શા કામની?

લક્ષ્મીદત્ત બોલ્યા, 'આને તમે લત કહો છો? મહિને બે મહિને માંડ બહાર નીકળીએ છીએ. તમે તો કિતાબોના કીડા છો. અવકાશને સમયે જઇને એક આતતાયીને મારીએ એમાં ખોટું શું છે? હવે રહી મારવાની વાત. હિંસા–અહિંસાની પંચાતની તો મને પરવા જ નથી. હું તો વાઘ મારીને મરઘી, હરણું અને તેતરો મારવાનું પાપ–જો એ પાપ હોય તો–ઓછું કરું છું. અને જે શત્રુને પાળે તે તો મૂર્ખ છે; કારણ 'पयपानं भुजंगानां केवलं विषवर्धनम्.'

મેં કહ્યું, 'હવે લાંબીચોડી વાત રહેવા દો. ચોકખું કહોને કે આજે પણ શિકારે જવું છે? શાસ્ત્રોની વાતો ન કરો. શાસ્ત્રોની વાતો તો શયતાન પણ કરી શકે છે.'

લક્ષ્મીદત્તજી બોલ્યા, 'ગમે તે હો. શયતાન કે શયતાનનો દાદો બનાવો, પણ ચાલો. આજે રવિવાર છે. કાલથી પાછા એ જ ભણાવો, બસ ભણાવો.'

મેં કહ્યું, 'ઠીક; પણ આજે તો તમારી પરીક્ષા. જો વાઘ મળે તો પહેલી ગોળી તમારે મારવાની. ઘણા દિવસથી તમે વાઘ માર્યો નથી. મારે જ મારવો પડે છે.'

લક્ષ્મીદત્તજીએ ઉત્સાહિત બનીને કહ્યું, 'સારી વાત છે. આજે વાઘને આ લોકમાંથી પરલોકમાં પહોંચાડવાનું પુણ્ય હું લઇશ. તમે સેનાપતિ બનીને જોયા કરજો. તો હું જાઉં છું, આપણે બે વાગ્યે જંગલ તરફ ચાલવા માંડીશું.'

ભોજન કર્યું, થોડો આરામ કર્યો અને અમે જંગલ ભણી ચાલી નીકળ્યા. મારી અઢી વરસની દીકરી કમળા રોવા લાગીઃ 'બાપુજી, હું પણ સાથે આવીશ.'

'બેટા, હું તો વાઘ મારવા જાઉં છું.' મેં કહ્યું.

એણે ડુસકા લેતાં કહ્યું, 'હું પણ વાઘ મારીશ!'

આ સાંભળીને સૌ હસી પડ્યાં પણ એ કંઈ ન સમજી. બિચારી સમસમીને રહી ગઇ.

એક માઇલ સુધી અમારો માર્ગ નદીને કિનારે કિનારે હતો. ભાગીરથીની સહાયક ભિલંગના ધનુષના આકારમાં ઉછળતી કૂદતી, પોતાનાં સહવાસી શૈલશિખરો, દ્રુમદલો અને અલિચુંબિત પુષ્પોને અંતિમ પ્રણામ કરતી અને અમારો તિરસ્કાર કરતી પોતાના પ્રિયતમને મળવા દોડતી જતી હતી.

માનવ પ્રકૃતિ રોજ એક ને એક વસ્તુ જોઇને થાકી જાય છે. આગ્રાવાસીઓને તાજમહેલ જોવાનું કુતૂહલ અને કૌતુક નથી થતું. અમને રસ્તાનાં દશ્યોમાં કંઈ ખાસ આનંદ આવતો નહોતો. એ તો રોજની વસ્તુ હતી. એટલે મેં સમય વિતાવવા લક્ષ્મીદત્તજીને એકાદ પહાડી ગીત પહાડી લયમાં ગાવાનો આગ્રહ કર્યો અને તરત જ આખી ખીણ 'સડકકી ધુમા, સદાની રહદી; જવાનીકી ધુમા....'થી ગુંજી ઊઠી. પહાડી ખીણો અને ટેકરીઓ ઉપર પણ ગાવાની અને ગાન સાંભળવાની એક લિજ્જત હોય છે. એક માણસે ગાવા માંડ્યું કે ઘાસ વાઢનારાઓએ પણ પ્રત્યુત્તર વાળ્યો.

એમ કરતાં કરતાં અમે ગામની પાસે આવી પહોંચ્યા. અમારા પરિચિત બુઢ્ઢાએ અમારૂં સ્વાગત કર્યું બુઢ્ઢો અને એની બુઢ્ઢી દરિદ્રતા, દીનતા અને દુઃખની સાક્ષાત્ મૂર્તિ હતાં. ગરીબીનું ચિત્રણ કરવું એ સાધારણ લેખિનીનું કામ નહિ. મારી કલમમાં એ ઓજ ક્યાંથી લાવું?

બુઢ્ઢો એક નાની શી ભગ્નાવશેષ ઝૂંપડીમાં રહે છે. ઝૂંપડીની સામે એક નાનો શો વાડો છે. એમાં એના જનાવરો બંધાય છે. બે નાના બળદ, બે ગાય—જે વાઘ લઇ ગયો હતો, એક વાછરડો, હળ, થોડાંક બીયાં, બસ આજ એની પૂંજી છે. વાસણોમાં એક તવો, કડછી, તપેલી, થાળી, ત્રણ પ્યાલા અને બે લોટા છે. કપડાંમાં, બુઢ્ઢીએ એક ફાટેલું કુડતું ને એક પહાડી સાડી પહેરેલાં અને ઘરેણામાં નાકમાં પહેરેલી સૌભાગ્યના ચિહ્ન સમી પિત્તળની નથની. બુઢ્ઢો એક લંગોટ પહેરીને હાથમાં હુક્કો લઇને અમારી સારવારમાં પડ્યો હતો. આ હુક્કો એના દાદાએ દહેરાદુનના બજારમાંથી ખરીદ્યો હતો. ક્યારેક દહીં લાવતો અને ક્યારેક મીઠું. આતિથ્યનું તાત્પર્ય જો પ્રેમ, સહૃદયતા અને પોતાની પાસે જે કંઇ લુખ્ખુંસુક્કું હોય તે ખવડાવવું એ હોય તો એ બુઢ્ઢાનું આતિથ્ય પેલા કોઇ કંકાસની ક્રીડાભૂમિ જેવી મહેલાતોમાં પીરસવામાં આવતા ષડ્રસ ભોજનથી કેટલા ય ગણું ઉત્તમ હતું. સત્કારના સાત્વિક ભાવથી એ વૃદ્ધની આંખો ચમકતી હતી અને વાઘના શિકારથી એને જે પ્રસન્નતા થઇ હતી તે તો કદાચિત કૈસરના પતનથી લૉઈડ જ્યૉર્જને પણ નહિ થઇ હોય. બુઢ્ઢાની સામે મશહૂર શિકારી સર સૅમ્યુએલ બેકર ખુદ આવી જાત તોપણ એ અમારા જેટલું એમનું સ્વાગત ન કરત. જનતાના મન ઉપર પ્રત્યક્ષ વાતનો જેટલો પ્રભાવ હોય છે તેટલો દૂરની સાંભળેલી વાતનો નથી હોતો.

દહીં પીને અમે લોકો જંગલ ભણી ચાલ્યા. સાથે એ બુઢ્ઢો અને સાત આઠ માણસો હતા. વાઘને ભેટ ધરવા એક બકરો પણ જોડે લીધો હતો. લોકોના હાથમાં ધારિયાં હતાં. કેટલાકે ડાંગ લીધી હતી. ગામથી જંગલમાં જવાનો રસ્તો ઢળતો અને ઉતારનો હતો એટલે અમે લોકોએ પગદંડી ઉપર એકની પાછળ એક એમ ચાલવા માંડ્યું. એક જગ્યાએ પહોંચીને અમે વિચાર કર્યો કે જો વાઘ આટલામાં અરધા માઇલની આસપાસ હશે તો બકરાનો અવાજ સાંભળીને જરૂર આવશે. જો બકરો બાંધીને વાઘને મારવો હોય તો

બાંધવાનું સ્થાન એવું હોવું જોઇએ કે જયાંથી અવાજ દૂર દૂર સુધી સંભળાય. ઊંડી ખીણમાં કે મેદાનમાં જયાંથી એનો અવાજ માત્ર એક જ તરફ સંભળાય એવી રીતે બકરો બાંધવો ઠીક નથી. સાથેસાથે એ જગ્યા આસપાસ ઉઘાડી પણ હોવી જોઇએ. એટલે વાઘ બકરા પર આક્રમણ કરે તે પહેલાં જ અથવા હુમલો કરતી વખતે જ તેને મારી શકાય. ઘણી વાર એવું બને છે કે લોકો બકરાને ઝાડીની પાસે બાંધે છે; જયાંથી એક ગજ દૂર ચારે તરફ કશું જ દેખાતું નથી. પરિણામે વાઘ આવીને બકરાનું ગળું દબાવીને ઊંચકીને ઝાડીમાં ગેબ થઇ જાય છે અને શિકારી સાહેબ ઉલ્લુની માફક જોઇ રહે છે. અથવા આંધળિયાં કરીને ગોળી છોડે છે અને વાઘને બદલે બકરાને જ વિંધી નાખે છે. બકરાને એટલી મજબૂતીથી ત્રણ ખીલાઓ બેસીને બાંધવો જોઇએ કે વાઘના આક્રમણના ધક્કાથી દોરડું તૂટી ન જાય. લક્ષ્મીદત્તે એ જ રીતે બકરાને ખૂબ મજબૂત બાંધ્યો. બકરો બાંધતાં પહેલાં અમે અમારી બેસવાની જગ્યા તૈયાર કરી લીધી હતી. અમારી બેઠક બકરાથી પચ્ચીસ ગજ દૂર ઊંચે હતી. ઊંચે એટલા ખાતર સ્થાન રાખ્યું હતું કે વખતે વાઘ ઘાયલ થઇને અમારા ઉપર આક્રમણ કરી બેસે તો ચઢાણ હોય તો એને ચઢતાં જરા કઠણાઇ પડે. અમે પહેલાં ગુપચુપ બેસી ગયા એટલે બકરાને એમ ખબર ન પડે કે એની સમીપ માણસો બેઠા છે. એમ ખબર પડી જવાથી બકરો એ તરફ જ જોયા કરે છે અને બેં બેં કરવું બંધ કરી દે છે. કેમકે એને આદમીનો સહારો મળી જાય છે. સહારાની આશા પશુ અને માનવી બંનેને હોય છે.

અમે બેસી ગયા પછી બકરાને બાંધી કરીને ગામના લોકો હોહા કરતા અને વાતો કરતા ચાલ્યા ગયા જેથી વાઘ એમ સમજે કે કિસાન લોકો જંગલમાંથી સંધ્યાકાળે રાબેતા મુજબ ઘેર ચાલ્યા ગયા.

અમે બંને નિર્જન સ્થાનમાં ચોરની જેમ ઘાતકી દૃષ્ટિ સ્થિર કરીને વાઘનો જાન લેવા બેઠા હતા અને બકરો બિચારો પચ્ચીસ ગજ નીચે બેં બેં કરીને આકાશ પાતાળ એક કરતો હતો. એને પોતાના પ્રાણની પડી હતી. એને શી ખબર કે એનો એ પોકાર એના મૃત્યુને જ આવાહન હતું.

પૂર્ણિમા હતી એટલે રાત પડતાં જ પૂર્વમાંથી શશિદેવ પોતાની સંપૂર્ણ કાન્તિથી સજ્જ થઇને નીકળ્યા. અમને એ વખતે ચન્દ્રના ચાંદની સાથે પ્રેમ નહોતો. અમે તો 'કાકચેષ્ટા બકધ્યાનમ્'થી વાઘની રાહ જોતા હતા. બકરાની બૂમો અનંત રૂપે ચાલુ હતી. અમે પણ અદીઠ જાદૂગરની જેમ સંતાઇને વાઘની રાહ જોતા હતા. સાત, આઠ અને નવ વાગી ગયા. વાઘને આવવું હોય તો સમીસાંજે પણ આવી જાય છે.

રાહ જોતાં જોતાં દસ વાગવા આવ્યા, ત્યાં લક્ષ્મીદત્તજીને સીગારેટ પીવાની ઇચ્છા થઇ. પણ મેં સંકેતથી એમને એમ કરવા ન દીધું, કારણ કે વાઘને સાવધાન કરવા ને નસાડવા માટે જરા જેટલો સંદેહ પણ બસ હોય છે. વાઘને મારવો તો પછી, પણ પહેલાં એને ઠગવાનો હોય છે. વીરતા ધરાવવાની સાથે સાથે એને જે છેતરી પણ જાણે તે જ એને મારી શકે. હવે રહી મરવા જીવવાની વાત. એમાં તો વાઘના શિકાર સાથે પોતાનો શિકાર થવાની પણ પૂરી સંભાવના હોય છે.

સાડા અગિયાર વાગ્યે, અમારાથી ચારપાંચ ફર્લાંગ દૂર કાકડ (Barking Deer) બોલ્યો. કાકડ ભયભીત થઇને અથવા વાઘને જોઇને જ બોલે છે. કદાચિત્ વાઘ જ હશે એમ ધારી અમે બંદૂક તૈયાર કરીને સાવધાન થઇ ગયા અને એકીટસે આંખો ફાડીને જોઈ રહ્યા! પણ શું? એક વાગી ગયો પણ વાઘ ન આવ્યો! છતાં અમે નિરુત્સાહિત ન થયા. અમે તો પુરાતન પાપી હતા.

———રામબાણ———→

(ભજન)

રામબાણ વાગ્યાં હોય તે જાણે (૨) —ધ્રુવ૦

ધ્રુવને વાગ્યાં, પ્રહ્લાદને વાગ્યાં, ઠરી બેઠા ઠેકાણે,
ગર્ભવાસમાં શુકદેવજીને વાગ્યાં, વેદવચન પરમાણે—રા૦

મોરધ્વજ રાજાનાં મન હરી લેવા, વહાલો પધાર્યો તેઠામે,
કાશીએ જઇને કરવત મેલાવ્યાં, પુત્રપત્ની બેઉ તાણે—રા૦

બાઇ મીરાં ઉપર ક્રોધ કરીને, રાણો ખડ્ગ લઇ તાણે,
ઝેરના પ્યાલા ગિરધરલાલે, અમૃત કર્યાં એવે ટાણે—રા૦

નરસિંહ મહેતાની હુંડી સીકારી બેપ કરી ખરે ટાણે,
અનેક ભકતોને એણે ઉગાર્યા, ધનો ભગત ઉર આણે—રા૦

ધનો ભગત

વાઘના સ્વભાવથી બરાબર પરિચિત હતા. અમે જાણતા હતા કે એ તસ્કર પોતાના ભોજન (બકરા) ઉપર જલ્દી પણ આવે છે અને વિચાર કરીને ઘણો મોડો પણ આવે છે. એટલામાં અમારાથી પચાસ ગજ દૂર એક પત્થર ગબડ્યો. પણ પછી અવાજ ન થયો. અમારી ખાતરી હતી કે ગમે તે હો પણ એ વાઘ જ છે. દૂરથી જ એણે બકરાને જોયો છે અને પોતે તદ્દન નિર્ભય છે એની ખાતરી કરવા છાનોમાનો રાહ જુએ છે કે વખતે બકરાની સાથેસાથે કયાંક છળકપટી માણસ પણ ન હોય. એને લાગ્યું કે હવે ભય નથી એટલે એણે આગળ વધવા માંડયું. બકરાએ વાઘને જોઇને બેં બેં કરવું બંધ કરી દીધું, અને સંકોચાઇને કાતિલ દૃષ્ટિએ વાઘને જોઈ રહ્યો. પોતાની સામે મોતને નગ્ન સ્વરૂપે જોઇને બકરો વિવશ બનીને ચુપચુપ કાંપતો ઊભો હતો. હજી વાઘ ખુલ્લા મેદાનમાં આવ્યો નહોતો, અમે એને જોયો નહોતો; પણ બકરાની દૃષ્ટિ એના પર પડી ગઇ હતી. થોડી વાર પછી ઝાડીની ધાર પર બે ચમકતા અંગારા દેખાયા. એ આંજી નાંખતા તેજકણ તે વાઘની ભયાનક આંખો જ હતી. અજગર અને વાઘની આંખોમાં મોહક શક્તિ હોય છે. એ શક્તિ અમારી અને બકરાની સામે હતી. મેં ધીરેથી લક્ષ્મીદત્તને દબાવ્યા. ઉત્તરમાં એમણે પણ એ જ સંકેત કર્યો. શિકારને સમયે હાલવું ચાલવું અથવા બોલવું એ મૂર્ખતા છે. શિકારના સંકેત હોય છે. એ સંકેતથી અમે તૈયાર થઇ ગયા. વાઘે જ્યારે જોયું કે પોતે એક જ છલંગમાં બકરા ઉપર કૂદી શકે એમ નથી એટલે ધીરેધીરે બિલાડીની જેમ આગળ વધ્યો અને પોતાના સ્નાયુ અને પુઠ્ઠાને એકત્ર કરીને વજ્રની જેમ બેઠો. આ આસન ઘાતક હતું અને હવે બકરાના જીવનની ક્ષણો ગણાતી હતી. પણ નહિ.

'ધાંય. . . . .'નો ભીષણ પ્રલયકારી અવાજ થયો. લક્ષ્મીદત્તજીએ પોતાની બેનાળી બંદુકના બંને ઘોડા દબાવી દીધા હતા. બંદુકના ભયાનક અવાજનો ઉત્તર વાઘે એનાથી યે વધારે ભયાનક ગર્જનાથી આપ્યો. વાઘને ગોળી વાગી હતી, પણ મર્મમાં નહિ. પેટમાં વાગી હતી. હું મારી રાઇફલ લઇને બેઠો જ હતો. હું ધારત તો સીધી વાઘની ખોપરી પર ગોળી મારી શકત. પરંતુ તે દિવસે શિકાર લક્ષ્મીદત્તનો હતો. ચોટ ખાઇને વાઘ ગરજ્યો અને વિદ્યુત્‌ગતિથી લપકીને અંદાજથી અમારી તરફ કૂદ્યો. અમારા હોશકોશ ઊડી ગયા. અમને લાગ્યું કે થયું; હિંસાનાં પાપોનું પ્રાયશ્ચિત્ત 'સર્વં વૈ પૂર્ણં ૐ સ્વાહા' થઇ ગયું! હાંફતા વાઘને ઝડપથી ઉપર ચડતો જોઇને મેં રાઇફલ દબાવી. પણ નિશાન ચૂકી ગયો. રાત્રિનો સમય, રાઇફલનું નિશાન અને તે ય દોડતા વાઘ ઉપર! ઝડપથી ખાલી કારતુસ કાઢીને ભરેલો મૂકયો.

પણ એટલામાં તો લક્ષ્મીદત્ત હજી પોતાની બંદુકના ખાલી કારતુસ કાઢીને નવા કારતુસ મૂકે ન મૂકે ત્યાં તો, વાઘે આવીને આગલા પંજાની થાપ અમારી આડ ઉપર જોરથી લગાવી. બધું જ —ઝાડ, ઝાંખરાં, લાકડાં—તૂટી ગયું. અમારી કિલ્લેબંદી જમીનદોસ્ત થઇ ગઇ. અમે વાઘની સામે બેઠા હતા. મેં ઝડપથી બીજો ફાયર કર્યો, પણ ઉતાવળમાં એ એની છાતીમાં લાગવાને બદલે મારા તરફ ઉગામેલા તીરછા પંજામાં વાગ્યો. એથી એનો આગલો પંજો તો બેકાર થઇ ગયો; પણ ત્યાં તો . . . . ઉફ! એણે બીજા પંજાથી વજ્રપ્રહાર કર્યો.

એ સમય સંભારતાં હજી મારું કાળજું કંપી ઊઠે છે. લેખિની મારી એ સમયની મનોવૃત્તિને વ્યક્ત નથી કરી શકતી. એ અચૂક ક્રૂર પ્રહારથી લક્ષ્મીદત્ત લોથપોથ થઇને નિર્જીવ પત્થરની જેમ નીચે ગબ-

બેકારીબાણ

(પ્રતિકાવ્ય)

બેકારી બાણ વાગ્યાં હોય તે જાણે (૨) —ધ્રુવ૦
મૅટ્રિકને વાગ્યાં, બી.એ. ને વાગ્યાં, ઠરે તે કયાંથી ઠેકાણે?
મીલમીલમાં મજૂરોને વાગ્યાં, માર્કસવચન પરમાણે—બે૦

ગ્રૅજ્યુએટોનાં મન હરી લેવા ગવર્નર પધાર્યા તે ટાણે,
કાશી ગયા વિના કરવત મેલાણાં, બાપને વહુ બેય તાણે—બે૦

બુદ્ધિના ઉપર ક્રોધ કરીને બળવો ખડ્ગ લઇ તાણે,
ઝેરના પ્યાલા ભૂખમરાએ અમૃત માન્યા એવે ટાણે—બે૦

યુનિવર્સિટીની હુંડી સીકારી, બેપ કરી ખરે ટાણે,
અનેક યુવકોને એણે ઉઠાવ્યા, રામો ભગત ઉર આણે—બે૦

રામપ્રસાદ શુકલ



અને બંદુકની નળીઓ એના મોંમાં હુલાવી દઇને હું એનું માથું ન વધેરી નાખત તો મારૂં કામ પણ એ તમામ કરી નાખત.

ડવા લાગ્યા. થપાટને વખતે માત્ર એમના મોંમાંથી આટલા જ શબ્દો નીકળ્યા: 'માસ્તર, કમોતે મર્યો!' એમની બંદુક મારી બાજુએ આવી પડી. મારૂં માથું ભમી ગયું. આંખો સામે અંધારૂં છવાઇ ગયું. વાઘના ભયથી નહિ, મારા મોતની આશંકાથી પણ નહિ, પરંતુ પોતાની વૃદ્ધમાતાના એક માત્ર આધાર લક્ષ્મીદત્તને ખાતર! એમની પ્રિયતમા પોતાના . . . . . . સમાચાર સાંભળીને કેવું માથું પછાડશે! લક્ષ્મીદત્તના ઘરમાં ત્રણ જીવ હતા. એમની અઠ્ઠાવીસ વર્ષની પત્ની, પાંચ છ મહિનાની પુત્રી અને એમની પાંસઠ વર્ષની જનેતા. આ માતા લક્ષ્મીદત્તની બે વરસની ઉમરે જ વિધવા બની હતી. આવા કુટુંબ પર આ વિપત્તિ–આ વજ્રાઘાત! અને એના સમાચાર આપનાર હું! આ મારાથી કેમ થશે? કયે મોઢે હું ગામમાં જઈશ? મેં એ શરત શા માટે કરી કે આજે પહેલી ગોળી તમે જ મારજો? આ મોતની નૈતિક જવાબદારી મારી હતી! થવાનું તે જ થાય છે, જે ભગવાનની ઇચ્છા હોય છે. પણ મને એનું સાધન શા માટે બનાવ્યો?

કોણ જાણે વાઘ લક્ષ્મીદત્તને કયાં ખેંચી ગયો હશે અને એમના શરીરની કેવીયે દુર્ગતિ કરી હશે એ વિચાર આવતાં હું પાગલ જેવો બની ગયો. આંધળિયાં કરીને ગોળીઓ છોડવી એ તો નિરર્થક જ હતું. કદાચિત્ લક્ષ્મીદત્તમાં જીવન બાકી હોય તો નાહકના મારી ગોળીના નિશાન બની જાય. એમને હવે શોધું પણ કયાં? અને સવાર સુધી રાહ પણ કેમ જોવાય? મારી જીવનલીલા પણ અહીં જ સમાપ્ત થઇ જાય તો સારૂં થાય કે એક વૃદ્ધ નિરાધાર સ્ત્રીનો શાપ અને ચિત્કાર તો સાંભળવાનો નહિ; એક જુવાન પત્નીનો હૃદયવિદારક વિલાપ તો કાને નહિ પડે! આ દુઃખ અને ઉદ્વિગ્નતામાં રાઇફલ ત્યાં જ પટકી દઇને લક્ષ્મીદત્તજીએ ભરેલી બેનાળી બંદુક લઇને વાઘ અને લક્ષ્મીદત્ત જે તરફ ઘસડાયા હતા તે તરફ ઊતર્યો. બંદૂક ખોલીને જોઇ લીધી તો બંને નળીઓ ભરેલી હતી. પંદરવીસ ગજ ઊતરીને હું જેવો બકરાવાળા મેદાન-

માં જવાની તૈયારી કરતો હતો ત્યાં એક તરફ એક લાંબી વસ્તુ પડેલી દેખાઇ. ખ્યાલ આવ્યો કે કદાચિત્ લક્ષ્મીદત્તનું શબ હશે. પણ નહિ, એ તો વાઘ હતો!

મેં માન્યું કે રાક્ષસ વાઘ લક્ષ્મીદત્તને મારીને મર્યો છે. હું હજી તો વિચાર કરતો હતો ત્યાં તો વાઘ એકદમ લપક્યો, અને જો હું બંદૂકની નળીઓ એના મોઢામાં હુલાવી દઇને, ઘોડો દબાવીને એનું માથું ન વધેરી દેત તો એક જ ચોટમાં મારું તમામ કામ ખતમ કરી નાખત.

વાઘ તો મર્યો પણ હજી મારે તો લક્ષ્મીદત્તની શોધ કરવી હતી. બકરા પર એટલો તો ક્રોધ આવતો હતો કે એને પણ ખતમ કરી દઉં. કોણ જાણે કયા મુહૂર્તમાં એને લીધો કે આવી ઘટના બની ગઇ. ખુલ્લી જગ્યાની ચારે બાજુએ શોધ કરી, પણ ક્યાંય લક્ષ્મીદત્તનો પત્તો ન મળ્યો. હારીને પાછો ઉપર, બેસવાની જગ્યાએ ચઢીને આવ્યો અને ત્યાંથી અંદાજ લગાવીને ફરી પાછો ઊતર્યો. ઊતરતાં થોડે જ દૂર લક્ષ્મીદત્તજીનું શરીર મળ્યું. જોઇને પહેલાં તો મગજ થંભી ગયું, હૃદયની ગતિ વધી ગઈ. અંતરાત્મા કહેતો હતો કે વખતે પ્રાણપંખી હજી જીવિત હશે. સંદિગ્ધાવસ્થામાં માણસ વમળમાં પડેલી લાકડી જેવો હોય છે, જે ક્યારેક ઉછળે છે અને ક્યારેક ડૂબે છે.

સાહસ કરીને હું એમના માથા પાસે બેસી ગયો. હાથ ઉઠાવીને નાડી જોઇ. હેં! આ શું? નાડી તો ચાલે છે. ગતિ ખૂબ મંદ હતી. મેં તો થડકા ગણ્યા વિના ગજવામાંથી બ્રાંડીની બાટલી કાઢી અને લક્ષ્મીદત્તનું મોઢું ઉઘાડીને લગભગ એક તોલો બ્રાંડી અંદર ઉતારી દીધી. હું શરાબી પણ નથી અને શરાબ પીતો યે નથી; પરંતુ શિકારમાં કેટલીક દવાઓ સાથે રાખું છું, અને બ્રાંડી તેમાં આવશ્યક વસ્તુ છે. બ્રાંડી પેટમાં જતાં જ લક્ષ્મીદત્તે આંખો ઉઘાડી અને કરાંજવા લાગ્યા. મેં કહ્યું, 'તમારાથી વધારે ખરાબ હાલત મારી થઇ ચૂકી છે. શરીર ઘાયલ નથી થયું, પણ મન તો ઘાયલ થઇ ચૂક્યું છે. કરાંજશો નહિ. દિવાસળી આપો, દેવતા પાડું. ટાઢથી હાડકાં તો પણ જાણે ગળી જાય છે. તમારા ઘા પછી અજવાળે જોઉં છું. વાઘ અહીં પાસે જ મરેલો પડ્યો છે.

લક્ષ્મીદત્તજીએ કહ્યું, 'હેં! મરેલો પડ્યો છે?!'

મેં કહ્યું, 'હા, મરેલો જ પડ્યો છે. અંતે એણે મારી ગોળી પણ ખાધી.'

દેવતા પાડ્યો, અને લક્ષ્મીદત્તને ઊચકીને દેવતા પાસે લઇ ગયો. અજવાળામાં એમના ઘા જોયા. વાતો કરતાં અને પાટાપીંડી કરતાં વ્હાણું વાયું.

જે સમયે વાઘ અમને ભેટંભેટ થઈ ગયો હતો. મેં ગોળી છોડી હતી તે વખતે ગોળી છોડવાનો સમય ન હોવાથી લક્ષ્મીદત્તે પોતાની ખુખરી વાઘની છાતીમાં હુલાવી દીધી હતી. મેં એ જ વખતે ગોળી છોડી હતી, પણ લક્ષ્મીદત્તના પ્રહારને કારણે હું નિશાન ચૂકી ગયો હતો. અને વાઘે તરત જ એ ખુખરીના વાપરનારને થપાટ મારી હતી. પંજાનો પૂરો આઘાત તો એમની બંદૂક પર પડ્યો હતો, ને તેથી જ બંદૂક ઉછળીને મારી પાસે આવી પડી હતી. વાઘના પંજાના માત્ર બે નખ એમની ભુજા પર પડ્યા હતા અને એણે કોટ, ચેસ્ટર, ખમીસ અને સ્વેટર ને વીંધીને ચામડી ચીરી નાખી હતી. આ જ ઝટકાથી લક્ષ્મીદત્ત એટલા દૂર ઉછળી પડ્યા કે જાણે કોઇ ખેલાડીએ ફૂટબૉલ ઉછાળ્યો. લક્ષ્મીદત્તે માન્યું કે બસ અંત આવી ગયો. એમને ફેંકીને વાઘ એમની પાસે ગયો, પણ એ એમની ગરદન ચૂસી લે તે પહેલાં તો એમણે પોતાની રહીસહી તાકાત વાપરીને ખુખરી વાઘના પેટમાં ખોસી દીધી. વાઘ ચોટ ખાઇને ઉછળ્યો અને બેહોશ થઇને પડ્યો. પેલી બાજુ લક્ષ્મીદત્ત પણ અચેત થઇને પડ્યા.

લક્ષ્મીદત્તને ખૂબ ઉઝરડા થયા હતા. એક આંગળી પણ ઊતરી ગઇ હતી. આંખો અને ચહેરા ઉપર જાણે કોઇએ હંટરથી ફટકાર્યા હોય એવા ચિહ્નો પડ્યાં હતાં.


હાથના ઘાની મોટી ચિંતા હતી. વાઘના નખની ચોટથી ઘા ઝેરી (Septic) બની જાય છે. અમે લોકોએ તેહરી પહોંચીને કોઇને પણ ન કહ્યું કે વાઘે લક્ષ્મીદત્તજીને ઘાયલ કર્યો છે. વૃદ્ધ માતાના પ્રેમજન્ય કોપનો ભોગ કોણ બનત? કહી દીધું કે ગબડી પડ્યા એટલે ચોટ લાગી ગઈ અને પત્થર પેસી ગયો.

લક્ષ્મીદત્તે દસ દિવસની રજા લીધી, ધીરે ધીરે સાજા થઇ ગયા અને ફરીથી એમણે પોતાના ઉદરને હરણ, ચકોર અને તેતરની કબર બનાવવા માંડી.

શ્રીરામ શર્માના હિંદી પરથી અનુવાદક **કિસનસિંહ ચાવડા**



મોતી તેની ઉત્પત્તિ પ્રાપ્તિ ને ખેતી




મહામૂલું મોતી એ અનન્ય આભૂષણ ગણાય છે. સુંદર, શ્રેષ્ઠ ને મનોરમ ઘરેણું બનાવવાને મોતીનો વપરાશ અનિવાર્ય કહી શકાય. એ મનોહર મોતીએ કોનું ચિત્ત નહિ આકર્ષ્યું હોય?

મોતી મુખ્યત્વે એશિયાઇ સમુદ્રોની ઉત્પત્તિ છે. હિંદની દક્ષિણે સિંહલદ્વીપ પાસે મનારનો અખાત પ્રાચીન કાળથી મોતીની ઉત્પત્તિ માટે પ્રસિદ્ધ છે. અહીં કોંડાટચીને કિનારેથી દરિયામાં વીસ માઇલ દૂર મોતી કાઢવાનું મુખ્ય મથક છે. ઇરાની અખાતમાં બહેરીન દ્વીપ પાસેથી તો છેક જૂના કાળથી દુનિયામાં પુષ્કળ મોતી મળતાં આવ્યાં છે. મેક્સિકોની ખાડીમાં, આસ્ટ્રેલિયાની કંઠારમાં કેટલેક સ્થળે અને મુખ્યત્વે તેના વાયવ્ય કિનારે, માડાગાસ્કર, અરબસ્તાન. ન્યૂ ગાએના, બોર્નીઓ, ફિલિપ્પાઇન ટાપુઓ અને જાપાન નજીકના સમુદ્રોમાં પણ ઉત્તમ મોતીઓ પાકે છે.

સૌ જાણે છે કે એ મોતી પુરૂં પાડનાર કાલુ માછલી (Mother-of-pearl oyster: વૈજ્ઞાનિક નામ Meleagrina margaritifera) પૂરાં પાડે છે. પણ દુન્યવી વસ્તુઓમાં સૌંદર્યશ્રેષ્ઠ મોતીના જનક એ પોચા પ્રાણીને તો નજરે જોવું યે ન ગમે! ક્યાં એક ચિત્તાકર્ષક મોતી અને ક્યાં દુર્ભેદ્ય ખરબચડા આવરણવાળું મૃદુ અને શિથિલ આ નાનું પ્રાણી! મોતીની રચના જાણવાને આપણે એક આછો દૃષ્ટિપાત એ પ્રાણીના જીવન તરફ કરવો પડશે. જાણીને આશ્ચર્ય થશે કે કેવા વિચિત્ર સંજોગોમાં એ સુંદરતર મોતીઓનો જન્મ થાય છે. કો' મહાકવિના કાવ્યની નાયિકાના કપોલ પરથી સરતાં અશ્રુબિંદુ શાં મોતીઓની કથા પણ એ અશ્રુની ઉત્પત્તિની કથા જેવી જ કરુણ, રસિક કે ગંભીર કેમ ન હોઇ શકે?


મોતી નીકળતાં હોય એ સ્થળના સમુદ્રની સપાટી પર આપણે કોઇ ચીકણા પદાર્થના નાના કટકા જેવા છીપ વિનાના ઝીણા અને પોચા પ્રાણીને તરતો નિરખીએ તો તે વખતે આપણને ખ્યાલે ન આવે કે એ જ પ્રાણી ભવિષ્યમાં મોતી પૂરાં પાડશે. વખત જતાં એ પ્રાણીની છીપ વધતાં એનું વજન પણ વધે છે, એટલે પછી એને સમુદ્રતળિયે જઈ રહેવાની ફરજ પડે છે;—એ ડૂબે છે. ત્યાં પોતાના શરીરમાંથી તાંતણા



મોળાકત

ચિત્રકાર • કનુ દેસાઈ

(તાજેતરમાં બહાર પડેલા ચિત્રસંપુટ 'વ્રતચિત્રાવલિ'માંથી)



ગાંધીજી

(સોરઠા)

સીંચ્યાં તપનાં તેલ કોરા જીવન-કોડિયે,
બળતી દેહદીવેટ દેશદાઝને દીવડે;
સમાજના સોનાર! મનમંથનની ભઠ્ઠીએ,
હૈયાકેરાં હેમ ગાળી ઘાટ ઘડ્યા ઘણા.

રમણીક અરાલવાળા


જેવા રેસા (byssus) કાઢી તે તળિયે કોઇ અચર પદાર્થને વળગી રહે છે. એને યે પોતાના જીવનનિર્વાહ અર્થે પોષણની જરૂર તો ખરી ને? એટલે સમુદ્રનું ઝીણાઝીણા જંતુવાળું પાણી એ પીએ છે. એ ઝીણા જંતુઓને પોતાના પોષણ માટે રાખી બાકીનું નકામું પાણી એ શરીર બહાર કાઢી નાખે છે. ક્વચિત કોઇ રજકણ, માછલીનું ઇંડું કે કોઈ સમુદ્રજંતુના હાડકાની અતિ નાની કણી એ ઑઇસ્ટર પાણી સાથે ગળી જાય છે, પણ ગળી ગયા પછી તેને બહાર કાઢી શકતું નથી. એની આ અશક્તિમાં જ કુદરતે મનુષ્યને મોતીની બક્ષિશ આપેલી છે એમ કહી શકાય. નકામું પાણી નીકળી જતાં એના ખાદ્ય પદાર્થ સિવાયનો કોઈ નાનોસરખો કણ પણ જો એના શરીરની અંદર પડી રહે છે,. તો પછી ત્યાં એનો અસહ્ય સ્પર્શ એનાથી ખમાતો નથી. એને એથી અત્યંત દુઃખ થાય છે. દુઃખ હળવું કરવા કુદરતે એને એક ઉપાય બક્ષેલો છે. એના શરીરમાં ઉત્પન્ન થતા એક પ્રકારના પ્રવાહી (nacre)નું પડ ચડાવી એ પ્રાણી પેલી વસ્તુને આવરી લે છે; પરિણામે તે લીસી બને છે.

વખત જતાં એ રસનું આવરણ પણ કઠણ બને છે. પછી તો મેઘધનુષને મળતા ચૂના જેવા એ રસ (lamina)ના પડ પર પડ પેલી વસ્તુ પર એ પ્રાણી ચડાવતું રહે છે. રફતેરફતે એ થર કઠણ અને વધારે લીસા બની વસ્તુ મોટી બને છે. આ જ આપણું મનોહર મોતી.

મોતી ઉત્પન્ન કરતાં એ પ્રાણીઓનું નિવાસસ્થાન હમેશાં છીછરા સમુદ્ર અને રેતાળ કિનારે માલૂમ પડે છે; પણ મુખ્યત્વે કાલુ માછલીની છીપમાં જ સાચાં અને સુંદર મોતી પાકે છે. કેટલાક દેશની મોટી નદીઓમાં પણ મોતીની છીપો તો મળી આવે છે. પણ એ મીઠા પાણીમાં થતાં મોતી દરિયાઇ મોતી કરતાં ઘણુંખરૂં રંગે ઝાંખાં અને સૌંદર્યમાં કનિષ્ટ પ્રકારનાં હોય છે.

જે છીપો બેડોળ આકૃતિની અને વૃદ્ધિમાં ઠીંગરાઇ ગએલી તેમ જ દેખાવે કૃત્રિમ અને કુરૂપ રીતે વધેલી લાગતી હોય અથવા જેના પર પરોપજીવી જંતુઓનાં જાળાં બંધાએલાં હોય એ જ છીપોમાં મોતી પાકે છે. આ છીપો મોટી હોય છે અને એ ચાર વર્ષની વયે પહોંચતાં સુંદર મોતી આપી શકે છે. સાત આઠ વર્ષની છીપ સારી પેઠે પુખ્ત ગણાય છે અને તેમાંથી નીકળતું મોતી મોટું અને તેજસ્વી હોય છે. મોતી કાઢનારાઓ પણ પોતાના પ્રત્યક્ષ અનુભવ ઉપરથી આ જ હકીકત પુરવાર કરે છે.

મોતીની બનાવટ આપણે ઉપર સમજ્યા તે પ્રમાણે તેના મધ્યસ્થ ભાગ તરીકે રેતીનો કણ તો ક્વચિત જ હોય છે. ઘણુંખરૂં તો કોઇ ઝીણા જંતુનો અવશેષ, તેનો કોઇ ભાગ કે સૂક્ષ્મ 'ડાએટોમ' જંતુ (એનું શરીર ચાકનું હોય છે અને મોતી ઉત્પન્ન કરતાં પ્રાણીઓનો એ ખોરાક છે)નો નકામો ભાગ કે મોતી નીપજાવતા કોઇ પ્રાણીનાં જ ઇંડાં પર મોતી બંધાય છે. ડૉ. લિસ્ટર જેમ્સન, ડૉ. ગ્રીન જૅક્રે, ડૉ. કિલાર્ટ અને બીજા જાણીતા શંખશાસ્ત્રજ્ઞો (Conchologists)એ પોતાનાં સંશોધનોને અંતે ઉપરનું



ઉપર: મોતીની ખેતી (પર્લ કલ્ચર) માં ઑઇસ્ટરનો પ્રાથમિક વિકાસ—જન્મથી તે આઠ માસ સુધીનો વચ્ચે: આઠ માસથી તે ચાર વર્ષની વય સુધીનો વિકાસ. નીચે: ઑઈસ્ટરની પૂર્ણાવસ્થા દસ વરસની વયે

મંતવ્ય બહાર પાડ્યું છે. મનારના અખાતનું મોતી કાઢવાનું કામ જોઇ લખાએલા, લિવરપુલના પ્રો. હર્ડમૅનના તે વિષયઉપરના અહેવાલમાં ઉપરની માન્યતાને કંઇક અંશે ટેકો આપતી હકીકત નોંધાએલી છે. સામાન્ય રીતે બધાં મોતી એ રીતે જ ઉત્પન્ન થાય છે અને તેઓ નક્કર હોય છે. મોતી જેમ વધુ નક્કર તેમ તેમાં કૉંચિનનું તત્ત્વ વધુ હોય છે. તેના તાજેતરમાં જ થએલા પૃથક્કરણ પરથી આટલાં રાસાયણિક દ્રવ્યો તેમાં હોવાનું સાબિત થયું છે: ૮૫ ટકા કાર્બોનેટ ઑવ લાઇમ, ૧૨ ટકા સજીવાણુઓ(કૉંચિન વગેરે)અને ૩ ટકા પાણી.

કોઇકોઇ વાર તો મોતી હદ ઉપરાંત મોટું બની જતાં એ પ્રાણીનું શરીર ભેદી બહાર નીકળી પડે છે અને છીપ તથા એ પ્રાણીના શરીર વચ્ચે છૂટું પડી રહે છે. ઘણીવાર એ રીતે તૂટી પડતું પોતાનું શરીર સાંધવા માટે જે પ્રવાહીનું આ મોતી બને છે તે જ રસ ત્યાં દ્રવે છે, અને તે વડે એ મોતી છીપની અંદરની સપાટીને ચોંટી રહે છે. એ સ્થિતિમાં એ મોતી એવી રીતે ઢંકાઇ જાય છે કે તેનો અર્ધ ગોળ ભાગ જ બહાર દેખાય છે. ઝવેરીઓમાં એ મોતીનું સ્થાન અનોખું હોય છે. જ્યારે કાલુ માછલી પર કોઇ બીજું પ્રાણી આક્રમણ કરે ત્યારે પોતાનું રક્ષણ કરવા, અથવા કોઇ યુદ્ધમાં ઘાથી કે બીજાં કોઇ કારણોથી તેની છીપમાં છિદ્ર પડે તો તે પૂરવા પણ તે એ જ પ્રવાહીનો ઉપયોગ કરે છે. તે વખતે થએલા એ રસના જમાવનું જે મોતી બંધાય છે તે તો ખૂબ મોટું, પોલું અને પાણીદાર બને છે. એવાં મોટાં મોતીને આપણે અંગૂરી મોતી તરીકે ઓળખીએ છીએ.

મોતીની છીપ કાઢનારાઓ કોઇ કાલુ માછલીની છીપને ખુલ્લી જુએ અને લાગ આવે તો તેમાં કાંઇક સૂક્ષ્મ વસ્તુ તેઓ મૂકી દે છે. વખત વીતતાં તેના પર મોતી બંધાય છે. ચીનનાં મોતીઓમાં કયારેક બુદ્ધની કે બીજી મૂર્તિઓ કે એવું કાંઇ જોવામાં આવે છે ને એ અદ્દ્ભુત દેખાતાં મોતી ઘણાને વિસ્મયનો વિષય બને છે. એ મોતી આ જ રીતે બનેલાં. કાલુની છીપમાં બુદ્ધની અતિ બારીક કોરેલી મૂર્તિઓ મૂકી તેના પર મોતી બંધાવા દીધેલી આવી છીપોનો સંગ્રહ લંડનના સાઉથ કેન્સિંગ્ટનમાં આવેલા નૅચરલ હિસ્ટરી મ્યૂઝિયમમાં છે. હવે એ મૂર્તિઓ છીપના થરોથી ઢંકાઇ ગએલી છે. કોલંબો સંગ્રહાલયમાં બાર કૅરૅટ વજનનું ખુલતા સોનેરી રંગનું એક તેજસ્વી મોતી છે ને એના નીતર્યા પારદર્શક પડ નીચે સફેદ હાથીનો સંપૂર્ણ આકાર જોઇ શકાય છે. એ મોતી બે હજાર વર્ષનું જૂનું કલ્પવામાં આવે છે અને એના ગર્ભભાગમાંનો હાથી હાથીદાંતનો બનાવેલો હોય એમ સૂક્ષ્મદર્શક યંત્રથી તપાસતાં જણાય છે.

મોતી ઉત્પન્ન કરતા એ પ્રાણીની છીપનો બહારનો ભાગ જેમ ઘસાતો જાય તેમ અંદરનો ભાગ બહાર આવતો જાય છે. છીપ પાતળી અને અસમર્થ ન થઇ જાય તે માટે એ પ્રાણી અંદરથી પોતાની છીપ પર પડો ઉમેરતું જ રહે છે અને છીપને મજબૂત રાખે છે, કેમકે પાતળી છીપમાં રહેવું કાલુ માછલીને ભયાવહ લાગે છે. વાસ્તવિક રીતે જે રસનું મોતી બને છે તે જ વસ્તુના એ છીપના થર પણ બનેલા હોય છે. એ છીપ બહારથી જેટલી બેડોળ અને વિષમ દેખાય છે તેટલી જ અંદરથી સુંવાળી અને સુંદર હોય છે. પોતાનું ઘર કોણ મજેનું ન રાખે? ઘણી વાર તો છીપની અંદરનો એ ભાગ સૌંદર્યમાં મીનાથી પણ ચડી જાય છે. એ છીપો એકઠી કરવાનું કામ હિંદને કિનારે ઘણે સ્થળે ચાલે છે, પણ કયાંયે નિશ્ચિત પદ્ધતિથી કે સતત નહિ. એ છીપોની નિકાસ મુખ્યત્વે દક્ષિણ હિંદમાંથી પુષ્કળ પ્રમાણમાં થાય છે. મદ્રાસ તરફ તુતીકોરીન એની નિકાસનું મુખ્ય મથક છે. એ છીપો ઘરેણાં, રમકડાં, બટન અને ચપ્પુ કે છરીના હાથા બનાવવામાં ઉપયોગી છે. હિંદમાં કોટા, ભેરા અને આગ્રામાં લાકડા તેમજ પત્થર પર મોતીની છીપો જડવાનો ઉદ્યોગ જૂના સમયથી છે.

સ્વાતિ નક્ષત્રમાં પડતાં વરસાદનાં ટીપાં જો કોઇ મોતીની માછલી અદ્ધરથી ઝીલી લે તો તે ટીપાંનું તેના પેટમાં મોતી બને છે, એવી આપણી આ પુરાણી માન્યતામાં કેટલું તથ્ય હશે? આપણાં પુરાતન પુસ્તકોમાં ઘણા વિચિત્ર ગુણધર્મવાળાં અને ઘણી વિલક્ષણ રીતે ઉત્પન્ન થતાં મોતીઓનો ઉલ્લેખ પણ મળે છે.

મોતીની ખેતી

મોતી કાઢવાનો ઉદ્યોગ જયાંજયાં ચાલે છે ત્યાંત્યાં અમુક મુદત સુધી જ જોકે મોતીની છીપો કાઢવાની પરવાનગી મળે છે, છતાં નાની વયની છીપો પુખ્ત છીપો કાઢતાં સાથે પણ બહાર નીકળી આવે છે. પરિણામે

મંતવ્ય બહાર પાડ્યું છે. મનારના અખાતનું મોતી કાઢવાનું કામ જોઇ લખાએલા, લિવરપુલના પ્રો. હર્ડમૅનના તે વિષયઉપરના અહેવાલમાં ઉપરની માન્યતાને કંઇક અંશે ટેકો આપતી હકીકત નોંધાએલી છે. સામાન્ય રીતે બધાં મોતી એ રીતે જ ઉત્પન્ન થાય છે અને તેઓ નક્કર હોય છે. મોતી જેમ વધુ નક્કર તેમ તેમાં કૉંચિનનું તત્ત્વ વધુ હોય છે. તેના તાજેતરમાં જ થએલા પૃથક્કરણ પરથી આટલાં રાસાયણિક દ્રવ્યો તેમાં હોવાનું સાબિત થયું છે: ૮૫ ટકા કાર્બોનેટ ઑવ લાઇમ, ૧૨ ટકા સજીવાણુઓ (કૉંચિન વગેરે) અને ૩ ટકા પાણી.

કોઇકોઇ વાર તો મોતી હદ ઉપરાંત મોટું બની જતાં એ પ્રાણીનું શરીર ભેદી બહાર નીકળી પડે છે અને છીપ તથા એ પ્રાણીના શરીર વચ્ચે છૂટું પડી રહે છે. ઘણીવાર એ રીતે તૂટી પડતું પોતાનું શરીર સાંધવા માટે જે પ્રવાહીનું આ મોતી બને છે તે જ રસ ત્યાં દ્રવે છે, અને તે વડે એ મોતી છીપની અંદરની સપાટીને ચોંટી રહે છે. એ સ્થિતિમાં એ મોતી એવી રીતે ઢંકાઇ જાય છે કે તેનો અર્ધ ગોળ ભાગ જ બહાર દેખાય છે. ઝવેરીઓમાં એ મોતીનું સ્થાન અનોખું હોય છે. જ્યારે કાલુ માછલી પર કોઇ બીજું પ્રાણી આક્રમણ કરે ત્યારે પોતાનું રક્ષણ કરવા, અથવા કોઇ યુદ્ધમાં ઘાથી કે બીજાં કોઇ કારણોથી તેની છીપમાં છિદ્ર પડે તો તે પૂરવા પણ તે એ જ પ્રવાહીનો ઉપયોગ કરે છે. તે વખતે થએલા એ રસના જમાવનું જે મોતી બંધાય છે તે તો ખૂબ મોટું, પોલું અને પાણીદાર બને છે. એવાં મોટાં મોતીને આપણે અંગૂરી મોતી તરીકે ઓળખીએ છીએ.

મોતીની છીપ કાઢનારાઓ કોઇ કાલુ માછલીની છીપને ખુલ્લી જુએ અને લાગ આવે તો તેમાં કાંઇક સૂક્ષ્મ વસ્તુ તેઓ મૂકી દે છે. વખત વીતતાં તેના પર મોતી બંધાય છે. ચીનનાં મોતીઓમાં ક્યારેક બુદ્ધની કે બીજી મૂર્તિઓ કે એવું કાંઇ જોવામાં આવે છે ને એ અદ્ભુત દેખાતાં મોતી ઘણાને વિસ્મયનો વિષય બને છે. એ મોતી આ જ રીતે બનેલાં. કાલુની છીપમાં બુદ્ધની અતિ બારીક કોરેલી મૂર્તિઓ મૂકી તેના પર મોતી બંધાવા દીધેલી આવી છીપોનો સંગ્રહ લંડનના સાઉથ કેન્સિંગ્ટનમાં આવેલા નૅચરલ હિસ્ટરી મ્યૂઝિયમમાં છે. હવે એ મૂર્તિઓ છીપના થરોથી ઢંકાઇ ગએલી છે. કોલંબો સંગ્રહાલયમાં બાર કૅરૅટ વજનનું ખુલતા સોનેરી રંગનું એક તેજસ્વી મોતી છે ને એના નીતર્યા પારદર્શક પડ નીચે સફેદ હાથીનો સંપૂર્ણ આકાર જોઇ શકાય છે. એ મોતી બે હજાર વર્ષનું જૂનું કલ્પવામાં આવે છે અને એના ગર્ભભાગમાંનો હાથી હાથીદાંતનો બનાવેલો હોય એમ સૂક્ષ્મદર્શક યંત્રથી તપાસતાં જણાય છે.

મોતી ઉત્પન્ન કરતા એ પ્રાણીની છીપનો બહારનો ભાગ જેમ ઘસાતો જાય તેમ અંદરનો ભાગ બહાર આવતો જાય છે. છીપ પાતળી અને અસમર્થ ન થઇ જાય તે માટે એ પ્રાણી અંદરથી પોતાની છીપ પર પડો ઉમેરતું જ રહે છે અને છીપને મજબૂત રાખે છે, કેમકે પાતળી છીપમાં રહેવું કાલુ માછલીને ભયાવહ લાગે છે. વાસ્તવિક રીતે જે રસનું મોતી બને છે તે જ વસ્તુના એ છીપના થર પણ બનેલા હોય છે. એ છીપ બહારથી જેટલી બેડોળ અને વિષમ દેખાય છે તેટલી જ અંદરથી સુંવાળી અને સુંદર હોય છે. પોતાનું ઘર કોણ મજેનું ન રાખે? ઘણી વાર તો છીપની અંદરનો એ ભાગ સૌંદર્યમાં મીનાથી પણ ચડી જાય છે. એ છીપો એકઠી કરવાનું કામ હિંદને કિનારે ઘણે સ્થળે ચાલે છે, પણ ક્યાંયે નિશ્ચિત પદ્ધતિથી કે સતત નહિ. એ છીપોની નિકાસ મુખ્યત્વે દક્ષિણ હિંદમાંથી પુષ્કળ પ્રમાણમાં થાય છે. મદ્રાસ તરફ તુતીકોરીન એની નિકાસનું મુખ્ય મથક છે. એ છીપો ઘરેણાં, રમકડાં, બટન અને ચપ્પુ કે છરીના હાથા બનાવવામાં ઉપયોગી છે. હિંદમાં કોટા, ભેરા અને આગ્રામાં લાકડા તેમજ પત્થર પર મોતીની છીપો જડવાનો ઉદ્યોગ જૂના સમયથી છે.

સ્વાતિ નક્ષત્રમાં પડતાં વરસાદનાં ટીપાં જો કોઇ મોતીની માછલી અદ્ધરથી ઝીલી લે તો તે ટીપાંનું તેના પેટમાં મોતી બને છે, એવી આપણી આ પુરાણી માન્યતામાં કેટલું તથ્ય હશે? આપણાં પુરાતન પુસ્તકોમાં ઘણા વિચિત્ર ગુણધર્મવાળાં અને ઘણી વિલક્ષણ રીતે ઉત્પન્ન થતાં મોતીઓનો ઉલ્લેખ પણ મળે છે.

મોતીની ખેતી

મોતી કાઢવાનો ઉદ્યોગ જ્યાંજ્યાં ચાલે છે ત્યાંત્યાં અમુક મુદત સુધી જ જોકે મોતીની છીપો કાઢવાની પરવાનગી મળે છે, છતાં નાની વયની છીપો પુખ્ત છીપો કાઢતાં સાથે પણ બહાર નીકળી આવે છે. પરિણામે



ડાબું : મોતીની ખેતી (પર્લકલ્ચર)માં ઑઈસ્ટરમાં બારીક કણ પ્રવેશાવવામાં આવે છે · જમણું : એ કણ પર રસ ગાઝીને વિકસેલું મોતી

મોતીની છીપોની સંખ્યા ઘટે છે અને સાથે સાથે પરિપક્વ મોતી પણ બહુ ઓછાં મળે છે. તેથી એ સંપૂર્ણ સાચાં મોતીની કીમત બહુ ભારે આપવી પડે છે. તેમાં યે છીપ ઉપર નહિ પણ અંદરના સુંવાળા ભાગ પર થતું પૂર્ણગોળ મોતી વધુ કીમતી લેખાય છે.

સાચાં મોતીની આ અછત દૂર કરવા પાશ્ચાત્ય વિજ્ઞાનીઓ વર્ષોથી પ્રયાસ કરતા આવે છે. કાલુ માછલીના શરીરમાં મોતીરસની કોથળી (pearl-sac) થાય છે. એ કોથળીમાંના રસ વડે પ્રયોગોદ્વારા મરજી મુજબનાં મોતી મેળવી શકાય છે એવું ઇ. ૧૮૮૦ માં બર્લિનમાં ભરાએલા આંતરરાષ્ટ્રીય મોતીપ્રદર્શન વખતે જાહેર કરવામાં આવેલું ને એવું એક અભિનવ મોતી પ્રદર્શનમાં મુકાએલું પણ ખરું. એ પ્રદર્શનમાં ગએલા એક જાપાની સંશોધક ડૉ. મિત્સુકુરીએ પોતાને દેશ જઇ તે જ વખતથી મોતીની છીપો ઉછેરી એવાં મોતી પકવવાની રીત શોધવાના અખતરા ચાલુ કર્યા. પાછળથી તે પદ્ધતિ પ્રમાણે મિ. કોકીચી મિકીમોટોએ પ્રયોગો કરી ૧૮૯૪ સુધીમાં નીમરૂ તરીકે ઓળખાતાં અડધિયાં મોતી ઉત્પન્ન કરવામાં સફળતા મેળવી. અને ૧૯૧૩-૧૪ સુધીમાં તો એ આખી પદ્ધતિમાં તેણે સંપૂર્ણ સફળતા મેળવી. આ મોતીને તેણે કલ્ચર મોતીનું નામ આપ્યું છે. હજીપણ એના એ દિશામાં પ્રયોગો તો આજ ચાળીસ વર્ષથી ચાલુ જ છે. અને જુદીજુદી નવ જાતનાં મોતી, કાલુનાં ઇંડા સંગ્રહવાનાં મોટાં પાંજરાં અને મોતીને તેજસ્વી કરવાની રાસાયણિક ક્રિયાનો વિશિષ્ટ અધિકાર (પેટન્ટ) મેળવેલાં છે.

રાસાયણિક દ્રવ્યોવાળા તાસકો સાથેનાં તારનાં પાંજરાં એ બે માસ સુધી દરિયામાં રાખે છે. દરમિયાન દરેક પાંજરામાં સોળ સોળ હજાર જેટલા ઈંડાંમાંથી તાજાં જ નીકળેલાં બચ્ચાં (spawn) કોઇ આકર્ષણ બળે આવી ચોંટી જાય છે. સાધારણ રીતે દસ ડિગ્રી જેટલા ઉષ્ણતામાનના દરિયાના હલકા પાણીમાં ૪ થી ૧૫ મીટર સુધીમાં તેઓ પુષ્કળ જથ્થામાં હોય છે. બે વર્ષ સુધી આ બચ્ચાંને સંભાળપૂર્વક ઉછેરવામાં આવે છે ને પછી દરિયામાં છોડી દેવામાં આવે છે.

એક વર્ષ રહીને મોતી માટે ડૂબકી મારનારી 'આમા-સાન'ને નામે ઓળખાતી જાપાની કુમારીઓ તારની ટોપલીઓમાં માછલીઓ એકઠી કરવા દરિયામાં ઊતરે છે, કારણ એટલા ગાળામાં તે પુખ્ત બની ગઈ હોય છે. મિ. મિકીમોટોના શસ્ત્રવૈદ્યો આ એકઠી કરેલી માછલીઓના શરીરમાં પિચકારીદ્વારા રજકણો (epithelium) દાખલ કરી દે છે. આ એપિથેલિયમ પાછું એ માછલીઓમાંથી કાઢી બીજી પુખ્ત માછલીઓમાં દાખલ કરવામાં આવે છે. એમ કરતાં થતા જખમો રસાયણોથી રૂઝવી એ માછલીઓને પછી પાંજરાંમાં મૂકી સાત વર્ષ સુધી સમુદ્રતળે રાખે છે. છ છ મહિનાને અંતરે એ પાંજરાંને પાણીની સપાટી પર લાવી તેમાંની છીપોને સાફ કરે છે. સાત વર્ષને અંતે તેઓ એ છીપોમાંથી અર્ધ ઉપરાંતમાંથી કર્ષણ (કલ્ચર) મોતી મેળવે છે. જાપાનનો ગોકાશો ઉપસાગર આ કર્ષણ મોતીઓનું મોટું મથક છે ને જૂનની શરૂઆતમાં એ કાર્ય ત્યાં ધમધોકાર ચાલે છે.

વૈજ્ઞાનિકોના અભિપ્રાય પ્રમાણે સાચાં અને આ કર્ષણ મોતી વચ્ચે કાંઇ મહત્ત્વનો તફાવત નથી;

અને તેઓ ગુણધર્મમાં લગભગ સરખાં જ છે. અસલ પણ બસરાઇ મોતી અને કર્ષણ મોતીનો અંદરનો ભાગ જોતાં બંનેની રચના ઘણુંખરૂં સરખી જ માલૂમ પડી છે. આજકાલ એ કર્ષણ મોતીઓનો સારો પ્રચાર થએલો છે અને કંઇક સુલભ અને સસ્તાં હોતાં ઉપાડ પણ તેવો જ છે. કર્ષણ મોતીને સાચાં મોતી ગણી હિંદી સરકાર સાચાં મોતી જેટલી જ તેમની જકાત લે છે.

હિંદનાં મથક

પૂર્વકાળથી હિંદનું મોતી કાઢવાનું કામ પ્રસિદ્ધ છે. પૌરસ્ત્ય દેશોમાં સિંહલદ્વીપનો મોતી કાઢવાનો ઉદ્યોગ મોટો ગણાય છે. એ ઉદ્યોગ ત્યાંની સરકારને જ તાબે છે ને એકે મોતી ચોરાઇ ન જાય તે માટે ત્યાં પૂરતો જાપ્તો રાખવામાં આવે છે. ત્યાં દર વર્ષે મોતી મેળવવા લગભગ પાંચ કરોડ કાલુ માછલીની છીપો પકડવામાં આવે છે અને સરેરાશ આશરે પચીસથી ત્રીસ લાખ રૂપિયાની આવક એ ઉદ્યોગમાંથી થાય છે. કોઇ કોઇ વખત તો એક જ દિવસે સાડાચાર લાખ જેટલી છીપોની વિપુલ સંખ્યા ત્યાં મળી આવે છે. તુતીકોરીન પાસે તિન્નેવેલીનો મોતી કાઢવાનો ઉદ્યોગ પણ અગત્યનો છે. કયારેક કરાંચી નજીક પણ મોતી મળી આવે છે. બ્રહ્મદેશના મેરગુઇ પરગણાનો મોતીની છીપો કાઢવાનો ઉદ્યોગ ઠીક ચાલે છે અને ત્યાંની સરકારને તેની સારી પેદાશ છે.

મોતી કાઢનારાઓ સાંજે કાંઠે પહોંચી છીપોને પોતપોતાનાં છાપરાં હેઠળ લઇ જાય છે અને ત્યાં એના ચાર ઢગલા કરે છે. તેમાંથી એક ઢગલો ડૂબકી મારનારાઓને બક્ષિશ તરીકે મળે છે. પછી એ મોતીની છીપોની ત્યાં હરરાજી થાય છે. તે વખતે જુદાજુદા દેશના અને કોમના હજારો મોટામોટા ઝવેરીઓ, વેપારીઓ અને દલાલો વગેરે ઉદ્યોગી લોકોનું ટોળું ત્યાં તંબૂઓના બજારમાં હાજર રહે છે. એક હજાર છીપનો જથ્થો એક સાથે વેચાય છે. જે વેપારી ભાગ્યશાળી હોય તેની છીપોમાંથી મૂલ્યવાન મોતીઓ નીકળી પડે છે અને ઘણાના પૈસા બરબાદ પણ જાય છે. ઘણીવખત એ ઉદ્યોગનો કોઇ કંપનીને ઇજારો અપાય છે અથવા જુદાજુદા માલિકો પણ એ કામ ચલાવે છે.

એ મોતીના છીપોને તેમાંની કાલુ મરી જાય તે માટે જમીનમાં દાટવામાં આવે છે. છીપ સુકાઇ જતાં તેમને છરાથી ઉઘાડી જેમાં મોતી દેખાય તે છીપોનો જુદો ઢગલો કરે છે. પછી એ મોતીઓને ચૂંટી કાઢી તેમને ચમકદાર, સ્વચ્છ અને સુઘાટીલાં કરવા મોતીની જ ભસ્મથી ઘસે છે. એ કાર્યમાં પહેલાં મીઠું અને ચોખાનો લોટ પણ વાપરતા. મોતીનું કદ નક્કી કરવા પીત્તળની ચડઉતર કાણાં પાડેલી દસ રકાબીઓની એક થપ્પી કરે છે. કાણું ઉપરથી ક્રમાનુસાર સહેજ નાનું થતું આવે છે અને નીચેની સૌથી મોટી રકાબીમાં તદ્દન નાનું બને છે. જે રકાબીમાં મોતી અટકે તે વળનું એ ગણાય છે. પછી તે તોળી, તેના રંગ, કદ ને આકાર પ્રમાણે તેનો વર્ગ નક્કી કરી કીમત અંકાય છે. મોટું, સુરેખ અને લાવણ્યમય મોતી બહુમૂલ્ય ગણાય છે. બારીક મોતી બાજરીઆં મોતી (seed pearls) તરીકે ઓળખાય છે.

આ સામાન્ય તેજસ્વી મોતી ઉપરાંત બીજાં બહુરંગી પ્રકાશ આપતાં મોતી પણ મળી આવે છે. કોઇ પીળી કે ગુલાબી તો કોઇ વાદળી કે કાળી છાયાવાળા, કેટલાંક તીણો તેજસ્વી પ્રકાશ આપતાં તો વળી બીજાં સોનેરી રંગનાં, પ્રસન્ન સ્મિત વેરતાં મોતી પણ હાથ આવે છે. દુનિયાભરમાં આજે સર્વોત્કૃષ્ટ ગણાતું મોતી મૉસ્કોમાં ઝોસીનાના સંગ્રહસ્થાનમાં છે અને 'લા પેલ્લેગ્રિના'ના નામે તે ઓળખાય છે. સંપૂર્ણ વર્તુલાકારનું એ ભારતીય મોતી અસાધારણ કાંતિનું છે અને તેનું વજન ૨૮ કૅરૅટ થાય છે. સર્વાંગસુંદર મોતીનો એ નાદર નમૂનો છે. ચાલીસ ગ્રેન વજનનું બીજું એક સુંદર મોતી પશ્ચિમ આસ્ટ્રેલિયામાંથી મળી આવ્યું હતું. લંડનના સાઉથ કેન્સિંગ્ટન મ્યૂઝિયમમાં મિ. બીઅર્સફર્ડ હોપના સંગ્રહમાં દુનિયાનું અત્યારસુધીમાં મળેલું મોટામાં મોટું મોતી છે. અસમાન આકૃતિનું એ તેજસ્વી મોતી અઢારસો ગ્રેન વજનનું છે અને એનો પરીઘ ચાડાચાર ઇંચ છે. જે છીપમાંથી એ મળ્યું હતું તેના કરતાં એ છગણું વધારે વજનદાર છે! ઇરાનના શાહે એક નામચીન મોતીની કીમત ૧,૮૦,૦૦૦ પૌંડ આપી હતી, અને ઇજિપ્તની રાણી ક્લીઓપેટ્રાએ એક કમનીય મોતીની કીમત ૮૦,૦૦૦ પૌંડ આપી કહેવાય છે.

ઘરેણાં સિવાય મોતી મુખ્યત્વે કશા જ ખપમાં નથી આવતાં. મનાય છે કે મોતીનાં ઘરેણાં પહેર્યાથી ગ્રહોની અને બીજી અનિષ્ટ પીડાઓ દૂર થાય છે.

અને તેઓ ગુણધર્મમાં લગભગ સરખાં જ છે. અસલ પણ બસરાઇ મોતી અને કર્ષણ મોતીનો અંદરનો ભાગ જોતાં બંનેની રચના ઘણુંખરૂં સરખી જ માલૂમ પડી છે. આજકાલ એ કર્ષણ મોતીઓનો સારો પ્રચાર થએલો છે અને કંઇક સુલભ અને સસ્તાં હોતાં ઉપાડ પણ તેવો જ છે. કર્ષણ મોતીને સાચાં મોતી ગણી હિંદી સરકાર સાચાં મોતી જેટલી જ તેમની જકાત લે છે.

હિંદનાં મથક

પૂર્વકાળથી હિંદનું મોતી કાઢવાનું કામ પ્રસિદ્ધ છે. પૌરસ્ત્ય દેશોમાં સિંહલદ્વીપનો મોતી કાઢવાનો ઉદ્યોગ મોટો ગણાય છે. એ ઉદ્યોગ ત્યાંની સરકારને જ તાબે છે ને એકે મોતી ચોરાઇ ન જાય તે માટે ત્યાં પૂરતો જાપ્તો રાખવામાં આવે છે. ત્યાં દર વર્ષે મોતી મેળવવા લગભગ પાંચ કરોડ કાલુ માછલીની છીપો પકડવામાં આવે છે અને સરેરાશ આશરે પચીસથી ત્રીસ લાખ રૂપિયાની આવક એ ઉદ્યોગમાંથી થાય છે. કોઇ કોઇ વખત તો એક જ દિવસે સાડાચાર લાખ જેટલી છીપોની વિપુલ સંખ્યા ત્યાં મળી આવે છે. તુતીકોરીન પાસે તિન્નેવેલીનો મોતી કાઢવાનો ઉદ્યોગ પણ અગત્યનો છે. કયારેક કરાંચી નજીક પણ મોતી મળી આવે છે. બ્રહ્મદેશના મેરગુઇ પરગણાનો મોતીની છીપો કાઢવાનો ઉદ્યોગ ઠીક ચાલે છે અને ત્યાંની સરકારને તેની સારી પેદાશ છે.

મોતી કાઢનારાઓ સાંજે કાંઠે પહોંચી છીપોને પોતપોતાનાં છાપરાં હેઠળ લઇ જાય છે અને ત્યાં એના ચાર ઢગલા કરે છે. તેમાંથી એક ઢગલો ડૂબકી મારનારાઓને બક્ષિશ તરીકે મળે છે. પછી એ મોતીની છીપોની ત્યાં હરરાજી થાય છે. તે વખતે જુદાજુદા દેશના અને કોમના હજારો મોટામોટા ઝવેરીઓ, વેપારીઓ અને દલાલો વગેરે ઉદ્યોગી લોકોનું ટોળું ત્યાં તંબૂઓના બજારમાં હાજર રહે છે. એક હજાર છીપનો જથ્થો એક સાથે વેચાય છે. જે વેપારી ભાગ્યશાળી હોય તેની છીપોમાંથી મૂલ્યવાન મોતીઓ નીકળી પડે છે અને ઘણાના પૈસા બરબાદ પણ જાય છે. ઘણીવખત એ ઉદ્યોગનો કોઇ કંપનીને ઇજારો અપાય છે અથવા જુદાજુદા માલિકો પણ એ કામ ચલાવે છે.


એ મોતીના છીપોને તેમાંની કાલુ મરી જાય તે માટે જમીનમાં દાટવામાં આવે છે. છીપ સુકાઇ જતાં તેમને છરીથી ઉઘાડી જેમાં મોતી દેખાય તે છીપોનો જુદો ઢગલો કરે છે. પછી એ મોતીઓને ચૂંટી કાઢી તેમને ચમકદાર, સ્વચ્છ અને સુઘાટીલાં કરવા મોતીની જ ભસ્મથી ઘસે છે. એ કાર્યમાં પહેલાં મીઠું અને ચોખાનો લોટ પણ વાપરતા. મોતીનું કદ નક્કી કરવા પીત્તળની ચડઉતર કાણાં પાડેલી દસ રકાબીઓની એક થપ્પી કરે છે. કાણું ઉપરથી ક્રમાનુસાર સહેજ નાનું થતું આવે છે અને નીચેની સૌથી મોટી રકાબીમાં તદ્દન નાનું બને છે. જે રકાબીમાં મોતી અટકે તે વળનું એ ગણાય છે. પછી તે તોળી, તેના રંગ, કદ ને આકાર પ્રમાણે તેનો વર્ગ નક્કી કરી કીમત અંકાય છે. મોટું, સુરેખ અને લાવણ્યમય મોતી બહુમૂલ્ય ગણાય છે. બારીક મોતી બાજરીઆં મોતી (seed pearls) તરીકે ઓળખાય છે.

આ સામાન્ય તેજસ્વી મોતી ઉપરાંત બીજાં બહુરંગી પ્રકાશ આપતાં મોતી પણ મળી આવે છે. કોઇ પીળા કે ગુલાબી તો કોઇ વાદળી કે કાળી છાયાવાળા, કેટલાંક તીણો તેજસ્વી પ્રકાશ આપતાં તો વળી બીજાં સોનેરી રંગનાં, પ્રસન્ન સ્મિત વેરતાં મોતી પણ હાથ આવે છે. દુનિયાભરમાં આજે સર્વોત્કૃષ્ટ ગણાતું મોતી મૉસ્કોમાં ઝોસીનાના સંગ્રહસ્થાનમાં છે અને 'લા પેલ્લેગ્રિના'ના નામે તે ઓળખાય છે. સંપૂર્ણ વર્તુલાકારનું એ ભારતીય મોતી અસાધારણ કાંતિનું છે અને તેનું વજન ૨૮ કૅરૅટ થાય છે. સર્વાંગસુંદર મોતીનો એ નાદર નમૂનો છે. ચાલીસ ગ્રેન વજનનું બીજું એક સુંદર મોતી પશ્ચિમ આસ્ટ્રેલિયામાંથી મળી આવ્યું હતું. લંડનના સાઉથ કેન્સિંગટન મ્યૂઝિયમમાં મિ. બીઅર્સફર્ડ હોપના સંગ્રહમાં દુનિયાનું અત્યારસુધીમાં મળેલું મોટામાં મોટું મોતી છે. અસમાન આકૃતિનું એ તેજસ્વી મોતી અઢારસો ગ્રેન વજનનું છે અને એનો પરીઘ ચાડાચાર ઇંચ છે. જે છીપમાંથી એ મળ્યું હતું તેના કરતાં એ છગણું વધારે વજનદાર છે! ઇરાનના શાહે એક નામચીન મોતીની કીમત ૧,૮૦,૦૦૦ પૌંડ આપી હતી, અને ઇજિપ્તની રાણી ક્લીઓપેટ્રાએ એક કમનીય મોતીની કીમત ૮૦,૦૦૦ પૌંડ આપી કહેવાય છે.

ઘરેણાં સિવાય મોતી મુખ્યત્વે કશા જ ખપમાં નથી આવતાં. મનાય છે કે મોતીનાં ઘરેણાં પહેર્યાથી ગ્રહોની અને બીજી અનિષ્ટ પીડાઓ દૂર થાય છે.

મોતીનો શણગાર મંગલકારી લેખાય છે અને તેને ધારણ કરનાર તેથી આકર્ષક દેખાય છે. કદાચ કોઈ દવા-માં મોતી વપરાય છે. આંખના રોગો માટે તેની ભસ્મનો વપરાશ બહુ ઉપ-યોગી છે. 'શુદ્ધ સાચાં મોતીનો સુરમો' એમ સુરમાની શીશીપર કોણે નહિ વાંચ્યું હોય? પાનમાં ખાવાનો ચૂનો પણ સાચાં મોતીમાંથી બનાવવામાં આવે છે. અને ઉત્તર હિંદુસ્તાનના શ્રીમંતો મહેમાનીમાં એને મુખ્ય સ્થાન આપે છે.

મોતીને તેજાબ કે સુરકામાં વધારે વખત રહેવા દેતાં તેનાં પડેપડ છૂટાં થઇ જાય છે અને મોતી નકામું બને છે. કાળજળે ભલભલાં સાચાં મોતી પણ પીળાં પડી જાય છે. તેમનું તેજ ઘટતાં તેમની કીમત પણ ઘટે છે. એ નુકસાનમાંથી બચવાનો ઉપાય કોઈ સૂચવી શકતા ન હતા. આપણા પ્રખર રસાયણશાસ્ત્રી પ્રો. ત્રિભુવન-દાસ ગજ્જરે એવાં મોતીઓને ધોવાની અત્યાર સુધી દુર્લભ એવી એક રાસાયણિક ક્રિયા હાથ કરેલી. એ રીતે ધોવાતું મોતી વજનમાં ઘટે છે, પણ પોતાનું અસલ સ્વરૂપ પકડતું હોતાં ઝવેરીઓ તેના વજન તરફ તો દુર્લક્ષ આપે જ એ દેખીતું છે.




ભયંકર શાર્ક માછલીઓ વાળા આસ્ટ્રેલિયાના દરિયામાં ડાઇવર્સ ડ્રેસ પહેરીને મોતીની છીપો વીણતા ડુબકી મારનારાઓ

હિંદી પ્રજાનો મોતી માટેનો ઉત્કટ પ્રેમ પ્રાચીન કાળથી ચાલ્યો આવે છે. હિંદી સ્ત્રી જ મોતી પહેર્યાથી મળતી ખરી લિજ્જત માણી શકે છે. તેના કર્ણફુલ અને નથનીમાંથી લટકતું એકેક પરમ પ્રેમપાત્ર મોતી તેના ચલન વખતે કપોલ અને અધરને કોઇ અગમ્ય મીઠો સ્પર્શ કરી તેમને કેવી પ્રફુલ્લ રાખે છે! અને તેથી થતું સંવેદન તેના સિવાય કોણ જાણી શકે?

પોતાની ગહનતા અને વિસ્મયતાનો પરિચય આપતો સમુદ્ર પરાપૂર્વથી માનવચરણે સુંદર ને બહુમૂલ્ય મોતી ધરી રહ્યો છે. એ દરિયાઇ દોલત હાથ કરી સમુદ્રની પ્રભુતા પ્રમાણતાં, તેના તરફ પૂજ્યભાવ કેમ ન પ્રગટે?

રામસિંહ કા. રાઠોડ



આસ્ટ્રેલિયામાં આવેલા શાર્કસ બે (શાર્ક માછલીના અખાત) ઉપર કલ્ચર કરેલી એક જ ઑઇસ્ટરમાં પાકેલાં મોતી

અલીબાબાની ગુફા

આ ઢળક દોલત મેળવી શકાતી હોય તો જિંદગીને ખતરામાં મૂકવા યે ઘણા તૈયાર હોય છે. શિલ્ટન એવા જ પ્રકારનો આદમી હતો. આફ્રિકામાં તે તાજો જ આવેલો. સુલેમાનના છુપાએલા સુવર્ણ-ભંડાર, હાથીઓનાં અગોચર કબ્રસ્તાન અને હાથી-દાંતોમાંથી માલેતુજાર બનેલા અબ્દુલ્લાના છુપાવેલા અપ્રાપ્ય ભંડારો વિષે તેણે ઘણી કહેતીઓ સાંભળેલી. ઘણી વખત તેને થતું કે એકાદ એવો નાનો સરખો ભંડાર હાથ લાગી જાય તો હીરાની ખાણોમાં કરવી પડતી મજૂરીથી જિંદગીભર છૂટી જવાય.

વખત જતાં આ ધૂન તેના મગજ પર કાબૂ જમાવતી ગઇ. એક વખત અચાનક એવી જ કોઇ ધૂનને પરિણામે, કિલફ્સ પ્રાંતના વેરાનમાં તે ભમવા નીકળી પડ્યો.

ફરતો ફરતો દરિયા પાસેના એક ટેકરા પર તે પહોંચ્યો ને ત્યાં આરામ લેવા બેઠો. નીચે નજર કરી જોઇ. ભરતીનો વખત હતો. ચડતાંપડતાં મોજાંમાં થોડી વાર તો તેણે ગમ્મત માણી, પણ પછી અચાનક તેની આંખો સંકોચાઇ. કારણ? . . . . .

ભરતીનાં પાણી પછડાતાં એ છેડે પત્થરમાં કોરાએલું નાનું શું પ્રવેશદ્વાર તેની નજરે ચડ્યું હતું.

કોઇ સાધારણ વ્યક્તિ જો હોત તો તો કુદરતની ચમત્કૃતિ તરીકે ઘડી બે ઘડી તેના નિરીક્ષણથી રાજી થઇ તેણે ચાલતી પકડી હોત. પણ શિલ્ટન તો મહત્ત્વાકાંક્ષી હતો. 'નક્કી કોઇ લાંબી ગુફા લાગે છે; અને કોઈ માઈના પૂતે હજુ સુધી તેમાં જવાની હિંમત પણ કરી હોય એમ લાગતું નથી. "ખુલ જા સમસમ" જેવી અલીબાબાની જ જાણે ગુફા! કોઇ અજાણ્યા અલીબાબાનું નાણું તેમાં કાં રાહ જોતું ન પડ્યું હોય? ચાલ દીકરા! કાં તો જિંદગીની મજૂરીથી સમૂળગો છૂટી જઇશ ને કાં તો જિંદગીથી હાથ ધોઇ બેસીશ!'

તરત શિકારનો છરો લેતાંકને તેણે નીચે વીસ ફૂટ ઊંડે પાણીમાં કુદકો માર્યો. ચડતી ભરતીનું એક જબરૂં મોજું આવ્યું ને તેણે પરબારો એને પેલા પ્રવેશદ્વારમાં હડસેલી દીધો. થોડેક ચાલી એક તૂટેલા પત્થર પર તે બેઠો. પ્રવેશદ્વારના પાણી પર પડતા સૂર્યના પ્રકાશથી ગુફામાં સપ્તરંગી પ્રકાશ ફેલાઇ રહ્યો હતો.

થોડી વાર ત્યાં જ તેણે આરામ લીધો. દરમિયાન સાગરમાં પણ ઓટ આવતાં સૂર્યનો પ્રકાશ વધુ ને વધુ ગુફામાં આવવા લાગ્યો હતો. નવરા બેસી રહેવાથી કંટાળી અને કંઇક કરવાની પ્રેરણાથી શિલ્ટને ગુફાની જમીન કોરવા માંડી. એકાદ ચોરસ ફૂટની જમીન કોરી. કોરેલો સઘળો જથ્થો ખુલ્લાશમાં આમતેમ ઉથલાવી જોતાં તેમાં કંઇક પ્રકાશિત વસ્તુ જોવામાં આવી. હર્ષાવેશમાં એ બોલી ઊઠ્યો, 'એ જ! એ તો હીરા જ! અલીબાબાઓ આવા વેરાનમાં પોતાના ખજાના ન સંતાડે તો તો હરકોઇ એ હાથ કરી લે!'

દરિયાનાં પાણી ગુફાથી દૂર ચાલ્યાં ગયાં એટલે શિલ્ટન સીધો ટેકરા પર દોડ્યો. ત્યાં રાખેલી હૅટ, કપડાં, બગલથેલો અને બંદૂક બધાં એકી સાથે ઉપાડતો આવ્યો. હૅટમાં પેલો ખોદેલો કચરો નાખ્યો ને પાણીમાં તેને તારવવાના કામમાં તે લાગી ગયો. બધી માટી નીતરી ગઇ ત્યારે ઝીણા કાંકરા વચ્ચે તેણે જે જોયું તે તો મગજને આંખ બંનેને અવિશ્વાસ ઉપજાવે એવું હતું. પોતે ઉઠાવેલા તુક્કા મુજબના જ એ પાંચ હીરા હતા!

ને એ હીરા હોવાની ખાત્રી થતાં તો તે જાણે ગાંડો બન્યો જમીન ખોદતો જાય, કચરો હૅટમાં ગાળતો જાય ને હીરાનો ઢગલો એક બાજુ કરતો જાય.

આઠેક કલાક તો તેણે સખત પરિશ્રમ કર્યો. સવાસો જેટલા હીરા યે એકઠા કર્યા. 'હવે તો આપણા હાથમાં જ છે ને?' એવું વિચારી બાકીનો પરિશ્રમ બીજા દિવસ પર મુલતવી રાખી તે આરામ લેવા બેઠો, કારણ વધુ થાક હવે સહન થઇ શકે તેમ ન હતું.

આરામથી પરવાર્યો એટલે તરત હૅટ પહેરી, બંદૂક ને બગલથેલો ઉપાડી શિલ્ટન જવા માટે તૈયાર થયો. પણ તેની વિચિત્ર પ્રકૃતિ તેને એમ ગુફા છોડવા દે તેમ ન હતું. બહાર નીકળતાં પહેલાં તેને વળી તરંગ ઊઠ્યો, 'ગુફાનો આગળનો ભાગ તો જોઇ આવું?'

આગળ વધતાં ગુફાની પહોળાઇ યે વધતી ગઇ. કોઇકોઇ ઠેકાણે ઝાડો પણ ઊગેલાં હતાં. સાંજ પડી

ગઈ હતી અને શિયાળાનો દિવસ હોઇ રાત પણ જલદી પડે તેમ હતું.

વધુ લાંબે ન જતાં શિલ્ટન પાછો ફર્યો. અચાનક તેને ગુફાના દ્વાર આગળ મૂકેલા હીરા સાંભર્યા. ઝપાટાભેર તે પાછો ફર્યો. હજુ થોડુંક ચાલ્યો ન ચાલ્યો ત્યાં તો ખભા પરથી તેની બંદૂક અચાનક ઝુંટાવાઇ ગઇ. કોઇ ભાગ પડાવવાની બદદાનતથી પાછળ પડ્યો કે શું? એમ વિચારતો નવા આગંતુકને જોવા તે પાછળ ફર્યો.

'ઓ માઇ ગૉડ!' પાછા ફરી એ નવા આગંતુકને જોતાં જ તેના મોંમાંથી બેબાકળી ચીસ નીકળી પડી. એક જબરદસ્ત હાથીએ પોતાની સૂંઢથી એની બંદૂક ઝૂંટવી લીધી હતી. આવા ભારેખમ ડીલ છતાં આવી શાંતિથી પોતાનો પીછો એ કેમ પકડી શક્યો તે વિચારવા જેટલો હવે અવકાશ જ ન હતો. લથડતે પગે પણ શિલ્ટને જીવસટોસટની દોટ મૂકી.

અચાનક એક મોટા ખખડધજ ઝાડનું એક સુકેલું થડ તેની નજરે ચડ્યું. જમીનને અડકતા એ થડના ભાગમાં સડાને લીધે થોડી પોલાણ પડેલી તેણે જોઇ. એથી વધારે સારો લાગ આગળ મળશે કે નહિ એ વિચાર્યા વગર તે તો એ પોલાણમાં ઘૂસી ગયો.

પણ હાથી તેને મૂકી દે તેમ ન હતો. તરત જ ઠૂંઠા પાસે જ તે આવી લાગ્યો ને મોતનો ભરડો લેવા ઇચ્છતી અજગરના ધડ જેવી તેની સૂંઢ લાકડાના પોલાણમાં ઘૂસી.

શિલ્ટને એવી અગમચેતી કરી જ રાખેલી. જેવી સૂંઢ પોલાણમાં ઘૂસી કે તૈયાર જ રાખેલા છરા વડે એક ઊંડો કાપ તેણે તે પર મૂકી દીધો.

તરત સૂંઢ બહાર ખેંચાઇ ગઇ. વેદનાભરી ચીસ હાથીના મોંમાંથી નીકળી પડી. પણ બીજી જ પળે વેદના દાબી દઈ તે મક્કમ થયો. ફરી તેણે સૂંઢ પોલાણમાં નાખી. ફરી એવો જ કાપ તે પર પડ્યો!

હાથીએ વધુ વેદનાભરી ચીસ નાખી. ત્રીજી વાર પોતાની સૂંઢ જોખમમાં મૂકવા તે તૈયાર ન હતો. હવે ત્યાં ને ત્યાં જ તે ફરવા લાગી ગયો હતો એમ જમીન પર પડતાં તેનાં ભારે પગલાંથી શિલ્ટન પામી ગયો હતો.

ત્યાં તો ગુફામાં ઘોર અંધારું છવાઇ ગયું. વેર લેવા નો બીજો કોઇ રસ્તો ન સૂઝતાં હાથી છેવટે ગુફાનું પ્રવેશદ્વાર રોકી ઊભો રહી ગયો. આથમતા દિવસનું રહ્યું-સહ્યું આવતું અજવાળું પણ આથી સાવ ઢંકાઇ ગયું!

શિલ્ટનની સ્થિતિ હવે ત્રિશંકુ જેવી થઈ. હાથીને મારવો, પોલાણમાં ભરાઇ રહેવું કે ગુફાના બીજે છેડેથી નાસી જવું? ત્રણેમાંથી એકે રસ્તો બીનજોખમી ન હતો અને છતાં રસ્તો કાપ્યા વિના ઉગાર પણ ન હતો. છેવટે છેલ્લો રસ્તો તેને ઓછો જોખમભર્યો લાગ્યો, એટલે હળવેકથી બહાર નીકળી તેણે ગુફાના બીજા છેડા તરફ મૂઠીઓ વાળીને દોટ મૂકી. હાથી ધારે તો જરાવારમાં તેની દોટ નિરર્થક કરી દે એ તે જાણતો હતો અને એટલે જ પાછળથી જાણે મોતની દોરી ખેંચી રહી હોય એમ 'ઓ આવ્યો, ઓ આવ્યો' એવા ભણકારા વચ્ચે એ દિઙ્મૂઢ બની દોડ્યે જતો હતો.

તે કેટલું અને ક્યાં સુધી દોડ્યો એ તો કોણ જાણે પણ બેભાન થતાં સુધી તે એમ દોડતો જ રહેલો.

અને બેભાન હાલતમાં જ કાળા લોકોના હાથમાં તે આવ્યો હતો, જેમણે ઇનામની આશાથી કિનારા પરના ગોરાઓની છાવણીમાં તેને પહોંચાડી આપેલો.

ઘણા ઉપચારો બાદ ભાનમાં આવતાં શિલ્ટન માત્ર હસ્યો જ. ઇન્સાન તરીકેનું તેનું એ છેલ્લું જ હાસ્ય હતું.

થોડીવારે તે ફરી હસ્યો, પણ એ હાસ્ય ભયંકર હતું. તેમાં દિવાનાપણાની ચોક્ખી નિશાની હતી.

'હું આખી દુનિયાથી ધનવાન બનત! દુનિયા આખીથી!! હા હા હા! હા.. હા...હા....!!'

ઘણા દિવસ સુધીના તેના આવા બકવાદ પછી ત્યાંના ગોરાઓએ શિલ્ટનને અમેરિકા મોકલાવી દીધો.

(સૂચિત) **અશોક હર્ષ**

સાદીની ફૂલવાડી

નાનપણમાં હું ધાર્મિક હતો. એક રાતે હું મારા પિતાની સેવામાં બેઠો હતો, ત્યારે આખી રાત પ્રિય કુરાનને ખોળામાં રાખીને હું જાગ્યો. અમારે અડખે પડખે અનેક લોકો સૂતા હતા. મેં પિતાને કહ્યું, 'આમાંથી કોઇ નમાઝ પઢવા સારુ માથું ઊંચું કરતો નથી. એવી ગાઢ નિદ્રામાં પડ્યા છે કે જાણે મડાં જ કેમ ન હોય!' પિતાએ ઉત્તર આપ્યો, 'વત્સ, આમ જાગતો રહીને તું લોકોની નિંદા કરે એના કરતાં તો એ સૂતા છે એમ તું પણ સૂઇ ગયો હોત તો સારું હતું.'

અહંકારી અહં વિના બીજું કાંઇ જોતો નથી, કેમકે એની આંખ આગળ અભિમાનનો પડદો પડ્યો હોય છે. પડદો ખસે તો તે જુએ કે પોતા જેવો પતિત કોઇ નથી.

—**દે.વા.**

ઉત્તરાવર્તનો વિજયયાત્રી અનુસંધાન પૃ. ૩૪પથી

એકત્રિત માનુષી નજર પહેલી જ વાર એ પટ પર ઠરી રહી હતી. પહેલી જ વાર અમેરિકાનો ઝંડો ત્યાં ફરફરાવી તેમણે પોતાની જાતને કૃતકૃત્ય માની. પીઅરીએ પોતાની ડાયરીમાં લખ્યું: 'The Pole at last. The prize of three centuries. My dream and goal for twenty years.'

વળતી વખતે તો તેમના પર વરસેલો સીતમ ગજબ કહી શકાય. કેટલીયે સ્લેજો ભાંગી ગએલી, કૂતરા એક પછી એક મૃત્યુ પામેલા, ખોરાક પણ ખૂટી ગએલો, મરણના કિનારે લગભગ બધાં પહોંચેલાં. ફાટેલે કપડે ને લોહી નીગળતા હાથપગોએ, એક જ બાકી રહેલા કૂતરા સાથે પીઅરી સંસ્કૃત દુનિયાની પહેલી ભાગોળે પહોંચ્યો ત્યારે ભૂખથી લગભગ ગાંડા જેવો બની ગએલો!

ઘણાકોને લાગશે કે પીઅરીનો આ વિજય સહેલો ગણાય. પણ એ સહેલાઇ ઓચિંતી તકોનો લાભ લઇને તેણે નથી મેળવી. વતન છોડી, સંસ્કૃતિ યે છોડી વીસ વીસ વર્ષ એસ્કિમો વચ્ચે રહી ત્યાંનાં પવન, પાણી ને બરફના પ્રવાહોનો તેણે કરેલો અભ્યાસ ને મૂર્ત કરેલી ઝિંદાદિલી જ એ સહેલાઇ આણી શકી છે. જ્યાંનેત અને કાર્લુક જેવાં અનેક જહાજો જ્યાં ભાંગી ભુક્કો થઇ ગયાં છે, જેના ખોફે અનેક જિંદગીઓની જીવનદોરીઓ પર ત્રાસજનક કાપ મૂકયો છે એ ઉત્તર ધ્રુવનાં સફળ ખેડાણ તો પીઅરી જ કરી શકે. ધુમ્મસે વીંટાએલું ત્યાંનું ક્ષિતિજ અતિશય જ ટૂંકું હોય છે ને વાતાવરણની પારદર્શકતા તો એટલી બધી હોય છે કે સો માઇલ પરનો પટ પણ તદ્દન પાસે આવેલો જ દેખાય.

કોઇપણ એષણા કે તમા વગર, કેવળ અંગત સાહસશોખે જ ઉત્તરાવર્તની આ વિજયયાત્રા કરનાર પીઅરીનું સ્મારક પણ એવા જ પ્રદેશ વચ્ચે ઊભેલું છે. સંભવ છે કે બહુ થોડી આંખો તે જોઇ શકશે, પણ જે જોશે તેના મોંમાંથી તો એના ઉત્સાહ ને ધૈર્યની કદર બૂઝતો 'આફરીન'નો પોકાર નીકળી જ પડશે.

અશોક હર્ષ

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

(ચિત્રો માટે જુઓ મુખચિત્રની પાછળ)

આ માસની હરીફાઈમાં પહેલું ઈનામ જીતનાર ફોટો-ચિત્ર ભાઇ આર. આર. લાલન (મુંબાઇ)નું 'પાનખરનું આગમન' છે. કુદરતમાં ઋતુફેરથી થતા ફેરફાર નિહાળવાની તેમ જ તેને લીધે મનુષ્ય હૃદયમાં ઉદ્‌ભવતા ભાવો સમજવા અને અનુભવવાની જાગૃતિ અને શક્તિ આ જમાનામાં વિરલ છે. બહુ ઓછા કલાકારો ભાઈ લાલનની માફક એવાં ચિત્રસર્જન માટે પ્રયત્ન કરતા હશે. આવી ફોટોગ્રાફી જનતાનો કુદરત પ્રત્યે પ્રેમ ઉપજાવવામાં અને માનવજીવનમાં નિસર્ગનો પ્રફુલ્લ આનંદ ઉતારવામાં બહુ ઉપયોગી થઈ પડે

કોઇપણ વસ્તુ ઉપર બરોબર માથા પરથી મુખ્ય પ્રકાશ પડતો હોય તો તે વસ્તુનો પડછાયો વસ્તુ નીચે દબાઇ જાય છે અને પરિણામે વસ્તુને ભરાવ તેમજ ઉઠાવ મળતાં નથી. ભાઇ લાલનના ચિત્રમાં ઝાડની લગભગ સામેથી સૂર્યપ્રકાશ આવે છે. એથી ઝાડના થડમાં છાયા દેખાતી નથી. પરંતુ છબી જે સ્થળેથી પડેલી છે ત્યાંથી હજુ વધારે જમણી તરફ જઇને છબી લીધી હોત તો ઝાડ ને તેના પડછાયા, તેમજ પાછળનું મકાન વગેરે વધારે સારી રીતે ચિત્રમાં આવત. વળી ચિત્રની નીચેની ધારથી થડની બેઠક ઘણી નજદીક હોવાને કારણે ચિત્રમાં સંકડામણ ભાસે છે. જરા દૂર જઇ કૅમેરાના લેન્સને નીચો ધરવાની જરૂર હતી.

બીજું ઇનામ જીતનાર ભાઈ દેવેન્દ્ર દેસાઇ (ભાવનગર)ના ફોટો-ચિત્ર 'સૌરભનો શોખીન'માં ઉપરથી આવતો પ્રકાશ નીચેની છાયા સાથે મિશ્રિત થઇ પોપટની ડોકનો વળાંક સ્પષ્ટરીતે ઉપજાવે છે. તે ચિત્રનું વસ્તુગુંથન બરોબર નથી. ફૂલ અને પાંદડાં સાથેની ડાળીઓની રચના ચિત્રમાં ગૂંચવણ ઊભી કરે છે. ત્રીજું ઈનામ મેળવનાર ભાઇ દેવીદાસ પારેખના ફોટો-ચિત્ર 'ગોપ'માં પાત્રે પોતાનો પાઠ સારી રીતે ભજવ્યો છે. નોંધપાત્ર ઠરેલા ભાઇ પ્રાણલાલ પટેલના ચિત્ર 'ભિસ્તી'માં પાણીની પખાલ ખભે લઇ તેના ભાર નીચે દબાતો ભિસ્તી ટેકરો ચડતો જણાય છે એ વસ્તુ સારૂં છે, પણ ચિત્રમાં ચેતના આપતાં છાયા-પ્રકાશની ખામી છે.

ભાઇ લાલનના વાઘના ચિત્રને 'Mood after Over-indulgence' એ અંગ્રેજી નામ પ્રમાણે ગુજરાતીમાં 'જમ્યાનું ઘેન' એવું નામ આપવું જાઇએ. આવી સ્થિતિ દર્શાવવા ચિત્રમાં શરીરના બીજા ભાગ અને સ્થિતિને પણ સૂચનમાં લેવાં જોઇએ.

બલવન્ત ભટ્ટ

કલાકારનું સન્માન

યુવાન કલાકાર શ્રી યજ્ઞેશ્વર શુકલને પૂનાના ચિત્રકલા પ્રદર્શનમાં સુવર્ણચન્દ્રક મળ્યો છે તેની ઊગતી કારકીર્દિ સવિશેષ ફળવતી બનો.

વનવગડાનાં વાસી ... જળજંગલની જીવસૃષ્ટિનો પરિચય આપતી લેખમાળા

કુંજ



'કુંજડિયાં કુરલાઇયાં
 સૂર્યાં સિંધવ દેસ,
ઊડઇ પાંખ પસાર કરિ
 વાહલાં કિમહિ મલેસુ.'[1]

કોણ જાણે કેવી યે પળે એણે કલમ પકડી હશે, કે જ્યારથી કવિવર કાલિદાસે મેઘદૂત લખ્યો છે ત્યારથી સાહિત્યસૃષ્ટિમાં ભારે અરાજકતા ફેલાઇ છે. એનું અનુકરણ કરી કોઇએ હંસને દૂત બનાવ્યો તો કોઇએ શુકને કાસદનું કામ સોંપ્યું. એકે ચક્રવાક તો બીજાએ ભ્રમર, અન્યે સારસ તો અપર કવિએ પવનને, કોયલને—આમ દૂતપરંપરા વધતી જ ચાલી. હિમાચળના વાસી, રામગિરિ આશ્રમમાં રહેતા વિરહી યક્ષને આષાઢીલા ગર્જતા મેઘ ચડતા જોઇ એની ભાર્યા સાંભરે અને ઉત્તર ભણી વહેતી શ્યામદેહ નભોમાલાની સાથે નિજાઁગનાને સંદેશો પાઠવે, એમાં અજુગતું કશુંય ન હતું. એ કલ્પનાના આશ્રયે, હંસ અને ચક્રવાક જેવાં યાયાવર (migratory) પંખી અને ચોદશ સ્વેચ્છાચારી પવન જેવા શીઘ્રગામીની દૂતપાત્રતા પણ સ્વાભાવિક લેખાય. પરંતુ જેમને ઘર છોડી કદી ક્યાંય પણ જવાનું નથી થતું, એવાં સ્થાયી અધિવાસી સારસ, કોયલ અને ભ્રમરને દૂતરૂપે પ્રેરનાર કવિઓને શું કહેવું?

આવે પ્રસંગે ફરી એક વેળા ગૌરવવંતા ગુજરાતીઓની સૌન્દર્યવૃત્તિ અને રસવત્તા તથા સતેજ કલ્પનાનો પરિચય થાય છે; કારણ કવિવરના મેઘને બાદ કરીએ તો આ દૂતપરંપરાનાં અવશિષ્ટ પાત્રો કેવળ સામાન્ય પ્રતિનાં છે. એમનો પરિચય સમગ્ર ભારતવર્ષમાં સ્થળે સ્થળે થાય છે. આવી સર્વસાધારણ દૂતપ્રણાલિકાનું અવલંબન કરવાનું ગુજરાતીઓને ન રુચ્યું. એમણે તો સુરુચિનું અભિવ્યંજક સુંદર કલ્પનાચિત્ર ઉપજાવી, સર્વાંશે લોકોત્તર સ્વતંત્ર સંદેશવાહકની જ યોજના કરી.

અને આ અનન્યસાધારણ દૂત તે કુંજ.

'કુંજડિયાં કુરલાઇયાં સૂર્યાં સિંધવ દેશ—'

અબૂઝ છતાં હૃદયના ભાવથી રંગાએલી ગ્રામવનિતા, વાવ કૂવા તળાવ કે નદીકાંઠે ઊભીઊભી સીમાડે સળંગ હારમાં ઊડતી જતી કુંજમાળા આતુર નજરે અવલોકી રહી છે. વેદનાદગ્ધ એના હૈયામાં આશાના અંકુર ફૂટે છે. એ વિચારે છે: 'વહાલાંને મળવા કુંજડીઓ યે ઊપડી; પણ મારો સૌભાગ્યનાથ ન આવ્યો તે ન જ આવ્યો. લાવ, આમને વીનવું. દયાની મારી, વખતે એ મારા પર કૃપા કરે.' સાશ્રુનયને અંજલિપૂર્વક એ માગે છે:

'કુંજલડી રે સંદેશો અમારો,
 જઇ વાલમને કહેજોજી રે.—'

ભાવભીની ગામડિયણની પ્રેમોન્મત્ત દશાનું આ ચિત્ર અત્યંત આહ્લાદક છે. આ રમણીય ચિત્રના આધારભૂત કુંજને દૂતકર્મ સોંપવાની અપૂર્વ કલ્પના કરવાનો યશ તો ગુજરાતીઓની જ રસવૃત્તિને ઘટે છે.

અને એનું સંદેશવાહકપણું પણ સ્થાને છે. કુંજની

---

૧ બુદ્ધિપ્રકાશ : જૂના ગૂજરાતી દુહાઓ.

સુકુમાર નમણી દેહલતા, એનો શ્યામલ વાન, લલિત ચાલ, કર્કશ છતાં હૃદયંગમ ધીર ગંભીર નાદ—આ બધાં એનામાં વિશ્વાસ મૂકવા પૂરતાં છે. એ વિશ્વાસથી પ્રેરાઇને જ ઉત્કંઠિત ગ્રામવધૂ કુંજનું દૂતપણું કબૂલે છે.

આ 'કુંજ'ને અંગ્રેજીમાં 'ડૅમ્વાઝેલ' Demoiselle crane[1] કહે છે. ઉત્તર ગુજરાતમાં ઘણે ભાગે એ મોટાં તળાવોમાં અને સાબરમતીના તટે કયાંક કયાંક દેખાય છે. ભાલમાં તો એનાં ટોળેટોળાં રખડતાં નજરે પડે છે. કાઠિયાવાડ અને કચ્છમાં એ ખૂબ પરિચિત પંખી છે. ઘઉં તકે આવનારાં અને ઘઉંનાં ખેતરોમાં નીરાંત જીવે ચરનારાં એટલે અમદાવાદની આસપાસ તો એ 'ઘઉંલાં'[2] નામે ઓળખાય છે. કોઈ એને 'क्रौञ्च' પણ કહે છે.

સારસનાં એ પીતરાઇ: પણ શરીરે સારસથી અરધા કદનાં. એમનો દેહ આછો આસમાની. માથું અને ગરદન કાળા રંગનાં (સારસનું માથું લાલ). માથે ભૂરી ટોપી. ગળાના આગલા ભાગે લાંબાં પાતળાં કાળાં પીછાં, છાતી પર લટકતાં: દાઢી જેવાં દેખાય. આંખ હેઠે સફેદ લાખું. આંખ લાલ ચટક. ચાંચ લીલાશ પડતી: એને છેડે લાલ અણી. પગ કાળા (સારસના લાલ).

પણ એના દેહની વિશિષ્ટ શોભા તો આંખની અણીથી ઊગતાં, રૂપેરી કલગી–છોગાં પેઠે માથા પાછળ ઝૂલતાં, શ્વેતરંગી લાંબાં પાતળાં પીછાંમાં છે. એમના આ વિભૂષણથી એ નજરે પડતાં તરત ઓળખાઇ આવે છે.

વર્ષા નીતરી રહે, તળાવ–નદીઓનાં નીર નિર્મળ થાય, શરદની સોહામણી રાત્રીઓ જગતને રૂપાવરણું કરતી હોય, એવે વખતે (ઑકટોબરમાં) કુંજનાં ટોળેટોળાં ઉત્તર દેશથી ભારતવર્ષમાં ઊતરી આવી, સીધાં માત્ર ગુજરાત કાઠિયાવાડ અને કચ્છનાં તળાવ, સરોવર ને નદીને કિનારે પથરાઇ જાય છે. (થોડાંક મહારાષ્ટ્રની ભૂમિને પણ અલંકૃત કરે.) હેમંતમાં પાકથી લચી પડતાં ખેતરોમાં વસે. આખો શીતકાલ અહીં વ્યતીત કરી, વસંત આવે અને કેસુડાં વનેવન અંગાર વરસવા માંડે કે સ્વદેશ સીધાવે. (સારસ સ્થાયી રહેનારાં પંખી.)

કુંજ ઊડે ત્યારે ત્રિકોણુની બે બાજુ જેવા (આમ V) આકારે. આગળ મોખરે નાયક એને બે પડખે પાછળ લાંબી હારમાં બાકીનાં બધાં—આમ અવિરતપાંખે ઊડતાં જાય અને મધુર ઘોર નાદે બોલતાં જાય. એમનો અવાજ સારસને કંઇક મળતો; પણ એટલો કર્ણપ્રિય નથી હોતો.

મૂળ, કંદ, બીજ, કૂંપળો—કેવળ વનસ્પતિનો જ આહાર કરનારાં, એટલે એમના ભંજવાડને લીધે, કલ્પનાસૃષ્ટિમાં વિહરનારા અને દેહની સુન્દરતાથી રાચનારા રસિક ગુજરાતીઓની નજરે કુંજ ગમે તેટલું મહત્ત્વનું પંખી હોય તોપણ, ખેડૂતને મન તો, એ બલા જેમ વહેલી ટળે તેમ ઓછી હૈયાશગડી મનાય છે. કુંજ કવચિત્ જિહ્વાસ્વાદ પૂરતું જીવાત અને સરીસૃપોને પણ ચપાટી જાય છે.

કુંજડાં યાયાવર (migratory) પંખી. એમનાં નિવાસસ્થાન દક્ષિણ યુરોપ અને ઉત્તર તથા મધ્ય એશિયાના પ્રદેશોમાં છે. દૂરના દેશોમાં શિયાળો ગાળી પ્રવાસેથી પાછાં ફરીને ત્યાંનાં વિશાળ મેદાનોમાં જળાશયની નિકટમાં હજારો કુંજ બબ્બેની બેલડીએ છૂટાંછવાયાં પથરાઇ જાય છે. એમનાં સંવનન અને સંતાનોત્પત્તિ પણ આ સ્થળે જ થાય છે.

જોનારા તો એમ કહે છે કે જેવી એમની સુંદર દેહછટા છે, એના કરતાં યે સહસ્રાવધિ મનોહર તો એ પંખીની નૃત્યક્રિયા છે. પંખીઓ, પશુઓ અને જીવાણુ—બધી યે જળચર–સ્થળચર પ્રાણિસૃષ્ટિ જીવનની વસંત આવ્યે નિર્બંધ આચરણ કરે છે. કોઇ ગાનથી, તો તીડ જેવાં વળી વાદનથી, બલિષ્ઠ પશુઓ દ્વંદ્વયુદ્ધથી અને પંખીઓ ગાઢ આશ્લેષ કે નર્તનથી માદાને આકર્ષે છે. એ બધું ય આચરણ રમણીય હોય છે. પણ એથી યે વિશેષ રમણીય અને અપૂર્વ તો આ કુંજ પંખીઓનો અદ્ભુત નૃત્યવિધિ છે.

ભગવાન ભાસ્કરનો આછો પ્રકાશ વાતાવરણને રંગતો હોય એવે વખતે કુંજનાં ટોળેટોળાં એમના નિવાસસ્થાનના મેદાનમાં કે એકાદ નદીપુલીને ભેગાં થાય, ભેગાં થઇ એક પાછળ બીજી એમ લાંબી હારોમાં ગોઠવાઇ ઊભાં રહે, પછી કોઇ અદશ્ય સૂત્રધાર

---

૧ પ્રાણિવિવેકવિશારદોનું Anthropoides Virgo.

૨ હું યે આજ લગી એને 'ઘઉંલાં' નામે જ સંબોધતો: કાઠિયાવાડમાં 'કુંજ' નામે ઓળખાતાં પંખી તે આ 'ઘઉંલાં' જ, એની તો મને હમણાં જ ખબર પડી. હું માનું છું કે એમાં મારો વાંક નથી. આ બાજુ જો તમે કોઇ ખેડૂતને 'સારસ' વિષે પૂછો તો એ બાધા જેવો તમારા સામું જોઇ રહેશે, પણ 'ડાઘાં'નું નામ લ્યો કે તરત એ પિછાનશે.


આજ્ઞા કરતો હોય તેમ એક જ ક્ષણે જમીન પર શિર ઝુકાવે,—બધાં એક સાથે, એક તાલે. અન્ય ક્ષણે બધાં શિર ઊંચાં થાય; અસંખ્ય નાજુક છડીઓ હવામાં વીંઝાતી હોય એમ એમની શ્વેત કલગીઓ ઊડતી દેખાય. નૃત્યારંભનો આ મંગલવિધિ પૂરો થાય કે સમગ્ર પંખીગણ જમીન પર કૂદવા માંડે. થનગન નાચતાં, કૂદતાં, ત્વરિત ગતિએ દોડતાં આગળ જાય ને પાછાં આવે; ટોળે મળીને ફેરફૂદડી ફરતાં જાય અને વિવિધ અંગમરોડ કરતાં જાય. આગલી હારનું નૃત્ય પૂરું થયું કે તરત પાછળની હારનો આરંભ થાય. આમ બધી ય પંક્તિઓ નાચી રહે કે તરત સમગ્ર પંખીસમાજ પાંખો વીંઝતો અંતરીક્ષમાં ઊડી જાય. સવારસાંજ પ્રતિદિન આ નૃત્યારંભ હોવાનો જ. પણ સંવનનકાળ પૂરો થાય અને પ્રજનનકાળ આવી પહોંચે કે પછી આ નૃત્યસમારંભ બંધ થાય.

અનુભવીઓના મતે તો આ અપ્રતિમ પ્રયોગની ભવ્યતા વર્ણવવી શક્ય નથી. આવો અનુભવ મને નથી થયો. આ યાયાવર પંખી આપણે ત્યાં નાચતાં હોય એમ મારા સાંભળવામાં નથી આવ્યું: છતાં સરોવરતટે કે નદીપટે પંક્તિબદ્ધ ઊભેલાં મેં એમને જોયાં છે અને એ વખતની એમની શોભાથી એમના નર્તનકાળની શોભા કલ્પનાબળે નીરખી શક્યો છું.

આટલું ક્રીડાશીલ હોવા છતાં પણ કુંજ અત્યંત સાવધાન અને ચાલાક પંખી છે. સારસ એને પડછે કેવળ જડ લાગે. એટલે અવલોકન અર્થે પણ એની નિકટ જવાનું દુષ્કર છે. માત્ર કોમળવૃત્તિ ખેડુત સમીપે જ એ નિર્ભર ચિત્તે ભમે છે; કારણ ત્યાંથી તો હાકોટા કે એકાદ ઢેફા સિવાય અન્ય કશી પણ હાનિ થવાની નથી, એ એ સારી પેઠે સમજે છે.

આવાં વિચિત્ર ચરિત્રવાળાં મનોહર પંખીનો પ્રત્યક્ષ પરિચય કરવા કોણ ન લલચાય?

પણ હજુ વાર છે. સારસ તો જૂનાં જોગી. પુષ્કરપત્ર પર ભમતા વરણાગિયા પીહો[1]ના ધવલ પુચ્છની શોભા જોઇજોઇ ધરાઇ ગયા. ચાતક[2] અને બપૈયા[3] યે આવ્યા અને જૂના થયા. પણ કુંજનાં પગલાં નથી થયાં



આકાશે: V આકારે ઊડતી કુંજમાલા
ભૂ પર: નૃત્યારંભે ઝૂકતી હોય એમ, અવનતશિરે ચરતી કુંજશ્રેણી

ત્યાં લગી આપણાં સરવર સૂનાં છે. આપણી નદીઓનાં નીર ખળખળ સ્વરે એમની વાટ જોતાં વહી જાય છે.


છતાં આજ કુંજને કોઇ આમંત્રણ નથી આપતું. બારે માસ ઘરઆંગણે રહેનારી પરિચિત—અતિપરિચિત કોયલડી (ગાયક નર જ હોવા છતાં, સ્ત્રીત્વના પૂજારી, એથી કેવળ માદા)નાં જ આડે દહાડે ગુણગાન કરનારા, એને કાજે નાગરવેલીઓ રોપાવનારા આપણા આજના કવિઓ કુંજના વિષયમાં કેમ મૌન સેવતા હશે? પ્રાચીનોના જેવી રસવૃત્તિ આપણામાં રહી નથી તેથી કે પછી જડ ગણાતાં દ્વારા સંદેશ મોકલવો એ ગ્રામ્ય કલ્પના છે એવા વિચારથી? ગમે તેમ હોય, પણ (એક અપવાદ સિવાય) આજના કવિઓને કુંજનો પરિચય થયો દેખાતો નથી. એમના દુર્ભાગ્યે એમણે એથી સૌન્દર્યના ઉપભોગનો એક પરમ પ્રસંગ ગુમાવ્યો છે, એમ મને લાગે છે.

વનેચર

૧ Pheasant Tailed Jacana
૨ મોતીડો: Pied Crested Cuckoo.
૩ Hawk Cuckoo.

અખાડો

શરીરવિકાસનું વિજ્ઞાન ચર્ચતો વિભાગ



એપોલો બેલ્વેડિયર

પશ્ચિમની સર્વ પ્રજાઓએ પુરુષશરીરના સર્વોત્કૃષ્ટ આદર્શ તરીકે એપોલોને સ્વીકાર્યો છે. એનામાં પુરુષદેહની સ્થૂલતા કે ભીષણતા નથી, તેમ આપણા કવિકલ્પિત કામદેવનું સ્ત્રૈણ રૂપ નથી. એના સુડોળ ને શક્તિશાળી સ્નાયુ ભરેલા શરીરમાં વજ્રની કઠોરતા છે ને સૌન્દર્યનું માર્દવ છે. એ છે સુકુમાર છતાં પ્રતિભાસંપન્ન મરદ.

આ લેખમાળામાં જ્યારે જ્યારે હું 'આદર્શ' શરીર અગર એના સમાનાર્થ શબ્દો વાપરૂં છું, ત્યારે ત્યારે મને પૂર્ણ ભાન હોય છે કે જ્યાં સુધી 'આદર્શ' એટલે શું, 'આદર્શ' કોણ હોઈ શકે, એ ન સમજાવું ત્યાં સુધી આવાં વચન મિથ્યા પ્રયુક્ત છે. વારંવાર જુદેજુદે રૂપે એવા શબ્દપ્રયોગથી ભાષાનું સૌંદર્ય વધે, વાંચનાર વાંચીને ખુશ થાય, પણ એથી અર્થબોધ થવાનો નથી અને પૂર્ણતાને માટે ઝંખતા યુવાનનો રસ્તો અજવાળવાનો નથી. એને તો 'આદર્શ' 'આદર્શ' ફૂટીને અંધારામાં ગોથાં જ ખાવાનાં. 'આદર્શ' વચનથી એના મનમાં સર્વોત્તમ શારીરિક સુંદરતાની પ્રતિમા મૂર્ત ન થાય, એના દેહને કેવો ઘડવાનો છે એ સ્થિર ન થાય ત્યાં સુધી એ ઉકાળવાનો પણ શું? 'આદર્શ' શરીર એટલે રામ, ભીમ, ગામા, રામમૂર્તિ કે સૅન્ડોના જેવું શરીર—કેવળ આટલું કહેવાથી પણ અર્થ નથી સરતો; કેમકે જ્યાંસુધી આ અદ્વિતીય વ્યક્તિઓનાં અને વ્યાયામ કરનારના પોતાના શરીરની વચ્ચે કોઈ પણ જાતની સમાનતા કે સમાનધર્મીપણું ન દેખાડાય ત્યાં સુધી એ ચિત્તમાં દૃઢ નથી થતું અને 'આદર્શ' કેવળ ધૂમાડાના બાચકા જેવો જ રહે છે.

આદર્શ શરીર એટલે સર્વાંગ સુંદર, સપ્રમાણ ઘડાએલી અંગસંહતિ. પણ સપ્રમાણતા એટલે શું? એનું માપ શી રીતે કાઢવું?

આપણાં શાસ્ત્ર અને એમને પગલે અનુસરતાં આપણાં પ્રાચીન અર્વાચીન કાવ્યો રામ, કૃષ્ણ, અર્જુન,

ભીમ, જરાસંધ વગેરે નરવરોનાં શારીરિક સામર્થ્ય અને સુંદરતાનાં લલિત વર્ણનો કરે છે. એમનાં અંગોની સુકુમારતા કે કઠોરતાને પણ આલેખે છે: જેમકે, કપાટ-વક્ષસ્, વૃષસ્કંધ, આજાનબાહુ, પરિણદ્ધકંધર, આયતાંસ વગેરે; પરંતુ સમગ્ર માનવદેહની સપ્રમાણ શુદ્ધ સુંદર પ્રતિમા કયાંય પણ ચીતરેલી દેખાતી નથી. કલ્પનાના તરંગે ચડેલા અક્ષર કવિઓ અને શિલ્પ કવિઓએ એમનાં પાત્રોની રચનામાં અદ્‌ભુત લાવણ્ય રેડ્યું છે. એ લાવણ્યની સામગ્રી એમણે કુદરતને ખોળેથી લીધી છે. પણ એમનાં ચિત્રો મનુષ્યદેહના યથાર્થ લાવણ્યનાં બોધક નથી; માત્ર ઉન્માદભરી અનિયન્ત્રિત કવિકલ્પનાઓ જ છે. એવાં ચિત્રિત શરીર કેવળ મનની આંખે જોવાનાં જ હોય છે; સ્થૂલ આંખે દેખવાં શકય નથી.[૧] એટલે આદર્શ શરીર ઘડવા મથતા વ્યાયામપ્રિયને એ ઉપકારક નહિ નીવડે. એનો આદર્શ તો અન્ય સ્થળે શોધવો રહ્યો.

આપણા આધુનિક—અને એમના પુરોગામી પહેલવાનોને પણ આપણે આપણી આદર્શ મૂર્તિ નથી ગણી શકતા. એમનાં અતિ વિશાળ પેટ અને અત્યંત દુર્બળ પીંડીઓ આપણી નજર નથી ઠારતી.

પણ આવી મુંઝવણ પાશ્ચાત્ય દેશોમાં નથી થતી. યુરોપીય પ્રજાના સમગ્ર જીવનનો આદર્શ પ્રાચીન ગ્રીસ અને રોમની સંસ્કૃતિ છે. એમનું સાહિત્ય, એમની જીવનપ્રણાલિકા, એમની સામુદાયિક અને સામાજિક સભ્યતા, એમની સદસદ્વિવેકવૃત્તિ—જેમ રોમ અને ગ્રીસની છાયા તળે ઘડાયાં છે, તે જ પ્રમાણે શારીરિક સૌંદર્યનો આદર્શ પણ એમણે એ બંને પ્રજાઓ પાસેથી લીધો છે. સુંદર શરીર એટલે કેવળ ચામડી કે ચહેરો નહિ, પણ સર્વાંગ સંપૂર્ણ ખીલેલું શરીર—આવું સુંદરતાનું લક્ષણ ગ્રીસ અને રોમની પ્રજા સ્વીકારતી. સાહિત્ય, સંગીત, કલા, નીતિ એ બધાંના જેટલું જ મહત્ત્વનું સ્થાન શારીરિક સુંદરતાને અપાતું. એટલે એમને પગલે ચાલી એ પ્રજાઓના જેવી જ સંસ્કૃતિ ઘડવાનો અભિલાષ સેવનાર યુરોપી પ્રજા, સૌન્દર્યના આદર્શ માટે પણ એમનું અનુકરણ કરે એમાં નવાઇ નથી.

ગ્રીસ અને રોમનાં કાવ્યોમાં આપણી પેઠે અનેક દૈવીમાનુષી નરવરોનાં જીવન ચીતરાયાં છે, પણ શરીરનો સજીવ આદર્શ તો નજરે પડે છે ગ્રીસ અને રોમની કલામય પાષાણ-પ્રતિમાઓમાં. એમાં એ ઉભય પ્રજાના સૌન્દર્યનો આત્મા મૂર્ત સ્વરૂપે દેખાય છે. નારી દેહની સુંદરતા લો. આજે જગતભરના શિલ્પીઓની આંખ વીનસ ડી મીલોના ભગ્ન છતાં રેખાબદ્ધ લલિત દેહ પર ઠરે છે. એના જેવી નખશિખ શુદ્ધ સંપૂર્ણ સપ્રમાણ સુંદર અન્ય નારીપ્રતિમા હજુ ઘડાઇ નથી. વીનસ યુરોપની રતિ. પુરુષશરીર જુઓ. એપોલો: સુકુમાર છતાં ગૌરવાન્વિત પ્રતિભાસંપન્ન મરદ; આપણા રામ અને અર્જુનનાં કાવ્યસ્વરૂપને એમાં સજીવ થતાં જોઇએ છીએ. એપોલો બેલ્વેડિયરમાં પુરુષદેહની સ્થૂલતા કે ભીષણતા નથી, તેમ આપણા કવિકલ્પિત કામદેવના સ્ત્રૈણ રૂપનો પણ એ પ્રતિમામાં અભાવ છે. હર્ક્યુલિસ: પુરુષત્વના ભયાનક, ભીષણ અને દાહક જડ સ્વરૂપનું દર્શન ફારનીઝ હર્ક્યુલિસની મહાકાય પ્રતિમામાં થાય છે. પાડા જેવાં શરીરવાળા મનાતા આપણા સ્થૂલકાય ભીમ અને જરાસંધનું જ એ જાણે હાડચામનું પૂતળું ન હોય? સ્ત્રી અને પુરુષના આ ઉભય સ્વરૂપનો આદર્શ સેવી, યુરોપીય પ્રજા એમનાં શરીર આજે પણ ઘડી રહી છે.

ઍનૅટૉમી—પ્રત્યક્ષ શારીરના સંપૂર્ણ જ્ઞાન વડે આ પ્રતિમાઓ ઘડાઇ છે એટલે એમાં અસમાનતા કે અંગોના વિકાસમાં કયાં યે પણ વિસંવાદ શોધ્યો જડતો નથી. એથી આપણે પણ વીનસ, એપોલો અને હર્ક્યુલિસનાં પ્રતિમાશરીરને આપણા અંગવિકાસ અર્થે આદર્શરૂપ રાખીએ તો ખોટું નથી. મારી ખાતરી છે કે ઘણાને આવા પરદેશી આદર્શ નહિ રુચે. પરંતુ એ પરદેશી છે માટે જ ત્યાજ્ય, એવી મનોદશા આદરણીય નથી. જે તથ્યનો આપણે ત્યાં અભાવ છે તે બીજે-

૧ આવા કારણથી જ અજંતાનાં ચિત્રન્યસ્ત કે ઇલોરાનાં શિલાસંગ્રથિત માનવશરીર આધુનિક નજરે કુરૂપ દેખાય છે. આથી જ એવી માન્યતા પ્રવર્તી છે કે પ્રાચીન આર્યોને ઍનૅટૉમી—પ્રત્યક્ષ શારીરના સિદ્ધાંતોનું ભાન ન હતું. વાયુમાંથી અંગડોલન, હરણની ગતિ, તલના ફૂલમાંથી નાક વગેરે અનુપમ આદર્શ શોધનાર પ્રાચીન કલાકારના માનસિક રસાસ્વાદને, કેવળ સ્થૂળ શરીરની સુંદરતાના ભોકતાઓ ન માણી શકે, એ સ્વાભાવિક છે. શરીરવિકાસ ઇચ્છતો વ્યાયામપ્રિય પણ આવો સ્થૂલાસ્વાદી હોવાથી આ ચિત્રો અને મૂર્તિઓ એને આદર્શ શરીરના ઘડતરમાં માર્ગદર્શક નહિ નીવડે.

થી સાંપડતું હોય તો તેને ગ્રહણ કરવામાં આપણી નિર્બળતા કે દેશપ્રેમની ઊણપ નહિ પણ સત્ય પ્રત્યેનો પ્રેમ દૃષ્ટિગોચર થાય છે. વળી આપણી પાસે મૂર્ત આદર્શ ક્યાં છે? કેવળ કવિઓનો કલ્પનાસાગર ડહોળવાથી આપણા સ્થૂલ શરીરને ઘડવાના આદર્શની પ્રાપ્તિ નથી થવાની. તેમ આપણાં ચિત્રો અને મૂર્તિઓ દ્વારા જે વારસો મળ્યો છે, તેના જેવાં શરીર ઘડવાનું આજે કોણ વિચારશે? એ બધી પ્રાચીન સામગ્રીમાં કલ્પનાજનિત સૌંદર્ય, માર્દવ અને લાલિત્ય ભલે હોય, પણ એના અંગવિન્યાસમાં ક્યાં યે પણ ઍનૅટૉમીના સિદ્ધાંતો નથી સચવાયા; એટલે એમના આદર્શથી ઘડાતાં મનુષ્યશરીર પણ એમના જેવાં બેડોળ, કુરૂપ અને અસ્વાભાવિક—અમાનુષિક જ લાગવાનાં એ સ્પષ્ટ છે. એવી પરિસ્થિતિમાં આદર્શ રહિત કલ્પનાપ્રેરિત પ્રયત્ન કરવા કરતાં, શરીરની સર્વોત્તમ સુંદર ખીલવણી શીખવાડતી, એવો વિકાસ કરવા દૃઢપણે પ્રેરતી આ પાશ્ચાત્ય પ્રતિમાઓ આપણાં વ્યાયામમંદિરોમાં દેવાસને મુકાવી જોઇએ એમ હું માનું છું.

કોઇ કહેશે કે આ બધું તો ઠીક, પણ મનુષ્યજાતિના ક્રમિક વિકાસજનિત જે શારીરિક ને સાંસ્કૃતિક ભેદો વિવિધ કાળે પ્રત્યેક પ્રજામાં પ્રતીત થાય છે, એ હિસાબે તો યુરોપની પ્રજાના આ આદર્શ આપણને અનુકૂળ નહિ આવે. આમાં કંઇક સત્ય છે: ખાસ કરીને સ્ત્રીશરીરના વિષયમાં. ગૌરાઙ્ગોની નજરે વીનસ ડી મીલો અત્યંત ગૌરવમયી સર્વોત્તમ નારીપ્રતિમા લેખાય છે, છતાં એની ઊંટ જેવી લાંબી ડોક જોઇને જ આપણી સ્ત્રીઓ હબકી જવાની. આનું કારણ સ્ત્રી એટલે 'ઉપભોગ્ય' વસ્તુ—એવી પુરુષભાવના. ઉપભોગ્ય વસ્તુ વધારે ને વધારે રોચક અને પ્રદીપક બને એ અર્થે નારીદેહના સ્વાભાવિક સૌંદર્યને યુગેયુગે છિન્નભિન્ન કરી નાખવામાં આવ્યું છે. આ બધી વિકૃતિઓનો જો એક જ સ્ત્રીના શરીરમાં એક જ ક્ષણે સમન્વય કરવામાં આવે તો, તજ્જનિત 'સ્ત્રી શરીર' એ સ્ત્રીપશુ મટીને કોઇ નવીન જ બિભત્સદર્શન પ્રાણી બની જવાનું! સૌંદર્યને નામે પુરુષોના કેવળ વૈકારિક આત્મતોષનું આ ભયંકર પરિણામ!

સદ્‌ભાગ્યે પુરુષદેહ આટલે દરજ્જે ખંડિત નથી થયો. એને ઉપભોગ્ય ગણી, એની માલિકીનો હક્ક સ્ત્રીઓએ નથી કર્યો, એટલે એનું સૌંદર્ય લાલસાતૃપ્ત કરનાર વૈકારિક દૃષ્ટિથી કલુષિત ન બનવાથી, એ સર્વદા મોટે ભાગે અકૃત્રિમ જ રહ્યો છે. જંગલી અને સભ્ય, યુરોપીય ભારતીય અને ઇતર પ્રજામાં પુરુષશરીરમાં કંઇ યે પ્રશસ્ય ગણાયું હોય તો એની મર્દાનગી જ. વિશાળ છાતી, પ્રૌઢ ખભા, કઠોર સાથળ, દૃઢ કટિબંધ—સંસ્કૃત અસંસ્કૃત બધી પ્રજાઓમાં મર્દાનગીનાં આ મુખ્ય અંગ મનાયાં છે.

એટલે આપણો સ્ત્રીસમાજ વીનસના નિર્મળ સૌંદર્યમાં ભલે હેય અંશ જુએ; પણ આપણા પુરુષવર્ગને તો હરણના જેવા માર્દવભર્યા શક્તિ-સૌંદર્યવાળી એપોલો અને મર્ક્યુરીની, સિંહવ્યાઘ્ર જેવા અસીમ બળવાળા માર્સ, ટ્રેસીઅસ અને પર્સીઅસની તથા પ્રચંડ શક્તિ અને દુર્ધર્ષ વેગવાળી હર્ક્યુલિસ, ડીસ્કોબોલસ, રેસલર્સ વગેરેની અપ્રતિમ પ્રતિમાઓ, સ્વાસ્થ્ય શક્તિ અને સૌંદર્યની સર્વોચ્ચ સંસ્કારમૂર્તિઓ પ્રેરક થવી જ જોઇએ, એમાં મને સંશય નથી.

વળી આ બધી પ્રતિમાઓ કોઈ શિલ્પીનું કલ્પનાજનિત ફળ નથી. એ મૂર્તિઓનાં અંગોની પરસ્પર સપ્રમાણતાનું ધોરણ લક્ષમાં રાખી જો મનુષ્યદેહનું ઘડતર કરાય તો આજે પણ એવાં જ સુંદર, એટલાં જ દૃઢ પુરુષશરીર સરજી શકાય એ સિદ્ધ વાત છે: પછી ભલે તે શરીર યુરોપીય, જાપાની કે હિંદી હોય. આજે વ્યાયામપ્રિય જનતા જે જગન્માન્ય મલ્લરાજોના અદ્‌ભુત શરીરવિકાસની મુક્ત કંઠે પ્રશંસા કરે છે, એ બધા ય શક્તિશાળીઓનાં પૂર્ણ વિકસેલાં અંગની શોભા અને સપ્રમાણતા, આ પ્રચંડકાય પાષાણી પ્રતિમાઓની બરાબર તોલે આવે છે. એ સૌંદર્યસર્જકોને પગલે ચાલી, આપણે પણ એવી જ સજીવ માનવપ્રતિમાઓ કેમ ન સરજી શકીએ? (ચાલુ)

દાક્તરે ગંભીર ચહેરે નવા આવેલા દર્દી સામે જોઈ કહ્યું, 'તમને થોડીક કસરતની જરૂર છે. દરરોજ સાંજે તમે થોડેક ફરવા જવાની ટેવ રાખો, નહિતર તમારો રોગ અસાધ્ય બનશે.'

દર્દી: પણ સાહેબ હું ટપાલી છું, એ આપને કહેતાં રહી ગયું.


~

બલવંત: કેમ પ્રોફેસર! શો વિચાર કરો છો?

પ્રોફેસર: મેં એક ઘરાકને યાદદાસ્ત કેળવવાના બે પાઠો આપ્યા, પણ તે પૈસા આપતાં જ ભૂલી ગયો છે ને તેનું સરનામું હું યે ભૂલી ગયો છું.

શ્રી હરિકૃષ્ણ વ્યાસ સંયોજિત

ગુજરાતી લઘુલિપિ



[અનુસંધાન જેઠ અંકના પૃ. ૩૦૯થી]

છઠ્ઠો દિવસ : સંકેતો

નિયમો

[૩૭] ભાષામાં બહુ વપરાશમાં આવતા શબ્દો માટે ખાસ ટૂંકવેલાં રૂપો સંકેતો કહેવાય છે. આવા બધા સંકેતો નકશામાં આપ્યા છે.

[૩૮] સંકેતોના પહેલા વ્યંજનને લખવાની લીટી પરત્વેના સ્થાનનો નિયમ ૫ મો લાગુ પડે છે.

[૩૯] એકી સાથે એક કરતાં વધારે સંકેતો આવે ત્યારે તે બધા સંકેતોના એક સાથે સંબંધ ધરાવતા સમૂહો, જોડાણ કઢંગું ન બને એવી રીતે, જોડીને લખાય છે.

[૪૦] બે અથવા વધુ સંકેતો એકીસાથે જોડીને લખવાના હોય અને તેમાં સંકેતો વચ્ચે સ્વર આવે ત્યારે એવા સ્વરોને સ્વર-સંયોજનના સામાન્ય નિયમો લાગુ પડતા નથી, પણ સંકેતોનાં સ્થાયી રૂપો કાયમ રહે એવી રીતે જ એ લખાય છે.

સૂચનાઓ

(૩૭) નકશામાં બધા સંકેતો લઘુલિપિના કક્કાવારી અનુક્રમમાં આપ્યા છે. તેમાં જોતાં દરેકમાં રૂપ ટૂંકવવાની એકાદી વિશિષ્ટ રીતનો આશ્રય લેવાએલો લાગશે. તેમ છતાં એ બધામાં એક મુખ્ય સૂત્ર તો નજરે પડશે કે તે તે શબ્દના બહાર પડતા ઉચ્ચારો તે તે શબ્દના સંકેતમાં પ્રતિનિધિત્વ પામેલા છે. પરંતુ સંકેતોના આયોજનની જુદીજુદી ખૂબીઓ બરાબર સમજાય તે માટે નીચેનાં ઉદાહરણોમાં એના એ સંકેતોને એવી ખૂબીઓના વર્ગવાર વિભાગી બતાવ્યા છે. એ વર્ગણી સંકેતો યાદ રાખવામાં ખૂબ મદદગાર થશે.

(૩૮) નકશામાં તેમજ બધાં ઉદાહરણોમાં આપેલા બધા સંકેતો આ નિયમ મુજબ લખવા જોઇએ એવી રીતે જ લીટી પર ગોઠવેલા છે. વાચકને અક્ષરોનાં લીટી પરત્વેનાં આ સ્થાન પૂર્વપરિચિત છે. આથી આ નિયમ પર જુદાં ઉદાહરણોની જરૂર નથી.

(૩૯) આવી રીતે સંકેતો જોડીને બનાવેલા Phrases કે વાક્પ્રચાર આપણે વારંવાર વાપરીએ છીએ. વસ્તુતઃ સંકેતોના વારંવાર થતા પ્રયોગને લીધે સંકેતોનું સાથે આવવું એ અનિવાર્ય સંજોગ છે. ઉદાહરણોમાં તો આવા ગણ્યાગાંઠ્યા વાક્પ્રચારો જ આપી શકાયા છે; કેમકે નહિતર તો એનું આખું પુસ્તક ભરાય.

આવા સંકેતસમૂહો લખવામાં ખૂબ સહેલા પડશે. પણ જ્યાંસુધી બધા સંકેતો પર સંપૂર્ણ કાબૂ નહિ જામ્યો હોય ત્યાંસુધી વાંચતી વખતે સળંગ લખાએલા વાક્પ્રચારના ટુકડા કરવાનું કામ અઘરૂં લાગશે. કેમકે એવા ટુકડા કરવા માટે જુદેજુદે સ્થળે કાપ મૂકતાં જુદાજુદા અર્થ થતા લાગશે. પણ આ આખો પ્રશ્ન હાથોટી બેસવાનો છે, અને તેથી એને માટે નિયમો યોજી શકાતા નથી. સંકેતોમાંના કોઇ એક અને કોઇ બે રેખાના બનેલા છે. અને સંકેતસમૂહોમાં તે બધા મિશ્ર બની જતાં શરૂઆતમાં તેનાં જુદાંજુદાં સંમિશ્રણથી નીકળતા જુદાજુદા અર્થથી વાચક ગુંચવાશે. પણ અનુભવ વધતાં જેમ સામાન્ય લિપિમાં 'સંકેતસમૂહ' એવો એક શબ્દ આપ્યો હોય ત્યારે 'ત' અને 'સ' ની વચ્ચે કેળવાએલી દૃષ્ટિ આપોઆપ કાપ મૂકી એ સમાસના બંને અર્ધને જુદાજુદા વાંચી શકે છે, તેમ

સંકેતો

અહીં, આજે	કેવડું	જાત, જાણે	તમે	બધું ઇ.	સંબંધે
આખરે	વખત, કરતાં	જરા	ત્યાં	બીજું, બાજુ	સિવાય
આગળ	કદાચ	જોઇએ	ત્યારે	બાબત	સુધી
આટલું	કશું-ઇ	જેમ	અત્યંત	બીલકુલ	સઘળું ઇ.
આવડું	કેવું-ઇ	હજુ	અંદર, દરેક	બહાર	સાધારણ
અથવા	ક્યાં	જેઓ	દહાડો	રીત	સરખું ઇ.
અત્યારે	ક્યારે	જો કે	દિવસ	રૂપ	સામાન્ય, સમાન
અધિક	ખાતર	જેટલું ઇ.	દરમિયાન	તરીકે	સ્થિતિ
આપણે	ખાસ	જેવડું ઇ.	પણ, પરંતુ	જરૂર-રી	શો, શું ઇ.
અલબત્ત	ખુબ	જુદા	પાસે	લાયક	વિષે
અનેક	ખોટું ઇ.	જલદી	પૂરૂં	લીધે	સ્પષ્ટ
આવો-વી-વું	ખબર	જેવું ઇ.	પછી, પાછળ	ના, નહિ, નથી	હશે, હોય
અર્થાત્	ખરૂં, ખરેખર	જયાં	પેઠે	તે, અને	હમેશાં
ઇત્યાદિ	અગર	જ્યારે	પોતે	નહિ તો	હવે
ઉપરાંત	ગૃહસ્થો (અને બાનુઓ)	માટે	પર, ઉપર	આમ	યોગ્ય
ઉલટું	વગેરે	વડે	પેલો	માત્ર	વિના, વગર
એકલું	અગત્યનું	તે, તો	પહેલો-લાં	મારૂં ઇ.	વાત
એટલું-લે	ગમે	અતિશય	પ્રમાણે	મુખ્ય	વળી
એવડું	ઘણું, ઘટે	તેથી	પ્રકાર	મોટું ઇ.	વધુ, વધારે
એવો-વી-વું	છે, છું ઇ.	તેમ	પ્રત્યે	માફક	વસ્તુ
કે કોણ-કોઇ	નીચે	તેઓ	ફક્ત	મારફત	હું
કાંઇ	છેવટે	તેટલું ઇ.	ફરી	માલુમ	
કારણ	છતાં	તેવડું, ઇ.	બદલે, બલકે	માનવ, મનુષ્ય માણસ	
કેમ	વચ્ચે	તથા	ભાઇઓ	મહાન	
કેમકે	છેક	તદ્દન	ભાઇઓ અને બ્હેનો	સમય	
કેટલું-ક	જે, જો	તરફ	બરાબર	સામે, સાથે	

ℂ. એક કરતાં વધુ સંકેતો સાથે જોડાઇ શકે.

ℂ. સંકેતોના જોડાણમાં પણ આ રૂપો કાયમ રહે

ઉપરની વિગતો પર સંપૂર્ણ કાબૂ મળતાં મિનિટે એંશી શબ્દ સુધીની ઝડપે કાંઇ પણ લખી શકાશે

જ સંકેતોની સંજ્ઞાઓને જુદીજુદી રીતે વાંચવાની દષ્ટિ કેળવાતાં તેનું વાચન પણ સરળ બની શકે.

આવી રીતે સમૂહમાંના સંકેતોને છૂટા પાડી વાંચવાની શક્તિના મૂળમાં સંકેતોને ઓળખી અમુકઅમુક અક્ષરોનો બનેલો સંકેત હસ્તી ધરાવે છે કે નહિ તેનો ત્વરિત નિર્ણય કરવાની શક્તિ રહેલી છે. જેમકે 'સંકેત-સમૂહ' એ શબ્દ વાંચતી વખતે 'સંકે', 'તસ', 'મૂહ' એવા કોઇ શબ્દો ભાષામાં નથી એમ આપણને ખાત્રી હોય છે, અને એ સમાસનો પ્રથમ શબ્દ 'સંકેત' એ આખી અતિપરિચિત સંજ્ઞા હોઇ આપોઆપ જુદી તરી આવે છે, અને તેથી સમાસનો બાકી રહેલો ટુકડો તેના યોગ્ય અર્થમાં દષ્ટિ સામે આવી ઊભે છે. આવી જ માનસિક ક્રિયા કાઇક જલદ રૂપમાં સંકેતોના વાચન વખતે પણ કરવી પડવાની. આમ હોવાથી લેખનની ઝડપ માટે તેમજ વાચનની સરળતા માટે એમ બંને દૃષ્ટિએ સંકેતોનાં ચિહ્નો સ્મૃતિમાં રૂઢ થઇ જવાની જરૂર છે.

આ સિવાય નવા શીખનારને એક બીજી મુશ્કેલી પણ પડશે. લખેલું વાંચતી વખતે કોઇ એક સ્વતંત્ર સંજ્ઞા સંકેતસમૂહ છે કે એકાદ શબ્દ હશે એ નિર્ણય કરવાનું કામ એને શરૂઆતમાં મુંઝવશે. કેમકે એ શું છે એના પર તો એને વાંચવાની રીતનો આધાર હોય છે, અને માત્ર લખ્યા પરથી સંકેતસમૂહ કે શબ્દ ઓળખી શકાતા નથી. આને માટે સાથેનાં ઉદાહરણોમાં આપેલા સંકેતસમૂહોના રેખાંકનના સામાન્ય વલણને બીજા શબ્દો સાથે સરખાવતાં સંકેતસમૂહોનાં સ્વરૂપ સામાન્ય શબ્દોથી કેવી રીતે જુદાં તરી આવે છે તે સમજાશે. જોઇ શકાશે કે સકેતસમૂહોનાં સ્વરૂપોની પણ એક ચોક્કસ ખાસીઅત છે. ખાસીઅતનું વર્ણન કે વિવેચન કરવા કરતાં એની સીધી ઓળખાણ સાધવાની ક્રિયા વધુ સહેલી અને બુદ્ધિગમ્ય થાય તેમ છે—જે રીતે આપણે બીજા પદાર્થો કે માણસોની ઓળખાણ સાધીએ છીએ તેમ સંકેતોની આ ખાસીઅતનું જ્ઞાન જ માત્ર ચાલુ લખાણમાંના શબ્દોમાંથી સંકેતસમૂહ જુદા તારવી વાંચવામાં ઉપયોગી થઈ શકશે. લખાણ અને વાચનનો મહાવરો વધવા સાથે એ જરૂરી પરિચય સહેજે આવી જશે.

(૪૦) સંકેતની રીતે સંકેત લખાય અને સાથોસાથ સ્વર-સંયોજનના નિયમોનો આપોઆપ અમલ થઇ જતો હોય તો કાંઇ ચિંતા નહિ. પણ ઘણી વખત આગળના સંકેતને છેડે કે પાછળનાની શરૂઆતમાં આવતો સ્વર, સંકેતના સ્થાયી રૂપ (નકશામાં આપેલ)માં હોય એવી રીતે લખવા જતાં નિયમ ૯ થી ૧૬ સુધીમાંના કોઇનો ભંગ થતો હોય છે. આવે પ્રસંગે સંકેતનું મૂળ રૂપ કાયમ રાખીને જ લખવાથી, વાંચતી વખતે સ્વર-સંયોજનના નિયમનો ભંગ બે સંકેતો વચ્ચે કાપ મૂકવાનું સ્થાન આપોઆપ સૂચવશે. 'ર' અને 'લ'થી શરૂ થતા સંકેતો બીજા વ્યંજનાંત સંકેતોની પાછળ આવે ત્યારે પણ આ નિયમ આડકતરો લાગુ પડશે. અને જો કે નિયમને ક્લિષ્ટ નહિ બનાવવાના હેતુપૂર્વક આ ઉલ્લેખ તેમાં કર્યો નથી, પરંતુ બંને પ્રસંગોમાં મૂળભૂત સિદ્ધાંત તો એક જ છે.

ઉદાહરણો

(૧) [**નિ. ૩૭: પ્રથમાક્ષરથી બનેલા સંકેતો**] અહિ-આજે, કે-કોણ, ક્યાં, ઘણું-ઘટે, છે-છો-છું, જે-જો, જ્યાં, તે-તો, ત્યાં, દરેક, ના-નહિ-નથી, પણ-પરંતુ, પ્રમાણે, ફક્ત, બદલે-બલકે, યોગ્ય, રીત, રૂપ, લાયક, લીધે, વગર-વિના, શો-શી-શું-શાં, સમય, સ્થિતિ, હશે-હોય.

(૨) [**નિ. ૩૭ ચાલુ: પહેલા બે અક્ષરના બનેલા સંકેતો**] અત્યારે, અથવા, અધિક, અનેક, અલબત્ત, આખરે-આખું, આગળ, આટલું-લો-ઇ., આપણે, આવું-વો-ઇ., અર્થાત્, ઇત્યાદિ, ઉલટું, એકલું-લો-ઇ., એટલે-એટલું-લો-ઇ., એવું-વી-ઇ., કદી-કદાપિ-કદાચ, કશું-શો-ઇ., કારણ, કાંઇ, કેમ, કયારે, ખબર, ખરું-ખરેખર, ખાસ, ખૂબ, ખોટું, ગમે, ગૃહસ્થ, છતાં, છેક, જરા ~~~ જલદી, જાત-જાણે, જેમ, જ્યારે, તથા, તદ્દન, તમે, તરફ, તેમ, ત્યારે, દરમ્યાન, દા'ડો, દિવસ, પછી, પહેલાં, પાસે, પૂરું, પ્રકાર, પ્રત્યે, ફરી, બરાબર, બહાર, ભાઇઓ અને બ્હેનો, મહાન, માત્ર, મારું, મુખ્ય ~~~ મોટું-ટો-ઇ., વધારે-વધુ, વસ્તુ, વાત, સઘળું-ળા-ઇ, સમાન, સરખું-ખાં-ઇ., સંબંધે, સામે-સાથે, સિવાય, સુધી, હમેશાં.


(૩) [**નિ. ૩૭ ચાલુ: પ્રતિનિધિરૂપ બે અક્ષરોના બનેલા સંકેતો**] આવડું-ડા-ઇ, એવડું-ડા-ઇ., કરતાં, કેટલું-લાં-ઇ., કેમકે, કેવડું-ડા-ઇ., કેવું-વા-ઇ., છેવટે, જુદું-દાં-ઇ, જેટલું-લાં-ઇ., જેવડું-ડાં-ઇ-(જોડે), જેવું-વા-ઇ., જોઇએ, જોકે, જોડે-(જેવડું). તેટલું-લાં-ઇ., તેવડું-ડા-ઇ., તેવું-વા-ઇ., પર, પાછળ, પેઠે, પેલું, પોતે, બાબત, બાજુ-બીજું, બીલકુલ, મનુષ્ય-માણસ-માનવ, માફક, મારફત, માલૂમ, સાધારણ, સામાન્ય, હવે.

(૪) [**નિ. ૩૭ ચાલુ: આદ્યક્ષર લોપેલા સંકેતો**] અગર, અગત્યનું, અતિશય, અત્યંત, અને, અંદર, આમ, ઉપર, જરૂર-જરૂરી, તરીકે, નીચે, માટે, વખત, વગેરે, વચ્ચે, વડે, વિષે, સ્પષ્ટ, હજુ.

(૫) [**નિ. ૩૭ ચાલુ: અનિયમિત સંકેતો**] ગૃહસ્થો અને બાનુઓ, તેથી, ભાઇઓ અને બ્હેનો, હું

(૬) [**નિ. ૩૯: સંકેતસમૂહો**] અથવા તો, અનેક વખત, અને તો પણ, અને પછી, આ બધું, આ બાબત, આમ છતાં, આવી અગત્યની બાબત પર, એક બાજુ, એ ખોટું છે કે, એની શી ખબર કે, કારણ કે, કાંઇ પણ, કે પછી, કેમકે નહિ તો, ગમે તેમ પણ ગમે ત્યારે પણ, ઘણી બાબત એવી હોય છે કે——ઘણી વખત, છતાં જ્યાં સુધી, છતાં પણ, જે રીતે, જો કદાચ, તે તો માત્ર. તેમ છતાં, તે સિવાય, તો પણ શું, ત્યાર પહેલાં તો, ત્યાં સુધી, નહિ જેવું. પણ આમ નહિ, પણ આવી રીતે, પણ જ્યારે, પણ હવે, બરાબર છે, મારે ખાતર, હવે કોણ.

(૭) [**નિ. ૪૦: સ્વરસંયોજન વિ. સ્થાયીરૂપ**] **એ** તો સ્પષ્ટ છે કે, તરીકે નહિ, પણ આ ઉપરાંત, પણ આજે તો, પણ આવી રીતે, હવે શું



મનોયત્ન ૨
'કીર્તિ અને કામિની'
(નવલિકા)

શશીવદનનો ભુલાએલો ઉલ્લાસ પોતાનાં આજ સુધીનાં ચીતરેલાં બધાં ચિત્રો આ અજાણ્યા સંગ્રાહક પાસેથી આજ ઘણા વખત પછી આમ એકી સાથે જોવા મળશે એ આશાએ પાછો જાગ્રત થયો. એ

જૂના દોસ્તોને ફરી ભેટવાની કલ્પનાએ એની નાડીઓમાં જૂનું ચેતન ઘડીભર ઉછળી રહ્યું. ગરીબી અને વૃદ્ધાવસ્થાથી કુરૂપ બનતા જતા તેના ચહેરામાંની રેખાઓ ઘડીભર આકર્ષક રચનામાં ગોઠવાઇ ગઈ.

'હા! હા!' તેણે હસતાં કહ્યું. 'પોતાની કૃતિઓમાં ચિરંજીવ રહેલું એ કલાકારનું એકનું એક આશ્વાસન, એકની એક મહત્ત્વાકાંક્ષા હોય છે. જ્યારે આ શરીર ખતમ થઇ ગયું હોય ત્યારે એ સૂક્ષ્મ શરીર મારફત પોતે ઉપજાવેલું સૌંદર્ય દુનિયા પર મૂકતા જવું, અને એ સૌંદર્યમાં અમર રહી સૈકાઓની માનવતા સાથે એ મારફત હાથ મિલાવવા! ઓહ! કેવી માદક એ કલ્પના છે, મિ. યાંત્રિક?'

'એમ છે તો ચાલો તમારાં જ ચિત્રોનું બનેલું મારૂં સંગ્રહસ્થાન તમને બતાવું.' કહેતાં યાંત્રિક તેને એ પાસેના ઓરડા તરફ લઇ ગયો.

'હું આ બારણાને હમેશાં તાળું વાસી રાખું છું,' તેણે ચાવી ફેરવતાં કહ્યું. 'કેમકે અંદરનાં ચિત્રો મારા એકલાની જ આંખને ઠંડક આપવા માટે છે. હું ઘણી વખત અહીં આવું છું. અને એ ચિત્રોમાંથી મળતું અમૃત પી ખુશ રહું છું. પણ તમે તો એ બધાં ચિત્રોના ખુદ સર્જક છો, મિ. બીન, એટલે તમને અંદર જવાનું વણમાગ્યું આમંત્રણ છે.'

મનુષ્ય તરીકે તેમજ ચિત્રકાર તરીકે આજે દેવાળીઆ બનેલા શશીવદનનો યૌવનનો ગર્વ આ વાતે સતેજ થયો, અને જિતાએલા કિલ્લામાં પગ મૂકતા સરદારની ઢબે તે અંદરના ઓરડામાં પ્રવેશ્યો. પણ અંદર પગ મૂકતાં જ તેની શંકા તાજી થઇ. તેની નજરે પોતાના યૌવનકાળમાં દોરેલાં ચિત્રોનું આખું પ્રદર્શન પડવાને બદલે, ટરપેન્ટાઇનથી ધોવાએલા અને પોતાને પરિચિત અનેક નાની મોટી ફ્રેમોમાં લટકતા કેનવાસોનો શંભુમેળો જ તેણે ત્યાં જોયો. તેનું ચિત્ત વિહ્વળ બની ગયું. તેને આંખે અંધારાં આવવા લાગ્યાં, અને અસહાય દૃષ્ટિએ તેણે યાંત્રિક સામે જોયું; 'ઇશ્વરને ખાતર, આ બધું શું છે, મિ. યાંત્રિક?'

યાંત્રિકનું હાસ્ય હવે વધુ પારદર્શક બન્યું. તે બોલ્યો, 'તમારાં અગાઉનાં ચિત્રો! તમારાં 'ચિરંજીવ' ચિત્રો!'

શશીવદનનો આત્મા આ કટાક્ષની કાતિલ ઠંડીથી થરથરી ઊઠયો. એના યૌવનકાળનું બધું સર્જન, એના આજના પામર જીવનથી પર અમરતાની એકની એક આશા, યૌવનના આશાવાદની કોઇ સ્વર્ગીય પળોમાં તેણે ખડી કરેલી એ આખી સૌંદર્યસૃષ્ટિ આમ એકા સપાટે અદૃશ્ય થતાં તેનાં રોમેરોમ કંપી ઊઠયાં.

'આ ખૂન! ઓ જલ્લાદ! શા માટે?' તેના હૃદયની બધી કરુણતા આ ટૂંકા શબ્દોમાં ઠલવાઇ પડી. અને પછી પાણી ખલાસ થતાં નમી પડતી મશકની જેમ હૃદયનું સત્ત્વ નિચોવાતાં તે ઊંબરામાં જ ઢગલો થયો.

પણ યાંત્રિકની તીક્ષ્ણ દૃષ્ટિ એ છેવટના ઘા માટે જ તલસી રહી હતી. 'કેમ મૂર્છા આવે છે?' તે પોસ્ટ મૉર્ટેમ કરતા ડૉક્ટરની જ્ઞાનદૃષ્ટિથી બોલ્યો. 'તો આ છેવટનું એક જોતા જાઓ, મિ. બીન!'


અને એમ કહેતાં તેણે સામેની દિવાલ પાસે કોઇ જાદુગરની કૃત્રિમ છટાથી જઇ એક કબાટ ઉઘાડ્યો. એ કબાટમાં મૂકેલું કોઇ નવયૌવનાનું તૈલચિત્ર એ ઓરડામાંના કેનવાસના અવ્યવસ્થિત ઢગલા વચ્ચે, ઘોર અંધકારમાં થતી વિદ્યુતની માફક ચમકી ઊઠયું. જલતી જ્યોત જેવી એ ચપળાની આંખોમાં એ જ વેધક પ્રકાશ હતો, એના નરમ હોઠ પર એ જ જુગજુની આતુરતા હતી. એનાં ઝુલ્ફાંનાં લહેરીઆંના વળાંક આજ પણ જોનારનાં અણુએ અણુમાં ચેતનભર્યું, સનાતન નૃત્ય પ્રેરી રહેતાં હતાં. હજુ પણ એ નિર્જીવ કેનવાસ પર એની આખી સમ્રાજ્ઞી છટાની સજીવતા એવી ને એવી જ અખંડિત રક્ષાઇ રહી હતી.

આશ્ચર્યમૂઢ બનેલો શશીવદન પોતાની કલ્પનાસૃષ્ટિના એ ભૂતપૂર્વ સૌંદર્યના આ એકના એક અવશેષ તરફ કંજુસની જડ નજરે જોઇ રહ્યો. પોતાના જિગરની એ જ્વાળાથી દાઝવામાં આજ આટલાં વર્ષે પણ તેને કાંઇક અજબ દુ:ખમિશ્રિત આનંદ લાગ્યો.

યાંત્રિકે છેલ્લો પ્રહાર કર્યો, 'તમે કદાચ તમારાં બીજાં બધાં ચિત્રો ભૂલી ગયા હશો, મિ. બીન, પણ તમારી પીંછીએ અમર કરવા ધારેલી આ હુતાશનીને તો તમે હરગીઝ નહિ ભૂલ્યા હો. તમારી કલા પર તો એક વખત હું પણ આફ્રીન હતો. પણ કમબખ્તી માત્ર એટલી જ હતી કે આ . . મારી . . સ્ત્રી . . હતી, મિ. બીન!'

(અનુવાદ)

'કીર્તિ અને કામિની'



(અનુવાદ) [શબ્દ: ૪૪૩ — ૨૫ા: ૧૬૭૮]

શંકરનો કસબ

ઘણાં વરસ પહેલાં એક ગામડામાં ગેમો કરીને એક ખેડૂત રહેતો હતો. એક તો હાલત પહેલેથી જ તંગ તેમાં બે ચાર વરસ થયાં ઉપરાઉપરી દુકાળ પડવા માંડયા હતા એટલે તે વધુ કફોડી બની હતી. કુટુંબમાં તે અને તેના પુત્ર શંકર સિવાય ત્રીજું કોઇ ન હતું છતાં પણ ખાવાનાં સાંસાં પડવા માંડયાં હતાં.

આખરે શંકર કંટાળી ઊઠયો, 'બાપા, આમ જ જો વધુ ચાલશે તો તો ભૂખે મરી જવાનો સમો આવશે. મને રજા આપો તો પાસેના શહેરમાં જઇ કંઇ કસબ શીખી આવું. તમને ખબર છે, કસબી કારીગરો આ જમાનામાં ખેડૂતથી પણ વધુ સુખી હોય છે?' તેણે ગેમાને કહ્યું.

એકના એક છોકરાને રજા આપતાં જીવ તો ન ચાલ્યો, પણ ઘણા આગ્રહને વશ થઇ ખૂબ આનાકાની પછી તેણે શંકરને રજા આપી. થોડુંઘણું ભાથું બાંધી શંકર ચાલી નીકળ્યો.

અરધેક રસ્તે એ પહોંચ્યો હશે ત્યાં એક જબરૂં તળાવ આવ્યું. તરસ પણ લાગી હતી એટલે પાણી પીવા શંકર તળાવ ભણી વળ્યો. પાળ પર ચડતાં જ બીજા એક માણસને તેણે પાળે ચડતો જોયો. તે જરાક અચકાયો ત્યાં એ માણસે જ તેને પૂછયું, 'છોકરા આવા બળતા ઉનાળામાં તું કયાં રખડવા નીકળ્યો છે?'

'કંઇક કસબ શીખવા. હું ને મારો બાપ બહુ ગરીબ છીએ.' તેણે જવાબ આપ્યો.

'ઓહો! એમાં શી મોટી વાત? કસબ તો હું તને શીખવું; અને એટલો બધો શીખવીશ કે તારી ગરીબી તો કયાં યે નાસી જશે. કેમ કબૂલ છે?' માણસે પૂછયું.

શંકરને તો એટલું જ જોઇતું હતું. એણે ખુશીથી હા પાડી દીધી. તરત પેલો માણસ તો તળાવમાં કૂદી પડયો અને સાથે શંકરને પણ કૂદી પડવા તેણે જણાવ્યું. ડૂબી મરવાની બીકે શંકરે તો ના પાડી, પણ જયારે પેલાએ કહ્યું કે, 'હું તને તરતાં શીખવીશ' ત્યારે તે પણ કૂદી પડયો.

એક હાથે શંકરને તરતો રાખી પેલો માણસ તો આગળ ને આગળ વધતો ગયો. તળાવની બરાબર વચમાં આવ્યો કે સીધી તેણે શંકરની ગરદન પકડી ને લાગલો જ પાણી નીચે તેને ખેંચી ગયો.

પણ નીચે તો પાણીબાણી કશું જ ન મળે! ખાસું શણગારેલું એક ઘર હતું, ને એક ડોશી તેનું રખેવાળું કરતી બેઠેલી. એ ડોશી પાસે શંકરને મૂકી માણસ તો પાછો ચાલ્યો ગયો.

'છોકરા, આ તો રાક્ષસનું ઘર છે. તું એમાં કયાં આવી ભરાણો?' ડોશીએ શંકરને પૂછયું.

શંકરને હવે ખબર પડી કે એ માણસના વેશમાં રાક્ષસ જ હતો. તેણે પોતાની બધી હકીકત ડોશીને જણાવી દીધી. ડોશીને દયા આવતાં તે બોલી, 'તું કોઇ નિર્દોષ ભોળો માણસ લાગે



હું મુસાફર

હું પશ્ચિમનો મિત્ર મુસાફર,
પશ્ચિમ ખેડી જાઉં;
દૂર દૂરનું સઘળું સારૂં
આંગણ તેડી લાઉં.

હું દક્ષિણનો દક્ષ મુસાફર,
સાગર ચીરી જાઉં;
વૃષ્ટિનાં વાદળ નાથીને
ભારત પર વરસાઉં.

હું પૂરવનો પંખી મુસાફર,
ઊડતો ઊડતો જાઉં;
પ્રભાતનાં હસવાં વાળીને
રંકવદન રેલાઉં.

હું ઉત્તરનો ઊર્ધ્વ મુસાફર,
ધપતો ધપતો જાઉં;
તુંગ શિખરના પુણ્ય વિચારો
વસ્તીમાં ઉતરાઉં.

હું દુનિયાનો દેવ મુસાફર,
ચોગમ ફરતો જાઉં;
ખૂણે ખૂણે ભારત કેરી
વિજયધજા ફરકાઉં.

પ્રીતમલાલ મજમુદાર

તાજેતરમાં બહાર પડેલા લેખકના બાલ કાવ્યસંગ્રહ 'ફૂલકણી'માંથી



તું કોઇ નિર્દોષ ભોળો માણસ લાગે છે. તારા જેવો ફુટડો જુવાન આ રાક્ષસને હાથ ક્યાંથી પડ્યો?

છે. તારા જેવો ફુટડો જુવાન આ રાક્ષસને હાથ ક્યાંથી પડ્યો? પણ ગભરાતો નહિ; હું તને તેના પંજામાંથી છોડવીશ; વળી બધો કસબ પણ તને શીખવીશ. પણ જો, રજ પણ બાતમી રાક્ષસને કાને ન જવી જોઇએ. જ્યારે તને તે પૂછે ત્યારે તારે કહેવું કે મને તો કશું આવડતું જ નથી.'

અને ડોશીએ રાક્ષસની બધી કળાઓ શંકરને શીખવવા માંડી. રાક્ષસ તો દરરોજ આવી તેને પૂછપૂછ કરે પણ શંકર તો તદ્દન મૂરખ જેવા જ જવાબો આપ્યા કરે. એક દિવસ રાક્ષસ કંટાળ્યો. આવા અડબંગને તે મારે ક્યાં સુધી સંઘરવો? ચાલ, પાછો મૂકી આવવા દે!'

ફરી શંકરની ગળચી પકડી રાક્ષસ તેને લઇ ચાલ્યો ને ઠેઠ તળાવની પાળ પર છોડી આવ્યો. આ ઓચિંતા છુટકારાથી શંકર તો ખુશખુશ થઈ ગયો ને દોટ મારતો ઘેર જવા ઉપડ્યો.

દીકરાને પાછો આવી લાગેલો જોઇ ગેમાને ખૂબ જ આનંદ થયો. 'હવે આપણી ગરીબાઇ દૂર થાય એવો કસબ હું શીખી લાવ્યો છું.' તેણે ગેમાને કહ્યું.

પછી તો દરરોજ ગેમા સાથે તે ખેતરે જવા લાગ્યો. દિવસો વીતતા ગયા પણ તેને કશો કસબ અજમાવતો ન જોઈ ગેમાને શંકા પડી. એક દિવસ તેણે પૂછ્યું, 'શંકર, હવે તારો કસબ ક્યારે અજમાવીશ?'

'હું બરાબર ટાણું આવવાની વાટ જોઇને બેઠો છું.' તેણે જણાવ્યું.

થોડા જ દિવસ વીત્યા ત્યાં શહેરમાં એક મેળો ભરાયો. 'ચાલો મેળામાં.' શંકરે ગેમાને કહ્યું.

'પણ ત્યાં જઇને કરવું શું?' ગેમાએ પૂછ્યું.

'એ હું તમને ત્યાં જણાવીશ!'

અચંબા ને અવિશ્વાસમાં શંકર સાથે ગેમો મેળે જવા ઉપડ્યો. રસ્તામાં શંકરે કહ્યું, 'જુઓ બાપા, જાણે કે મેળાની લગોલગ પહોંચતાં હું સફેદ અરબી ઘોડો બની જઇશ. સારામાં સારી કીમતે તમે મને વેચી મારજો. પણ જોજો, ખરીદનારને લગામ સોંપતા નહિ. પૈસા તમારા ખીસામાં આવી જાય કે લગામ ઉતારી લઇ ત્રણ વખત જમીન પર પછાડજો!'

ગેમાએ સાંભળ્યું ન સાંભળ્યું કરી નાખ્યું. તેને મન શંકરે મશ્કરી આદરી હતી! કશું બોલ્યા ચાલ્યા વિના કંટાળેલા મને તે આગળ ચાલવા લાગ્યો. મેળાની નજીક પહોંચ્યા ત્યાં તો શંકર તો ખરેખર અરબી ઘોડો

બની ગયો! એવો અશરાફ ને પાણીદાર કે આખા મેળામાં એનો જોટો ન મળે! જોનારા તો દાંતમાં આંગળાં ઘાલી તેને જોયા જ કરતા. કીમત પૂછવાનું તો કોઇનું જિગર જ શાનું ચાલે?

એવામાં જરકસી જાકીટ ને પહોળા ઝબ્બાવાળો એક પઠાણ ત્યાં આવી પહોંચ્યો. એ બીજો કોઇ નહિ પણ પેલો રાક્ષસ જ હતો. પેલી બુઢ્ઢીએ શંકરને પોતાની વિદ્યા શીખવી હોવાનો તેને વહેમ ગયો હતો એટલે શંકર પર વેર લેવા જ તે વેશ બદલાવી નીકળ્યો હતો.

'જનાબ, બહુ અચ્છો ઘોડો તમે લાવ્યા છો. શી કીમત રાખી છે?' તેણે ગેમાને પૂછ્યું.

ગેમાએ તો વધુમાં વધુ કીમત જણાવી ને બધાના આશ્ચર્ય વચ્ચે પઠાણે તરત તે કીમત ભરી દીધી. પૈસા હાથમાં આવતાં, તે ગણવાની પણ તસ્દી ન લેતાં ગેમાએ તો તરત ઘોડાની લગામ ઉતારી લઇ ત્રણ વખત જમીન પર પછાડી ને બીજી પળે તો ઘોડો યે ગુમ ને તેનો ખરીદનાર પણ ગુમ!

પૈસા લઇ ગેમો ઘેર પહોંચ્યો. શંકર ખુશમિજાજે ખાટલામાં બેઠો તેની રાહ જ જોઇ રહ્યો હતો. તે દિવસે તો બંનેએ દીવાળી ઊજવી!

થોડા વખત બાદ વળી બીજો મેળો ભરાયો. શંકરે ફરી ગેમાને કહ્યું, 'બાપા, આ વખતે હું સુંદર સામાન ભરેલો એક કબાટ બની જઈશ. સારામાં સારી કીમત આપનાર મળે એટલે તમે પૈસા લઇ લેજો અને ચાવી તેને ન આપતાં પરબારી જમીન પર પટકજો.

મેળામાં કબાટ પહોંચતાં જ લોકોનો ઘેરો જામવા લાગ્યો. ત્યાં પેલો રાક્ષસ પઠાણના જ વેશમાં ફરી હાજર થયો. મોંઘી કીમત આપી તેણે તે કબાટ ખરીદી લીધો ને પૈસા ચૂકવી આપ્યા. સંકેત પ્રમાણે ગેમાએ તરત ચાવી પટકી એટલે કબાટ તો કબૂતર બની જઇ હવામાં ઊડવા લાગ્યું!

પણ આ વખતે રાક્ષસ છેતરાય એમ ન હતો. તરત જ પઠાણને બદલે તે એક બાજ બની ગયો ને કબૂતરનો શિકાર કરવા તેની પાછળ પડ્યો. ગેમો તો આ કરતૂત ફાટી જ આંખે જોઈ રહ્યો.

આગળ કબૂતર ને પાછળ બાજ દૂર ને દૂર ઊડતાં ગયાં. ભયથી તરફડતું કબૂતર એક બગીચામાં ઊતરી પડ્યું ને સીધું ત્યાં ફરવા આવેલી બાદશાહની શાહજાદી પાસે જઇ પડ્યું. ઉપર તક સાધવા બાજ ચક્રાવા લઇ રહ્યો હતો. કબૂતરનો તરફડાટ જોઇ શાહજાદીને બહુ દયા આવી ને તેને પોતાના હાથમાં લઇ લીધું. પણ કેવું અજબ! બીજી જ પળે કબૂતરને બદલે હીરાની બનેલી એક વીંટી તેની આંગળીમાં પરોવાઇ ગઇ હતી!

પેલી બાજુ બાજ પણ માણસનો વેશ લઇ સીધો બાદશાહ પાસે પહોંચ્યો. 'જહાંપનાહ, આપ ફરમાવશો તે મુશ્કેલમાં મુશ્કેલ કામ પણ હું પૂરાં પાડી આપીશ. મને તેનો બીજો કશો યે બદલો કે ઉપકાર નથી જોઇતો. પણ એક જ માગણી છે, કે આપની શાહજાદીની આંગળીએ જે વીંટી છે તે મને મળે. આપ ચાહે તે કામ મને સોંપો.'

બાદશાહે તેનું પારખું જોવાનો નિશ્ચય કર્યો. બાજુના જ એક રાજાના મુગટમાં બધા રાજા બાદશાહોને અદેખાઇ ઉપજાવે તેવો એક પાણીદાર હીરો હતો. બાદશાહે તે હીરો લાવવાનું કામ જ તેને સોંપ્યું.

બે જ કલાકની અંદર રાક્ષસે હીરો લાવી બાદશાહના હાથમાં મૂક્યો. બાદશાહ ખૂબ ખુશી થયો. વીંટી અપાવવા તેને લઈ તે મહેલમાં આવ્યો. શાહજાદીએ તો એ આપવાની સાફ ના જ સુણાવી દીધી. બાદશાહ આથી ખૂબ ગુસ્સે થયો એટલે શાહજાદીને પણ ખૂબ ગુસ્સો ચડ્યો ને વીંટી ઉતારી ખૂબ જોરથી જમીન પર ફેંકી.


પણ ક્યાં? વીંટી તો ગેબ જ થઈ ગઇ! તેને બદલે થોડાક બાજરીના દાણા જમીન પર આમતેમ વેરાઇ પડ્યા. બીજી જ પળે રાક્ષસ પણ ચકલી બની એક પછી એક દાણા ચણવા મંડી ગયો. ત્યાં તો બાદશાહના પગ નીચેનો એક દાણો તરત બિલાડી બની કૂદી પડ્યો ને ચકલીને પીંખી મારી નાખી.

હજુ બાદશાહનું આશ્ચર્ય ઊડ્યું જ ન હતું ત્યાં તો બિલાડીને બદલે એક સુંદર યુવાન તેમની સામે ખડો થયો. એ જ શંકર! તેણે પોતાના વીતકની બધી વાત બાદશાહને અથેતિ જણાવી દીધી ને પોતાને તથા ગેમાને તેની નોકરીમાં રાખવા અરજ કરી.

બાદશાહે તે ખુશીથી સ્વીકારી. તેની બજાવેલી કામગીરી તેને દિવસોદિવસ એટલો તો ખુશ કરતી ગઇ કે પોતાને છોકરો ન હોતાં શાહજાદી સાથે શંકરને પરણાવી રાજ પણ તેને સોંપી દીધું.

બુઢ્ઢા ગેમાના આનંદનો તે દિવસે પાર જ નહોતો રહ્યો.

(સૂચિત)



શોષણક્રિયાની થોડીક સમજણ

વાદળી પાણીને શોષે છે તેમ જ શાહીચૂસ શાહીને ચૂસે છે ને દીવાની બત્તી તેલને શોષે છે. આ ક્રિયાને વિજ્ઞાનની ભાષામાં કેશાકર્ષણ અથવા Capillary Attraction કહે છે.

નાના વેહવાળી એક નળીને પાણીમાં મૂકીએ તો આ નિયમ અનુસાર જ પાણી તેમાં ઊંચું ચડશે. જેમ વેહ વધુ નાનો તેમ તેમાં પાણી વધુ ભરાશે. વાદળી અને શાહીચૂસની રચના નાની કેશનળીઓવાળી જ હોઇ પ્રવાહીમાં તે બોળતાં જ તે તેમાં ભરાઇ જાય છે.

કેશાકર્ષણનો આ નિયમ સમજવા ઘેર બેઠાં પણ આપણે અખતરા કરી શકીએ. તેમાંનો સાદામાં સાદો એ કે એક શાહીચૂસ પર શાહીનાં બેત્રણ ટીપાં પડવા દેવાં. હળવેહળવે કેશાકર્ષણના નિયમને અનુસાર શાહી તે પર પસરતી જશે. (જુઓ ઉપર આકૃતિ ૧) શાહીને બદલે મોરથુથુ અથવા તાંબાનો ક્ષાર વાપરીએ તો વળી જુદી જ અસર થતી જણાશે તે પસરી તો જશે જ, પણ તેની ઊલટી બાજુએ રંગનો જરા યે ડાઘ નહિ દેખાય, કારણકે રંગ બધો ગળાઈ જાય છે.

આકર્ષણના આ નિયમની મદદ લઇ ઝાડના કુંડાને પણ પાણી પાઇ શકાય છે. કુંડા નજીક પાણી ભરેલી એક તાસક રાખી તેમાંથી કપડાનો કકડો કે વાટ કુંડામાં લટકતી રાખવાથી તે પોતાની મેળે તાસકમાંનું પાણી ધીમેધીમે ઝાડને પાયા કરશે (આકૃતિ ૨)

જૂની ફોટોગ્રાફિક પ્લેટો જેવા બે કાચ લઇ તેના એક છેડાની વચમાં ઝીણી પેન્સિલ બાંધી બીજા છેડાને ચપ્પટ પકડી પ્લેટોને પાણીમાં બોળતાં તરત ચપ્પટ છેડા તરફ પાણી ઊંચું ચઢતું જણાશે. પાણીમાં રંગ નાખ્યો હોય તો આ અખતરો વધુ મજા આપે. (આકૃતિ ૩)

પાણીથી ભરેલા એક તાંબાના ત્રાંસમાં સાત છુટાંછુટાં બૂચ તમે નાખશો તો તરત તે આડા તરવા માંડશે. પણ આપણે એ સાતેને ઊભા પણ તરાવી શકીએ પહેલાં તો મેજ પર એક બૂચ ઊભો રાખી બાકીના છએ બૂચ તેની આસપાસ ગોઠવી દો. પછી એ બધાને ખૂબ મજબૂત પકડી એમ ને એમ પાણીમાં બૂડ ઝબોળી રાખો. બધા બરોબર ભીંજાઇ જાય એટલે પકડ છોડયા વગર તેમને સપાટી પર લાવો ને પછી હળવેથી પકડ મૂકી દો. હવે તે બધાં યે ઊભાં તરવા માંડશે! કારણ? કેશાકર્ષણના નિયમ મુજબ પાણી એ બૂચોમાં પ્રવેશી ચૂકયું છે ને સ્નેહાકર્ષણ (Cohesion) એ બધાંને સાથે પકડી રાખે છે. (આકૃતિ ૪)

એક સરખી પહોળાઈના બે કાચના સળિયા લો. એકને લૂછી તદ્દન સાફ કરી નાખો ને બીજા પર ગ્રીઝ ચોપડો. હવે પાણી ભરેલા વાસણમાં એ સળિયા પકડી યા લટકાવી રાખો તો વળી નવું જ કૌતુક જોશો. લૂછેલા સળિયાને અડતું પાણી આંતર્ગોળ (Concave) જણાશે જ્યારે ગ્રીઝવાળા સળિયાને અડતું પાણી બાહ્યગોળ (Convex) જણાશે. આ ફેરફારનું કારણ કેશાકર્ષણ ને પ્રતિઘાત (Repulsion) છે. (આકૃતિ ૫)

એવી જ રીતે એ સળિયાને બદલે કાચની બે નળીઓ આપણે પાણીમાં નાખીએ એક નાના વેહની ને બીજી મોટા વેહની. આપણને જણાશે કે પાણી તો બંને નળીમાં ચડે છે અને આંતર્ગોળ થઇને ચડે છે, પણ નાના વેહવાળીમાં તે વધુ ઊંચું ચડે છે. હવે એ જ નળીઓ પારામાં બોળીએ તો એથી ઉલટું જ પરિણામ જણાય છે. તેના પર દબાણ આવે છે એટલે તેનો ચઢણ પણ બાહ્યગોળ જ હોય છે, પાણીની પેઠે આંતર્ગોળ નહિ. (આકૃતિ ૬)

કેશાકર્ષણના આ નિયમથી આપણે ગંદા પાણીને શુદ્ધ પણ બનાવી શકીએ; કારણકે કપડાના કટકા કે વાટ મારફતે શોષાઇ આવેલું પાણી શુદ્ધ જ હોય છે. કચરો બધો ગળાઇ જાય છે. પ્રવાહીના અણુઓના પરસ્પરના આકર્ષણ ઉપર જ આ નિયમ ઊભો થયો છે.

જીવનનું પરોઢ

૫ એ દિવ્ય તપ

બાપુજી આ ત્રીજી વાર તો માત્ર બેચાર મહિના પૂરતો આંટો મારવા દક્ષિણ આફ્રિકા ગયા, પણ વિધિએ તેમને ત્યાં પૂરાં બાર વરસ રોક્યા. આ બાર વરસ એમના ઉગ્ર તપનાં હતાં.

તેત્રીસ વરસની ઉમર સુધી તેઓ સદ્‌ગૃહસ્થ હતા, ઉત્તમ વિદ્યાર્થી હતા, સાચા આર્ય હતા, તેજસ્વી વીર હતા, ખરા સાધક હતા અને એવું ઘણું યે હતા. એમ છતાં ગમે તેવા તો યે બધા જેવા માણસ હતા. પરંતુ તે પછીનાં બાર વરસનાં તપે કરી તેઓ સામાન્ય મનુષ્યોની કોટિથી સેંકડો ગણા ઊંચે ચડ્યા. માટીમાંથી માણસ બનાવવાની સિદ્ધિ તેમણે મેળવી.

એ ભવ્ય સમયે ફીનિક્સ ક્ષેત્રની સ્થાપના થઈ; ને એ તપની પૂર્ણાહુતિ પણ ફીનિક્સમાં જ થઈ. ફીનિક્સનાં સ્મરણોના આ સંગ્રહમાં પ્રકરણે પ્રકરણે એ પ્રચંડ તપની પાવક આભા સ્વાભાવિકપણે જ ઝળકશે. જોકે, ક્યાં એ મહા તપ અથવા ઉગ્ર કર્મયોગ અને ક્યાં આ લેખકની કેવળ બાળવયની તુષારબિંદુ જેટલી બુદ્ધિ! ઝાકળના મોતિયામાં સૂરજનું પ્રતિબિંબ પડીપડીને કેટલુંક પડે?

૩૪ વરસની વયના પ્રારંભમાં એટલે ૧૯૦૨ની આખરમાં બાપુજી પાછા નાતાલ આવ્યા. વિલાયતથી વસાહતી પ્રધાન બોઅર યુદ્ધની સમાપ્તીને અંગે આવેલા, તેમને દેશભાઇઓને નાતાલમાં પડતાં દુઃખોની ગાથા સંભળાવી. ત્યાર પછી સરકારે ટ્રાન્સવાલના દરવાજા બંધ રાખ્યા હતા, છતાં પોતાના જૂના ગોરા મિત્રોની મદદથી ત્યાંની રાજધાનીમાં છડેચોક જઇ ઊભા. અમલદારો બહુ રાતાપીળા થયા. બધા નવા હાકેમો હતા. તુમાખીનો પાર ન હતો. કેદીને જેલને દરવાજે બોલાવી સુપરિન્ટેન્ડેન્ટ ધમકાવી કાઢે તેમ બાપુને બોલાવી એક મામૂલી અમલદારે ધમકાવી ટ્રાન્સવાલમાંથી ચાલ્યા જવા કહ્યું. ચૅમ્બર્લેન સાહેબ પાસે જતાં અટકાવ્યા. આ કેમ સહેવાય? આવ્યા'તા મળવા ને બેઠા દળવા. ખરી રીતે પ્રધાન સાહેબના કાનમાં ટ્રાન્સવાલમાં પડતી હાડમારીની દુઃખગાથા પહોંચાડવા પૂરતા જ તેઓ મુંબાઇથી આવેલા. એટલું કરીને મહિના બે મહિનામાં દેશ પાછા જવાના હતા; પણ હવે તો ટ્રાન્સવાલમાં જ રહી જવાનું તેમણે નક્કી કર્યું. જોહાનિસબર્ગમાં વકીલાતની સનદ મેળવી ને એ સુવર્ણપુરીના અદાલતવાળા મોટા ચોક વચ્ચોવચ્ચ પોતાની કચેરી જમાવી. ગોરા લોકોને આ કાળો કૂલી બૅરિસ્ટર આંખનો કાંકરો થઇ પડ્યો. પણ કાયદો તેમની વહારે ન ધાયો. એ તો બાપુના સાચને જ તાબે રહ્યો. બૅરિસ્ટર તરીકેની ફી નહિ પણ નામનું મહેનતાણું લઇ પોતે એશિયાટિક ખાતા સામે ગરીબ દેશભાઇઓનું રક્ષણ કરવા માંડ્યું.

તે ખાતાના અમલદારો એક એક વ્યક્તિને તેનો હક બક્ષતાં પહેલાં દોઢદોઢ ને બબ્બે હજાર રૂપિયા ખીસામાં મારતા. ફક્ત ત્રીસ રૂપિયાની નિશ્ચિત ફી લઇ બાપુજીએ આવા લોકોને હક અપાવવાના દાવા રીતસર જીતી અપાવવા માંડ્યા. પછી ભલેને કોઇ દાવો કલાકમાં પતે કે કોઇને ત્રણ મહિના થાય! પણ ઠરાવેલા બે પૌંડ ઉપરાંત એક પેની પણ વધુ લેવાનો લોભ ન કર્યો.

બહારના આવા ગરમાગરમ કામમાં બીજો કોઇ જીવાનિયો હોય તો ક્યાંયે તણાઇ જાય. પણ બાપુજીનો સ્વાધ્યાય તો ઊલટો વધ્યો. આવી ધમાલ વચ્ચે તેમણે 'જિજ્ઞાસુમંડળ' સ્થાપ્યું. વિવેકાનંદનો રાજયોગ વાંચ્યો. પાતંજલ યોગદર્શન વાંચ્યું. અઢાર વરસની ઉમરે મૅટ્રિક થએલા ત્યારથી કટાતું પડેલું સંસ્કૃત તાજું કર્યું ને પહેલી વાર મૂળ સંસ્કૃતમાં ગીતા વાંચી. દાતણ કરતાં કરતાં તેર અધ્યાય સુધી ગીતા ગોખી પણ લીધી. તે ગોખણપટ્ટી મોઢાની કે કેવળ શોભાની ન હતી. તેમાં વારેવારે આવતાં, અમાન, અહિંસા, અભેદ, અપરિગ્રહ, અભય, અક્રોધ વગેરેના આદર્શો ઊંઘતાં ને જાગતાં તેમના મનમાં ઘોળાવા લાગ્યા.